મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !

مَنْ يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُّفَقِّهْهُ فِى الدِّيْنِ

بہارِ شریعت

# બહારે શરીઅત

## (ભાગ-૭)

:: ઉર્દૂમાં મૂળ લેખક ::

હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત **હઝરત મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી** આ'ઝમી, કાદરી રઝવી رحمۃ اللہ علیہ

:: અનુવાદકો ::

હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર કમરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા, નકશબંદી, મુજદિદી (મોડાસ્વી)

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

بِسْــمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ ﷺ


## સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન



કિતાબનું નામ : **બહારે શરીઅત**

(ભાગ સાતમો)

ઉર્દૂમાં મૂળ લેખક : *હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત* **મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી આ'ઝમી, કાદરી રઝવી** رحمۃ اللہ علیہ

અનુવાદકો : (૧) હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ **પીર કમરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)**

(૨) મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા નક્શબંદી, મુજદ્દિદી (મોડાસ્વી)

પેજીસ : ૬૪ ★ કિંમત : ★ નકલ : ૨૦૦૦

પ્રકાશન વર્ષ : ૬ રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૦

અંગ્રેજી તા. ૨૯–જુન–૨૦૦૯, વાર : સોમવાર

પ્રાપ્તિસ્થાન : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,

ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨

મો. ૯૪૨૭૪૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,

(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# બહારે શરીઅત ભાગ - ૭

(ગુજરાતી)

## અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | વિષય | પેજ નંબર | ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | નિકાહનું બયાન | ૧ | ૧૫ | વલીનુ બયાન | ૨૧ |
| ૨ | ફિકહી મસાઈલ | ૨ | ૧૬ | ફકહી મસાઈલ | ૨૧ |
| ૩ | નિકાહના અહકામ | ૨ | ૧૭ | કફ્વનું બયાન | ૨૭ |
| ૪ | નિકાહના મુસ્તહબો | ૩ | ૧૮ | નિકાહની વકાલત નુ બયાન | ૨૯ |
| ૫ | ઈજાબો કબૂલ ની શરતો | ૩ | ૧૯ | મહેરનુ બયાન | ૩૩ |
| ૬ | નિકાહ શબ્દ | ૪ | ૨૦ | સહીહ ખિલ્વત | ૩૬ |
| ૭ | નિકાહની શરતો | ૬ | ૨૧ | મેહરે મિસ્લનું બયાન | ૩૭ |
| ૮ | નિકાહનો વકીલ પોતે નિકાહ પઢાવે બીજા પાસે ના પઢાવે | ૭ | ૨૨ | મેહરે મુસમ્મા | ૩૯ |
| | | | ૨૩ | મહેરની જમાનત | ૩૯ |
| ૯ | મનકુહાનું નિર્ધારિણ | ૮ | ૨૪ | મહેરના પ્રકાર | ૩૯ |
| ૧૦ | ઈજાબ તથા કબૂલનું એક મજલિસમાં થવું | ૯ | ૨૫ | મહેરમાં મતભેદ | ૪૧ |
| | | | ૨૬ | પતિનું ઔરતના ત્યાં કાંઈ મોકલવું | ૪૧ |
| ૧૧ | ઈજાબ તથા કબૂલમાં વિરૂધ્ધતા ન થાય | ૯ | ૨૭ | લૌંડી-ગુલામના નિકાહ | ૪૩ |
| | | | ૨૮ | કાફિરના નિકાહ | ૪૭ |
| ૧૨ | મહર્રમાતનુ બયાન | ૧૦ | ૨૯ | વારો નિયુકત કરવું | ૫૧ |
| ૧૩ | મુસાહેરતનુ બયાન | ૧૧ | ૩૦ | પતિ-પત્નીના હક્કો | ૫૩ |
| ૧૪ | દુધના સબંધનું બયાન | ૧૮ | ૩૧ | શાદીના રિવાજો | ૫૬ |

# બહારે શરીઅત ભાગ-૭ ના અઘરા શબ્દોની સમજુતી

| પેજ નંબર | શબ્દ | ભાવાર્થ |
|---|---|---|
| ૧૨ | મુસાહેરત | સાસરીયા પક્ષનો સંબંધ |
| ૧૬ | મકાતિબા | આટલા રૂપીયા આપો તમે આઝાદ થાવ |
| ૧૬ | મુદબ્બેરાહ | મારા મૃત્યુ પછી આઝાદ |
| ૧૭ | કિતાબત | રકમ અદા કરવું |
| ૧૮ | શુબહેનિકાહ | નિકાની શંકા |
| ૧૮ | ઈસ્તિબરા | પાકી પ્રાપ્ત કરવું |
| ૨૩ | ઝવીલકુરૂસ | મીરાસનો હક્ક જે કુર્આનમાં નિયુકત છે. |
| ૨૩ | અસ્બાહ | મીરાસમમા જે હકક પામે છે. |
| ૨૩ | મૌલલમવાલી | ગુલામોનો માલિક |
| ૨૫ | ઝવીલ અરહામા | સગા સંબંધીઓ |
| ૨૮ | મોઅતુવ્વાહ | જેનાથી સોહબત થઈ ગઈ હોય |
| ૨૮ | ખ્યારે બુલુગ | બાલિગ થવા પછી નિકાહ ફસ્ખ કરવાનો અખત્યાર. |
| ૩૪ | કુઝૂલી | કોઈ વકીલે પરવાનગી વગર નિકાહ કરી દિધોતે |
| ૩૮ | કટખના | કરેડી ખાતું હોય તે. |
| ૪૧ | મજહુલુલજિન્સ | જેની જિન્સીયત (પ્રકાર)ખબર ન હોય |
| ૪૧ | માલુમુલજિન્સ | જેની જિન્સીયત (પ્રકાર)ખબર હોય |
| ૪૨ | મજહુલુલ વસ્ફ | જેની સિફ્ત ખબર ન હોય |
| ૪૨ | જિન્સુલ વસ્ફ | જેની સિફ્ત બયાન કરી દિધી હોય |
| ૪૨ | મોઅજ્જલ | જે તરતજ અદા કરી દેવામાં આવે |
| ૪૨ | મોવજ્જલ | જે વિલંબથી અદા કરવામાં આવે |
| ૪૨ | મુતલક | કોઈ બંધન ન હોય તે |
| ૪૭ | માઝૂન | તે પુરૂષ જેને ઈઝાઝત આપવામાં આવી હોય |
| ૪૭ | મઅઝૂનહ | તે સ્ત્રી જેને ઈજાજત આપવામાં આવી હોય |
| ૪૭ | મધ્યુનહ | તે સ્ત્રી જેના પર કરજ હોય |
| ૬૧ | બટના | ઉપટન |

## નિકાહનું બયાન

અલ્લાહ અઝવજલ્લ ફરમાવે છે.

**ફન્કેહુ માતાબ લકુમ મિનન્નિસાએ મસ્ના વાસોલાસા વ રોબાઆ ફઈન ખિફતુમ અલ્લા તઅદેલુ ફવા હેદતલ**

**તરજુમો :** નિકાહ કરો જે તમને ખૂશ આવે (પસંદ પડે તેવી) ઓરતોથી બે બે અને ત્રણ ત્રણ અને ચાર ચાર અને જો એ ડર હોય કે ઈન્સાફ કરી શકશો નહિ, તો એક થીજ(કરો).

અને ફરમાવે છે

**વ અન્કેહુલ્અયામા મિન્કુમ વસ્સાલેહિના મિન ઈબાદેકુમ વ એમાએકુમ અંય યકુનૂ ફોકરાઆ યુગ્નેહોમુલ્લાહો મિન ફદલેહિ વલ્લાહો વાસેઉન અલીમ. વલ્યસ્તઅ ફીફિલ્લઝીના લા યજેદુના નિકાહન હત્તા યુગ્નેહોમુલ્લાહો મિન ફદલેહિ**

**તરજુમો :**પોતાના ત્યાંની પતિ વગરની ઓરતોનો નિકાહ કરીદો અને પોતાના નેક ગુલામો અને બાંદીઓ (દાસીઓ)નો જો તે મેહતાજ હોય તો, અલ્લાહ પોતાના ફઝલના કારણે તેમને ગની(માલદાર)કરી દેશે, અને અલ્લાહ વસુઅત(વિશાળતા)વાળો ઈલ્મવાળો છે. અને જોઇ એકે પારસાઇ (પવિત્રતા) કરે તેઓકે નિકાહની શક્તિ ધરાવતા નથી, ત્યાં સુધી કે અલ્લાહ પોતાના ફઝલ (કૃપા)થી તેમને મકદુર(સામર્થ્ય) વાળા કરી દે.

## નિકાહનાં ફઝાઇલ અને નેક ઔરતની ખૂબીઓ :

**હદીસ (૧) :** બુખારી, મુસ્લિમ, અબૂદાઉદ, તિરમીઝી તથા નિશાઇ અબ્દુલ્લાહ બિન મસઊદ રદીયલ્લાહો અન્હોથી રાવી કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : "હે જવાનો તમારામાં જે કોઇ નિકાહની શક્તિ ધરાવે છે તે નિકાહ કરે. તે અજાણી(પારકી) ઔરત પ્રત્યે દ્રષ્ટિ કરવાથી આંખને રોકનાર છે અને શર્મગાહ(ગુપ્તાંગ)નુ રક્ષણ કરનાર છે અને જેનામાં નિકાહની ક્ષમતા નથી તે રોઝા રાખે કે રોઝા શહવત(કામવાસના)ને રોકનાર છે.

**હદીસ (૨) :** ઈબ્ને માજા અનસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે, હુઝૂર અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. જે ખુદાથી પાક તથા સાફ થઇને મળવા ઇચ્છે તે આઝાદ(લોંડીનહી) ઔરતથી નિકાહ કરે.

**હદીસ (૩) :** બયહકી અબુહુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમમેં ફરમાવ્યું જે શખ્સ મારા તરીકાને પ્રિય રાખે, તે મારી સુન્નત પર ચાલે અને મારી સુન્નતથી નિકાહ છે.

**હદીસ (૪) :** મુસ્લિમ તથા નિસાઇ અબ્દુલ્લાહબિન અમ્ર રદીયલ્લાહો અન્હોથી રાવી કે, હુઝુરે ફરમાવ્યું "દુનિયામતાઅ (વાપરવાની વસ્તુ) છે અને દુનિયાની ઉત્તમ મતાઅ(સંપત્તિ) નેક ઔરત છે.

**હદીસ (૫) :** ઇબ્નેમાજામાં અબુઓમામા રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમ ફરમાવતા હતા કે તકવા પછી મોમિન માટે નેક (સદાચારી) પત્નીથી ઉત્તમ કોઇ વસ્તુ નથી, જો તેને હુકમ કરે છે તો તે આજ્ઞાપાલન કરે છે અને તેને જુએ તો ખુશ કરી દે અને તેના પર સૌગંદ ખાઇલે તો સોગંદસાચા કરીદે અને ક્યાંક ચાલ્યો જાય તો પોતાના નફસ(મન) અને પતિનામાલમાં ભલાઇ કરે (ખ્યાનત તથા નષ્ટ ન કરે)

**હદીસ (૬) :** તિબ્રાની કબીર તથા ઓસતમાં ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથીરાવી કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમે ફરમાવ્યું- જેને ચાર વસ્તુઓ મળે તેને દુનિયા તથા આખિરત (આલોક તથા પરલોક) ની ભલાઇ મળી તે આ છે. (૧) શુક્રગુઝાર (આભારી) દિલ (૨) ખુદાને યાદ કરનાર જીભ (૩) મુસીબતો પર સબ્ર કરનાર શરીર અને (૪) એવી પત્ની કે પોતાના નફસ અને પતિના માલમાં ગુનાહની શોધનાર ન હોય.

**હદીસ (૭) :** ઈમામ અહમદ બઝઝાઝ તથા હાકિમ સંઅદબિન અબી વક્કાસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમે ફરમાવ્યું, ત્રણ-વસ્તુઓ આદમીના સદભાગ્ય પૈકી છે અને ત્રણ વસ્તુઓ દુર્ભાગ્ય પૈકી છે સદભાગ્યની બસ્તુઓમાં નેક (સદાચારી)ઔરત અને સારુ મકાન (અર્થાત વિશાળ અથવા તેના પાડોસી સારા હોય) અને સારી સવારી અને દુર્ભાગ્યની વસ્તુઓ બદ (ખરાબ) ઔરત, ખરાબ મકાન; ખરાબ સવારી.

**હદીસ (૮) :** તિબ્રાની તથા હાકિમ અનસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝુરે ફરમાવ્યું જેને અલ્લાહે નેક (સદાચારી) પત્ની આપી તેના અર્ધાદીન

(મઝહબ) પર સહાયતા કરી તો બાકીના અર્ધા (દીન) માં અલ્લાહથી ડરે. (તકવો પરહેઝ ગારી કરે)

**હદીસ (૯) :** બુખારી, મુસ્લિમ, અબુદાઉદ, નિસાઇ તથા ઇબ્ને માજા અબુહરૈરહ રદીયલ્લાહો અન્હો થી રાવી કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમે ફરમાવ્યું : સ્ત્રી થી નિકાહ ચાર વાતોના કારણે કરવામાં આવે છે. (નિકાહમાં તેમનો લેહાઝ હોય છે.)(૧) માલ (૨) હસબ (૩) સૌંદર્ય અને (૪) દીન, અને તું દીનવાળીને પ્રધાનતા આપ.

**હદીસ (૧૦) :** તિરમિઝી, ઇબ્નેહબ્બાન તથા હાકિમ અબુ હુરૈરહ રહીયલ્લાહો અનેહોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમે ફરમાવ્યું : ત્રણ શખ્શોની અલ્લાહતાલા મદદ કરશે (૧) અલ્લાહની રાહમાં જેહાદ કરનાર (૨) તે મકાતિબ કે જે અદાકરવા નો ઇરાદો ધરાવતો હોય તે (૩) પારસાઇ (પવિત્રતા) ના ઇરાદાથી નિકાહ કરનાર.

**હદીસ (૧૧) :** અબુદાઉદ, ાનેસાઇ તથા હાકિમ મઅકલબિન યસા રદીયલ્લાહો અન્હોથી રાવી કે એક શખ્સે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમની ખિદમતમાં હાઝર થઇને અરજ કરી યા રસુલલ્લાહ હું ઇઝઝત તથા પદવી તથા માલ વાળીએક સ્ત્રી પામ્યો પરંતુતેને બાળક થતું નથી, શુંહુ તેનાથી નિકાહ કરી લઉ ?. હુઝુરે મના કર્યુ. ફરી બીજી વખત હાજર થઇને અરજ કરી આપે ઇર્શાદ ફરમાવ્યો-તેવી સ્ત્રી સાથે નિકાહ કરો જે મહોબ્બત કરનાર, કે બાળકનો જન્મ આપનાર હાય કે હું તમારા સાથે બીજી ઉમ્મતો પર અધિકતા જાહેર કરનાર હોઉ.

**હદીસ (૧૨) :** ઇબ્ને અબીહાતિમ અબુબકર સિદ્દીક રદીયલ્લાહો અન્હોથી રાવી, તેમણે ફરમાવ્યું કે, અલ્લાહે તમને નિકાહનો જે હુકમ ફરમાવ્યો છે તમે તેનું આજ્ઞા પાલન કરો, તેણે જે ગની (મોહતાજી થી દુર) કરવાનો વાયદો કર્યો છે પૂર્ણ કરશે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું- જો તે ફકીર (નિર્ધન) હશે તો અલ્લાહ તેમને પોતાના ફઝલ(કૃપા) થી ગની (મોહતાજી દુર) કરી દેશે.

**હદીસ (૧૩) :** અબુયઅલા, જાબીર રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુર ફરમાવે છે. જ્યારે તમો પૈકી કોઇ નિકાહ કરે છે તો શયતાન કહે છે-હાય અફસોસ, ઇબ્નેઆદમે (માણસે) મારાથી પોતાનો બે તૃતીંયાસ(૨/૩) દીન બચાવી લીધો.

**હદીસ (૧૪) :** એક રિવાયતમાં છે કે આપ પરમાવે છે કે, જે એટલો માલ ધરાવે છે કે નિકાહ કરી લે, પછી જો નિકાહ ન કરે તો તે અમારા પૈકા નથી.

## -: ફિક્હી મસાઇલ :-

નિકાહ તે લગ્નને કહે છે, જે આટલા મારે નિયુક્ત કરવામાં આવ્યું છે કે, પુરુષને સ્ત્રીથી સંભોગ વિગેરે હલાલ થઇ જાય.

**મસ્અલા (૧) :** "ખુન્શા મુશ્કિલ" અર્થાત જેનામાં પુરુષ તથા સ્ત્રી બન્નેના ચિન્હો જોવામા આવે અને એ પુરવાર થઇ ન શકે કે પુરુષ છે કે સ્ત્રી, તેનાથી ન પુરુષનો નિકાહ થઇ શકે છે ન સ્ત્રીનો. જો કરવામા આવ્યો તો બાતિલ(રદ) છે હાજો નિકાહ પછી તેનુ સ્ત્રી હોવુ નિશ્ચત થઇ જાય અને નિકાહ પુરુષ થી થયો છે તો સહીદ (ઉચિત) છે. એવીજ રીતે જો સ્ત્રીથી નિકાહ થયો અને તેનું પુરુષ હોવુ ઠર્યુ, તો ખુન્શા મુશ્કિલથી પણ થઇ શકતો નથી, હા એ હાલતમા થઇ શકે છે કે જો એકનું પુરુષ હોવું, બીજાનું સ્ત્રી હોવું પ્રમાણિત હોવું થઇ જાય.(રદદુલ મુહતાર)

**મસ્અલા (૨) :** પુરુષનો પરીથી અથવા સ્ત્રીનો જિંનથી નિકાહ થઇ શકતો નથી. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩) :** અવામ (લોકો) માં જે મશહુર છે કે બનમાનસ (જંગલી માનવી) આદમીના સ્વરુપનું એક જાનવર હોય છે, જો ખરેખર છે, તો તેનાથી પણ નિકાહ થઇ શકતો નથી કે તે માનવી નથી, જેવું કે પાણીનો માનવી કે તે જોવામા સાવ માનવી જણાય છે અને વાસ્તવમાં તે માનવી નથી.

## : નિકાહના અહકામ :

**મસ્અલા (૪) :** સંતુલનની સ્થિતિમાં અર્થાત ન શહવત (કામવાસના) નો અધિક ગલબો હોય ન નાર્મદ હોય અને મહર તથા નફકા (ખાદ્યા ખોરાકી) પર શક્તિમાન પણ હોય તો નિકાહ 'સુન્નતે મોઅકકદા' છે કે નિકાહ ન કરવા પર અડી રહેવુ ગુનોહ છે. અને જો હરામ થી બચવા અથવા સુન્નતનું અનુસરણ તથા હુકમનું પાલન અથવા ઔલાદ પ્રાપ્ત થવું હેતુ છે તો સવાબ પણ

પામશે, અને જો કેવળ લિઝઝત અથવા શહવત પ્રાપ્તિ । એક તરફથી હાલ (વર્તમાન) નો સેગો હોય બીજી તરફથી માજીનો (ભૂતકાળ) દા.ત. કહે તુ મારી થી પોતાનો નિકાહ કરે છે. તેણીએ કહ્યું : કર્યો તો નિકાહ થઇ ગયો અથવા એમ કહે કે હું તારાથી નિકાહ કરું છું, તેણે કહ્યું મેં કુબૂલ કર્યું , તો નિકાહ થઇ જશે. આ બંને હાલતોમાં પ્રથમ શખ્સને તેની જરુરત નથી કે કહે કે મેં કુબૂલ કર્યું અને જો કહ્યું તેં પોતાની પુત્રીનો મારાથી નિકાહ કરી દીધો, તેણે કહ્યું કરી દીધો, અથવા કહ્યું હા, તો જ્યાં સુધી પ્રથમ શખ્સ એમ ન કહે કે મેં કબૂલ કર્યો, નિકાહ થશે નહી. અને એ શબ્દોથી કે નિકાહ કરીશ અથવા કુબૂલ કરીશ તો આવા શબ્દોથી નિકાહ થઇ શકતો નથી. (દુર્રે મુખ્તાર, આલમગીરી વિગેરે)

**મસ્અલા (૧૪)** : કેટલાક એવા સ્વરુપો પણ છે કે જેમાં એકજ શબ્દથી નિકાહ થઇ જાય. દા.ત. કાકાની નાબાલિગ (અપુખ્ત) છોકરીથી નિકાહ કરવા ઇચ્છે છે, જે બાલિગ થયેલના હોય, (જેણીનો માસિક આવતુ ન હોયતે) અને વલી પોતેજ છે તો બે ગવાહો સમક્ષ એટલું કહી દેવું કાફી છે કેં મેં તેનાથી પોતાનો નિકાહ કર્યો અથવા છોકરો છોકરી બન્ને નાબાલિગ છે અને એકજ શખ્સ બંને નો વલી છે અથવા પુરુષ-સ્ત્રીબંનેએ એક શખ્સને વકીલ બનાવ્યો, તે વલી અથવા વકીલે એમ કહ્યું કેમેં ફલાણાનો ફલાણી સાથે નિકાહ કરી દીધો તો નિકાહ થઇ ગયો. સઘળા સ્વરુપોમાં કુબૂલની કાંઇ હાજત નથી. (જવહરહ)

**મસ્અલા (૧૫)** : બંને હાજર છે, એકે એક કાગળ પર લખ્યું મેં તારાથી નિકાહ કર્યો, બીજા એ પણ લખીને આપ્યું અથવા જીભથી કહ્યું મેં કબુલ કર્યું. નિકાહ થયો નહી. અને જો એક હાજર છે બીજો ગાઇબ (ગેરહાજર) તે ગાઇબે લખી મોકલ્યું, આ હાજરે ગવાહો સમક્ષ વાંચ્યું અથવા કહ્યુ- ફલાણાએ આમ લખ્યું, મેં પોતાનો નિકાહ તેનાથી કર્યો તો નિકાહ થઇ ગયો. અને જો તેનુ લખેલું સંભળાવ્યું નહી, બતાવ્યું નહી, ફક્ત એટલું કહી દીધું કે મેં તેનાથી પોતાનો નિકાહ કરી દીધો તો નિકાહ થયો નહી, હા,જો તેમાં અમર નો શબ્દ હતો દા.ત. તુ મારાથી નિકાહ કર, તો ગવાહોને પત્ર સંભળાવવા અથવા લખાણ બતાવવાની હાજત નથી અને જો તે હાજરે તેના જવાબમા જીભથી કાંઇ કહ્યું નહી બલ્કે તે શબ્દો લખી દીધા તો પણ નિકાહ થયો નહી. (રદદુલમુહતાર)

**મસ્અલા (૧૬)** : ઓરતે પુરૂષને ઇજાબ ના શબ્દો કહ્યા પુરૂષે તેના જવાબમાં કબૂલ ના શબ્દો કહ્યા નહી, અને મહેરના રૂપીયા આપી દીધા તો નિકાહ થયો નહી. (રદદુલમુહતાર)

**મસ્અલા (૧૭)** : એ ઇકરાર (સ્વીકાર) કે મારી પત્ની છે. નિકાહ નથી. અર્થાત જો અગાઉથી નિકાહ થયો ન હતો તો કેવળ આ ઇકરાર નિકાહ ઠરશે નહી. અલબત્ત કાઝી સમક્ષ બંને એવો ઇકરાર કરે તો તે હુકમ આપી દેશે કે આ પતિ-પત્ની છે અને જો ગવાહો સમક્ષ ઇકરાર કર્યો ગવાહો એ કહ્યું તમે બંને એ નિકાહ કર્યો તેમણે કહ્યું હા, તો નિકાહ થઇ ગયો. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૧૮)** : નિકાહની ઇઝાફત (સંબંધ) કુલ તરફથી હોય અથવા એવા અવયવ તરફથી જેને બોલીને કુલ (તમામ) મુરાદ લઇ એ છીએ, દા.ત., મસ્તક તથા ગર્દન તોજો એ કહ્યું કે, અર્ધાથી નિકાહ કર્યો તો નિકાહ થયો નહી. (દુર્રે મુખ્તાર વિગેરે)

## : નિકાહ શબ્દ :

**મસ્અલા (૧૯)** : નિકાહ શબ્દ બે પ્રકારનો છે, એક શરીહ (સ્પષ્ટ) આ કેવળ બે શબ્દ છે નિકાહ તથા તઝવુજ (શાદી કરવું) બાકીના કિનાયા (સંકેત) છે. કિનાયા શબ્દમાં તે શબ્દોથી નિકાહ થઇ શકે છે જેનાથી વસ્તુ પોતે માલિકી માં આવી જાય છે. દા.ત. હિબા (બક્ષીસ) તમલીક (માલિકબનાવી દેવું).અતીયહ સદકહ, ભેટ, વેચાણ, ખરીદવેચાણ, પરંતુ તેમા અનુમાનની જરૂરત છે કે ગવાહો તેને નિકાહ સમજે.(દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૨૦)** : એક શખ્સે બીજા શખ્સને કહ્યું મેં પોતાની આ લોંડી (દાસી)તને હિબાકરી, તો જો એ જણાય છે કે નિકાહ છે. દા.ત. ગવાહો ને બોલાવી તેમની સમક્ષ કહેવુ અને મહેર નો ઉલ્લેખ વિગેરે કરવું તો આ નિકાહ થઇ ગયો. અને જો અનુમાન ન થાય પરંતુ તે કહે છે કે, મેં નિકાહ મુરાદલીધું હતું અને જેને હિબા કરી તે તેની પુષ્ટી કરે છે, તો પણ નિકાહ છે. અને જો તે પુષ્ટી નકરે તો હિબા ઠેરવવામા આવશે અને આઝાદ ઔરત (જેદાસી ના હોયતે) સંબંધે આ શબ્દો કહ્યા તો નિકાહજ છે. અનુમાનની હાજત નથી, પરંતુ જ્યારે તેવો અંદાજ જોવામાં આવે જેનાથી જણાય છે કે નિકાહ નથી તો નિકાહ નથી દા.ત. મઆઝઅલ્લાહ (ખુદાની પનાહ) કોઇ સ્ત્રીથી ઝિનાની દરખાસ્ત કરી,તેણે કહ્યું મેં પોતાને તને હિબા

કરી દીધી તેણે કહ્યું કબૂલ કરી, તો નિકાહ થયો નહી, અથવા છોકરીના બાપે કહ્યું આ છોકરી ખિદમત માટે મેં તને હિબા કરી દીધી તેણે કબૂલ કર્યુ, તો આ નિકાહ નથી, પરંતુ જયારેકે આ શબ્દથી તે નિકાહ મુરાદ લીધું તો નિકાહ થઇ જશે. (આલમગીરી, રદદુલમુહતાર)

**મસ્અલા (૨૧) :** ઔરતને કહ્યું તુ મારી થઇ ગઇ, તેણએ કહ્યું હા, અથવા કહ્યું હું તારી થઇ ગઇ અથવા ઔરતને કહ્યું આટલાના બદલામાં તુ મારી પત્ની થઇજા, તેણે કબૂલ કર્યું અથવા ઔરતે પુરૂષને કહ્યું મેં તારાથી પોતાની શાદી કરી, પુરૂષે કબૂલ કર્યું અથવા પુરૂષે ઔરતને કહ્યું તેં પોતાને મારી પત્ની બનાવી તેણે કહ્યુ બનાવી તો આ સઘળી હાલતો માં નિકાહ થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા (૨૨) :** જે ઔરતેને "બાઇન તલાક" આપી છે તેણે ગવાહો સમક્ષ કહ્યું મેં પોતાને તારા પ્રતિ પાછી ફેરવી, પુરૂષે કબૂલ કર્યું તો નિકાહ થઇ ગયો, (આલમગીરી) અજનબી (પરાઇસ્ત્રી) જો આ શબ્દો કહે તો નિકાહ થશે નહી.

**મસ્અલા (૨૩) :** કોઇએ બીજાને કહ્યું તેને ઉપાડી લઇજા અથવા તુ જ્યા ઇચ્છે લઇ જા તો નિકાહ થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૨૪) :** એક શખ્સે મંગની (વિવાહ) નો પૈગામ કોઇ ની પાસે મોકલ્યો, સંદેશો લઇ જનારાઓ એ ત્યાં જઇ ને કહ્યું તેં પોતાની પુત્રી અમને આપી. તેણે કહ્યું આપી. નિકાહ થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૨૫) :** છોકરીના બાપે ગવાહોને કહ્યું મેં પોતાના પુત્રનો નિકાહ ફલાણા ની પુત્રી સાથે આટલી મહેર થી કરી દીધો, તમે ગવાહ થઇ જાવ, પછી છોકરીના બાપને કહેવામા આવ્યું, શુ આવું નથી ? તેણે કહ્યું એવુંજ છે, અને તે સિવાય કાંઇ કહ્યું નહી,તો સારૂં એ છે કે નિકાહની તજદીદ (પુનરાવર્તન) કરવામા આવે. (આલમગીરી)

**મસ્અલા (૨૬) :** છોકરાના બાપે છોકરીના બાપ પાસે પૈગામ મોકલાવ્યો તેણે કહ્યું મેં તો તેનો નિકાહ ફલાણા સાથે કરી દીધો છે. તેણે કહ્યું નહી,(આવાત ખોટી છે) તો તેણે કહ્યું જો મેં તેનાથી નિકાહ ન કર્યો હોય તો તારા પુત્રથી કરી દીધો. તેણે કહ્યું મેં સ્વીકાર કર્યો પાછળથી ખબર પડી કે તે છોકરીનો નિકાહ કોઇથી થયો ન હતો તો નિકાહ સહીહ થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા (૨૭) :** ઔરતે પુરૂષને કહ્યુ મેં તારાથી પોતાનો નિકાહ કર્યો, એ શરતે કે મને અખત્યાર છે કે જયારે ઇચ્છુ પોતાને તલાક આપી દઉં. પુરૂષે સ્વીકાર કર્યો તો નિકાહ થઇ ગયો અને ઔરત ને અખત્યાર રહ્યો કે જયારે ઇચ્છે પોતાને તલાક આપી લે. (આલમગીરી)

**મસ્અલા (૨૮) :** નિકાહમા ખેયારે રુયત (જોઇને પસંદ પડવાની શરત), ખેયારે ઐબ (એબ સંબંધી પસંદગી) ખ્યારે શરત સર્વથાથી ભલે પુરૂષને ખ્યાર (ઇખત્યાર પસંદગી) હોય કે સ્ત્રીને માટે અથવા બંને માટે, ત્રણ દિવસનો ખ્યાર હોય કે ઓછા કે અધિક નો દા.ત. આંધળા, લંગડા ન હોવાની શરત રાખી અથવા એ શર્ત કરી કે સૌંદર્યવાન હોય અને તેના વિરૂધ્ધ નિકળ્યું અથવા પુરૂષે શરત કરી કે કુંવારી હોય અને છે તેનાથી વિરુધ્ધ, તોનિકાહ થઇ જશે અને શરત રદ બાતિલ ઠરશે. એવીજ રીતે ઔરતે શર્ત રાખી કે પુરૂષશહેરી હોય અને નિકળ્યો ગામડીયો તો જો કુફવ (સમકક્ષ) છે તો નિકાહ થઇ જશે અને સ્ત્રીને કાંઇ અખત્યાર નથી.અથવા એ શરતે નિકાહ થયો કે બાપને અખત્યાર છે તો નિકાહ થઇ ગયો અને તેને અખત્યાર નથી, (આલમગીરી)

**મસ્અલા (૨૯) :** નિકાહમા મહેરનો ઉલ્લેખ થાય તો ઇજાબ ત્યારે પુરો થશે કે મહેરનો પણ ઉલ્લેખ કરીલે, દા.ત. એમ કહતો હતો કે ફલાણી ઔરત તારા નિકાહમાં હજાર રૂપીયાના બદલામાં આપી અને મહેરના ઉલ્લેખથી પહેલા તેણે કહ્યું મેં કબૂલ કરી, તો નિકાહ થયો નહી કે હજુ ઇજાબ પૂરો થયો ન હતો અને જો મહેરનો ઉલ્લેખ થતો નહી તો નિકાહ થઇ જાત. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩૦) :** કોઇ શખ્શે છોકરીના બાપને કહ્યું હું તારા પાસે એટલા માટે આવ્યો છું કે તુ પોતાની છોકરી નો નિકાહ મારી સાથે કરી દે. તેણે કહ્યું મેં તેને તારા નિકાહમાં આપી નિકાહ થઇ ગયો. કુબૂલ ની પણ હાજત નથી બલ્કે તેને હવે એ અખત્યાર નથી કે કબૂલ ન કરે, (રદદુલમુહતાર)

**મસ્અલા (૩૧) :** કોઇએ કહ્યું તેં તારી છોકરી મને આપી, તેણે કહ્યું આપી, જો નિકાહની મજલિસ છે તો નિકાહ છે અને મંગણી છે (રદદુલમુહતાર)

**મસ્અલા (૩૨) :** ઓરતને પોતાની દુલ્હન અથવા પત્ની કહીને પોકારી, તેણે જવાબ આપ્યો તો તેનાથી

નિકાહ થયા નથી. (રદદુમુહતાર) નિકાહ માટેકેટલીક શરતો છે. તે નીચે મુજબ છે.

## : નિકાહની શરતો :

(૧) આકિલ (પાગલનાહોવું) હોવું , ગાંડા અથવા નાસમજ બાળકે નિકાહ કર્યો તો આયોજિત ન થયો (૨) બલુગ. (બાલિગ-પુખ્તવયના હોવું) ના બાલિગ જો સમજવાળો છે તો આયોજિત થઇ જશે. પરંતુ વલીની ઈજાઝત પર આધારિત રહેશે. (૩) ગવાહ હોવું અર્થાત ઈજાબ તથા કબુલ કરવુ બે પુરૂષ અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓના સામે થાય. ગવાહ આઝાદ. આકિલ, બાલિગ હોય અને સૌએ એક સાથે નિકાહના શબ્દ સાંભળ્યા. બાળકો અને પાગલોની ગવાહીથી નિકાહ થઇ શકતો નથી ન ગુલામની ગવાહીથી જો કે મુદહિર અથવા મકાતિબ હોય. મુસલમાન પુરૂષનો નિકાહ મુસલમાન ઔરત સાથે છે તો ગવાહોનુ પણ મુસલમાન હોવું પણ શરત છે. માટે મુસલમાન પુરૂષ તથા ઔરતનો નિકાહ કાફિરની શહાદત (ગવાહી) થી થઇ શકતો નથી અને જો કિતાબિયા (અહલે કિતાબ) થી મુસલમાન પુરૂષને નિકાહ થાય તો તે નિકાહના ગવાહ ઝિમ્મી કાફિર થઇ શકે છે. જોકે ઔરતના મઝહબના વિરૂધ્ધ ગવાહો નો મઝહબ હોય જેવુ કે ઔરત નસરાનીયા (ઇસાઇ)છે. અને ગવાહ યહુદી અથવા એથી ઉલટું હોય તો એવીજ રીતે કાફીર તથા કાફીરાનો નિકાહ હોયતો આનિકાહ ના ગવાહ કાફિર પણ થઇ શકે છે. ભલે બીજા મજહબ (ધર્મ) ના હોય.

**મસ્અલા (૩૩) :** સમંજવાળા બાળક અથવા ગુલામ સમક્ષ નિકાહ થયો અને નિકાહની મજલિસમાં તે લોકો પણ હતા જે નિકાહના ગવાહ થઇ શકે છે. પછી તે બાળક બાલિગ થઇને અથવા ગુલામ આઝાદ થયા પછી તે નિકાહની ગવાહી આપે કે અમારા સમક્ષ નિકાહ થયો અને તે સમયે આમારા સિવાય નિકાહમાં બીજા લોકો પણ ઉપસ્થિત હતા તેમની ગવાહીથી નિકાહ થયો તો તેમની ગવાહી માની લેવામાં આવશે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૩૪) :** મુસલમાનનો નિકાહ ઝિમ્મી છોકરી સાથે થયો અને ગવાહ ઝિમ્મી હતા, હવે જો મુસલમાને નિકાહથી ઇન્કાર કરી દીધો તો તેમની ગવાહીથી નિકાહ સાબિત થયો નહી, (દુર્રેમપખ્તાર)

**મસ્અલા (૩૫) :** કેવળ ઔરતો અથવા ખુન્સા(હિજડા, વ્યંઢળ) ની ગવાહી થી નિકાહ થઇ શકતો નથી, જ્યાં સુધી તેઓમાંના બેની સાથે એક પુરૂષ ન હોય. (ખાનિયહ)

**મસ્અલા (૩૬) :** સુઇ રહેલા સમક્ષ ઈજાબ તથા કબુલ થયું તો નિકાહ થયો નહિ. એવીજ રીતે જો બન્ને ગવાહ બહેરા હોય કે તેમણે નિકાહના શબ્દો સાંભળ્યા નહિ, તો નિકાહ થયો નહીં. (ખાનિયાહ)

**મસ્અલા (૩૭) :** એક ગવાહ સાંભળનાર છે અને એક બહેરો છે બહેરાએ સાંભળ્યું નહિ અને સાંભળનાર અથવા કોઇ બીજાએ જોરથી તેના કાનમાં કહ્યું. નિકાહ થયો નહિ, જ્યા સધી કે બન્ને ગવાહો એક સાથે નિકાહ વાળાથી ન સાંભળે.

**મસ્અલા (૩૮) :** એક ગવાહે સાંભળ્યું બીજા ગવાહે સાંભળ્યું નહી, પછી શબ્દોનું પુનરાવર્તન કર્યું, હવે બીજાએ સાંભળ્યુ પહેલાએ સાંભળ્યું નહી તો નિકાહ થયો નહિ. (ખાનિયાહ)

**મસ્અલા (૩૯) :** ગુંગા ગવાહ થઇ શકતા નથી કે જે ગુંગા હોય છે તે બહેરો પણ હોય છે. હા, જો ગુંગો હોય અને તે બહેરો નહોય તો નિકાહ થઇ શકે. (હિન્દીયા)

**મસ્અલા (૪૦) :** નિકાહ વાળા ગુંગા હોય તો નિકાહ ઇશારાથી થશે માટે આવા નિકાહનો ગવાહ ગુંગો થઇ શકે અને બહેરો પણ થઇ શકે છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૪૧) :** ગવાહ બીજા દેશના છે કે, અહીંયાની ભાષા સમજતા નથી તો જોતેઓ સમજી રહ્યા છેકે નિકાહ થઇ રહ્યો છે અને શબ્દો પણ સાંભળ્યા અને સમજ્યા અર્થાત તે શબ્દો જીભથી અદા કરી શકે છે. જોકે તેનો અર્થ સમજતા નથી તો નિકાહ થઇ ગયો. (ખાનિયહ, આલમગીરી, રદદુલ મુહતાર)

**મસ્અલા (૪૨) :** નિકાહ ના ગવાહ ફાસિક હોય કે આંધળા અથવા તેમના પર તોહમત ની હદ (શરઇ શિક્ષા દુર્રા વિગેરેને મારવાની) લગાવવામાં આવી હોય તો તેમની ગવાહીથી નિકાહ આયોજિત થઇ જશે, પરંતુ નિકાહ વાળામાથી જો કોઇ ઇન્કાર કરી બેસે તો તેમની શહાદત (ગવાહી) થી નિકાહ સાબિત થશે નહી. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૪૩) :** ઔરત અથવા પુરૂષ અથવા બન્નેના પુત્ર ગવાહ થયા તો નિકાહ થઇ જશે, પરંતુ પતિ પત્નીમાંથી જો કોઇએ નિકાહનો ઇન્કાર કરી દીધો તો તે છોકરાઓની ગવાહી તેમના બાપ અથવા માં ના હકકમાં ફાયદામંદ નથી, દા.ત. પુરૂષના છોકરા ગવાહ હતા અને સ્ત્રી નિકાહનો ઇન્કાર કરે છે. હવે પતિ એ પોતાના પુત્રોને ગવાહી માટે રજુ કર્યો તો તેમની ગવાહી પોતાના બાપ માટે માનવામાં આવશે નહિ. અને જો તે બન્ને ગવાહ બન્નેના પુત્રો હોય અથવા એક નો એક બીજો બીજાનો તો તેમની ગવાહી કોઇના માટે માનવામાં આવશે નહિ. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૪૪) :** કોઇએ પોતાની બાલિગ પુત્રી નો નિકાહ તેની ઇજાઝતથી કરી દીધો અને પોતાના પુત્રોને ગવાહ બનાવ્યા હવે છોકરી કહે છે મેં ઇજાઝત આપી નથી અને તેના બાપ કહે છે. ઇજાઝત આપી છે. તો છોકરાઓની ગવાહી કે ઇજાઝત આપી હતી, સ્વીકૃત નથી. (ખાનિયહ)

**મસ્અલા (૪૫) :** એક શખ્સે કોઇને કહ્યું કે મારી નાબાલિગ છોકરીનો નિકાહ ફલાણા સાથે કરી દે, તેણે એક ગવાહ સમક્ષ નિકાહ કરી દીધો તો જો છોકરી નો બાપ નિકાહના સમયે હાજર હતો તો નિકાહ થઇ ગયો કે તે બન્ને ગવાહ બની જશે અને બાપ નિકાહ કરાવનાર. અને હાજર ન હતો તો નિકાહ થયો નહિ.એવી જ રીતે જો બાલિગ (પુખ્ત વયની છોકરી) નો નિકાહ તેની ઇજાઝતથી બાપે એક શખ્સની સમક્ષ પઢાવ્યો, જો છોકરી નિકાહના સમયે હાજર હતી તો નિકાહ થઇ ગયો નહિ તો થયો નહિ. એવીજ રીતે જો ઔરત કોઇને પોતાના નિકાહનો વકીલ બનાવ્યો, તેણે એક શખ્સ સમક્ષ નિકાહ પઢાવી દીધો તો જો વકીલ બનાવનાર હાજર છે તો નિકાહ થઇ ગયો નહિતર થયો નહિ, ખુલાસો એક વકીલ બનાવનાર જો નિકાહના સમયે હાજર છે. તો જોકે વકીલ નિકાહ કરાવી રહ્યો છે. પરંતુ વકીલ બનાવનાર નિકાહ પઢનાર ઠરશે અને વકીલ ગવાહ પરંતુ એ જરૂરી છે કે ગવાહી આપતી વેળા જો વકીલે કહ્યું, મેં પઢાવ્યો છે તો શહાદત અસ્વી કૃત છે કે, તે પોતે પોતાના કાર્યની શહાદત થઇ. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૪૬) :** માલિક પોતાનિબ્બાંદી (દાસી) અથવા ગુલામનો એક શખ્સની સામે નિકાહ કર્યો તો જોકે તે હાજર હોય નિકાહ થયો નહિ અને જો તેણે નિકાહની ઇજાઝત આપી દીધી, પછી તેની હાજરીમાં એક શખ્સ સમક્ષ નિકાહ કર્યો તો તે થઇ જશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪૭) :** ગવાહોનુ ઇજાબ તથા કબુલ વેળા હાજર હોવુ શર્ત છે. જો નિકાહ ઇજાઝત પર નિર્ભર છે અને ઇજાબ તથા કબુલ ગવાહો સમક્ષ થયા અને ઇજાઝતના સમયે હાજર ન હતા, નિકાહ થઇ ગયો અને તેના પ્રતિરૂપ થયું તો થયો નહિ. (આલમગીરી)

**મસ્અલા (૪૮) :** ગવાહી તેનેજ નહી કહેતા જે શખ્સ નિકાહની મજલિસમાં નિયુકત કરી લેવામાં આવે છે, બલ્કે તે સઘળા હાજરજનો ગવાહ છે જેમણે ઇજાબ તથા કબુલ સાંભળ્યું. જો શહાદતના યોગ્ય હોય તો.

**મસ્અલા (૪૯) :** એક ઘરમાં નિકાહ થયા અને ત્યાં ગવાહ નથી, બીજા મકાનમાં કેટલાક લોકો છે જેમને તેમણે ગવાહ બનાવ્યા નથી પરંતુ તેઓ ત્યાંથી સાંભળી રહ્યાં છે, જો તે લોકો તેમને દેખી પણ રહ્યા હોયતો તેમની ગવાહી સ્વીકૃત છે. નહી, તો નહી. (આલમગીરી)

**મસ્અલા (૫૦) :** ઔરતથી ઇઝન (અનુમતિ) લેતી વેળા ગવાહોની જરૂરત નથી અર્થાત તે સમયે જો ગવાહ ન પણ હોય અને નિકાહ પઢાવતા સમયે હોય તો નિકાહ થઇ ગયો. અલબત્ત ઇઝન માટે ગવાહોની એટલા માટે હાજત છે, કે જો તેણે ઇન્કાર કરી દીધો અને એમ કહ્યું કે મેં ઇઝન (ઇજાઝત) આપ્યું ન હતું, તો હવે ગવાહો થી તેનું ઇઝન આપવું સાબિત કરવામાં આવશે. (આલમગીરી, રદ્દુલમુહતાર વિગેરે)

## નિકાહનો વકીલ પોતે નિકાહ પઢાવે બીજા પાસે ન પઢાવે :

**મસ્અલા (૫૧) :** આ જે સમગ્ર ભારતમાં સામાન્યત રિવાજ પડેલો છે કે ઔરત થી એક શખ્સ ઇઝન લઇને આવે છે જેને વકીલ કહે છે. તે નિકાહ પઢાવનારને કહે છે હું ફલાણીનો વકીલ છું આપને ઇજાઝત આપું છું કે નિકાહ પઢાવી દો, આ તરીકો કેવળ ગલત છે. વકીલ ને એ અખત્યાર નથી કે, તે કામ માટે બીજાને વકીલ બનાવી દે, જો આવું કર્યું તો નિકાહ વ્યર્થ થયો, ઇજાઝત પર આધારિત છે. ઇજાઝત થી પહેલા પુરૂષ તથા સ્ત્રી દરેકને તોડી નાખવાનો અખત્યાર પ્રાપ્ત છે. બલકે એમ થવું જોઇએ કે જે પઢાવે તે ઔરત અથવા તેના વલીનો વકીલ બને, ભલે

તે પોતે તેની પાસે જઇને વકાલત પ્રાપ્ત કરે અથવા બીજો તેની વકાલત માંટે ઇઝન લાવે કે ફલાણા બિન ફલાણા ને તેનો વકીલ બનાવ્યો કે તે તારો નિકાહ ફલાણા બિન ફલાણા બિન ફલાણા થી કરી દે, ઔરત કહે, હા.

## મનકુહા (વિવાહિતા) નું નિર્ધારણ

**મસ્અલા (૫૨) :** એ વાત પણ જરૂરી છે કે વિવાહિતાના ગવાહો ને જાણકારી થઇ જાય અર્થાત એકે ફલાણી ઔરત થી નિકાહ થાય છે. તેના બે તરીકા (રીત) છે. એક એકે જો તે અકદ (નિકાહ)ની મજલીસમાં હાજર છે તો તેના તરફ નિકાહ પઢાવનારો ઈશારો કરીને કહે છે કે મેં આને તારા નિકાહમાં આપી. ભલેને સ્ત્રીના મુખ પર નકાબ (પરદો) પડેલો હોય, બસ ઈશારો કાફી છે અને તે હાલતમાં જો તેના અથવા તેના બાપ દાદાના નામમાં ભુલપણ થઇ જાય તો કાંઇ વાંધો નથી કે ઇશાર પછી હવે કોઇ નામ વિગેરેની જરૂરત નથી અને ઇશારાના નિર્ધારણના મુકાબલામાં કોઇ નિર્ધારણ નથી. બીજી સુરત જાણવા માટે એ છે કે ઔરત અને તેના બાપ અને દાદાના નામ લેવામાં આવે છે કે ફલાં બિન્તે ફલાં બિન ફલાં અને જો કેવળ તેનુ જ નામ લેવાથી ગવાહોને ખબર પડી જાય કે ફલાણી ઔરત થી નિકાહ થયો તો બાપ દાદાના નામ લેવાની જરૂરત નથી, તે છતાં સાવધાની એમાં છે કે તેમના નામ પણ લેવામાં આવે અને તેની મૂળભૂત રીતે જરૂરત નથી કે તેને ઓળખતા હોય બલ્કે એ જાણવું કાફી છે કે ફલાણાની પુત્રી, ફલાણાની પૌત્રી છે. અને આ હાલતમાં જો તેના અથવા તેના બાપ દાદાના નામમાં ભુલ થઈ તો નિકાહ થયોં નહી. અને અમારો હેતુ નામ લેવાથી એ નથી કે જરૂર તેનું નામ જ લેવામાં આવે બલ્કે ધ્યેય એ છે કે નિર્ધારણ (નકકી) થઈ જાય, ભલે નામ દ્વારાઅથવા એવી રીતે કે ફલાણાં બિન ફલાણાની છોકરી અને કેટલીક બીજી છોકરીઓ હોય તો મોટી, વચેટ, અથવા નાની એવું નિયુકત થવું જરૂરી છે અને જો કે ભારતમાં સ્ત્રીઓનું નામ લોકસમુહમાં લેવું ઐબ (દુષિત) છે. માટો એજ પાછલો તરીકે અહીંયાની હાલત અનુસાર છે. (રદદુલ મુહતાર વિગેરે)

**ચેતવણી :** કેટલાક નિકાહ પઢાવનારાઓને જોવામાં આવ્યા છે કે રિવાજોના કારણે નામ લેતા નથી અને નામ લેવાની જરૂરત પણ સમજતા નથી માટે દુલ્હા (વર) ના કાનમા ચુપકીદીથી છોકરીનું નામ કહી દે છે. પછી તે શબ્દોથી ઈજાબ કરે છે કે ફલાણાની છોકરી જેનું નામ તને ખબર છે મૈં પોતાની વકાલતથી તારા નિકાહમાં આપી, આ સ્વરૂપમાં જો તેની બીજી છોકરીઓ પણ છે તો ગવાહો સમક્ષ નિર્ધારણ થઈ નહિ ત્યાં સુધી કે જો એમ કહે કે મૈં પોતાની મુવકકેલાહ તારા નિકાહમાં આપી અથવા જે સ્ત્રીએ પોતાનો અખત્યાર મને આપી દિધો છે તેને તારા નિકાહમાં આપી તો ફતવો તેના પર છે કે નિકાહ થયો નહી.

**મસ્અલા (૫૩) :** એક શખ્સની બે પુત્રીઓ છે અને નિકાહ પઢાવનારે કહ્યું કે ફલાણાની છોકરી તારા નિકાહમાં આપી તો તેમનામાં જો એકનો નિકાહ થઈ ગયો છે. તો આ નિકાહ થઈ ગયો, જે બાકી (છોકરી) છે એજ હેતુ છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૫૪) :** વકીલે મુવકકેલહ (જેણે વકીલ કર્યો છે તે છોકરી) ના બાપના નામમાં ભુલ કરી અને મુવકકેલહ ની તરફ ઈશારો પણ હોય તો નિકાહ થયો નહી. એવી જ રીતે જો છોકરીના નામમાં ભુલ કરે તો પણ નિકાહ થયો નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૫૫) :** કોઈ શખ્સને બે પુત્રી છે, મોટીનો નિકાહ કરવા ઈચ્છે છે અને નામ લઈ લીધું નાનીનું, તો નાનીનો નિકાહ થયો. અને જો કહ્યું મોટી છોકરી જેનું નામ આ છે અને નામ લીધું નાનીનું તો કોઈ નો નિકાહ થયો નહી. (દર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૫૬) :** છોકરી ના બાપે છોકરાના બાપથી કેવળ એટલા શબ્દો કહ્યા કે મેં પોતાની છોકરીનો નિકાહ કર્યો, છોકરાના બાપે કહ્યું મૈં કબુલ કર્યું, તો આ નિકાહ છોકરાના બાપથી થયો. જો કે અગાઉ થી ખૂદ છોકરાથી સંબંધ વિગેરે થઈ ગયો હોય, અને જો એમ કહ્યું કે મેં પોતાની છોકરીનો નિકાહ તારા છોકરાથી કર્યો અને તેણે કહ્યું મેં કબુલ કર્યો તો હવે છોકરાથી થયો, જો કે તેણે એમ ન કહ્યું કે મેં પોતાના છોકરા માટે કબુલ કર્યો. અને જો પ્રથમ સુરતમાં એમ કહે કે મેં પોતાના છોકરા માટે કબુલ કરી તો છોકરાનો જ થયો. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૫૭) :** છોકરાના બાપે કહ્યું તું તારી છોકરીનો નિકાહ મારા છોકરા સાથે કરી દે, તેણે કહ્યું મેં તારા નિકાહમાં આપી, તેણે કહ્યું મે કબુલ કરી, તો તેનોજ નિકાહ થયો, તેના છોકરાનો થયો નહિ, અને હવે એવુ

પણ થઇ શકતું નથી કે બાપ તલાક આપીને છોકરાથી નિકાહ કરી આપે, કેમકે તેણી તો છોકરા માટે હંમેશા માટે હરામ થઇ ગઇ. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૫૮) :** ઔરતથી ઈજાઝત લો તો તેમાં પણ તેના મંગેતર (થનાર પતિ) અને તેના બાપ દાદાના નામનો ઈલ્લેખ કરી દો કે અજ્ઞાનતા બાકી રહે નહિ,

**મસ્અલા (૫૯) :** ઔરતે ઇઝન (રજા) આપ્યું, જો તેને જોઇ રહ્યો છે અને ઓળખે છે તો તેના ઇઝનનો ગવાહ થઇ શકે છે. એવી જ રીતે જો મકાનના અંદરથી અવાઝ આવ્યો અને તે ઘરમાં તે એકલી છે તો પણ સહાદત આપી શકે છે અને જો એકલી નથી અને ઈઝન આપવાનો અવાઝ આવ્યો તો જો પાછળથી સ્ત્રીએ કહ્યું કે મેં ઈઝન આપ્યુ ન હતું તો તે ગવાહી આપી શકતોનથી કે, તેણીએ જ ઈઝન આપ્યું હતું પરંતુ વાસ્તવમાં જો તેણે ઈઝન આપી દીધું હતું તો તો સંપૂર્ણ રીતે તે નિકાહ થઈ ગયો. નહી તો નિકાહ વ્યર્થ થશે કે તેની ઈજાઝત પર મોકુફ (અવલંબિત) રહેશે. (રદ્દુલ મુહતાર) ઈઝન આપતી વખતે કાંઈ બોલતી નથી, બીજી ઔરતો 'હું' કરી દે છે, આવું થવું જોઈએ નહિ.

## (૪) ઈજાબ તથા કબુલનું : એક મજલિસમાં થવું :

ઈજાબ તથા કબુલ બન્નેનું એક મજલિસ (બેઠક) માં થવું. તો જો બન્ને એક મજલિસમાં હાજર હતા એકે ઈજાબ કર્યો અને બીજો કબુલથી પહેલા ઉભો થઈ ગયો અથવા કોઈ એવું કામ શરૂ કરી દીધું જેનાથી મજિલસ બદલાઈ જાય છે તો ઈજાબ બાતિલ (રદ) થઈ ગયો, હવે કબુલ કરવું બેકાર છે. ફરીથી થવો જોઈએ. (આલમગીરી)

**મસ્અલા (૬૦) :** પુરૂષે કહ્યું મેં ફલાણી થી નિકાહ કર્યો અને તેણી ત્યાં હાજર ન હતી, તેને ખબર મળી તો કહ્યું મેં કબુલ કર્યું અથવા ઔરતે કહ્યું મેં પોતાને ફલાણાના પત્નીત્વમાં આપી અને તે ગાયબ (ગેરહાજર) હતો, જયારે ખબર મળી તો કહ્યું મેં કબુલ કર્યું તો બંને હાલતોમાં નિકાહ થયો નહી, ભલેને જે ગવાહો સમક્ષ ઈજાબ થયો તેમની જ સામે કબુલ પણ થયું હોય. (આલમગીરી)

**મસ્અલા (૬૧) :** જો 'ઈજાબ' ના શબ્દો પત્રમાં લખીને મોકલ્યા અને જે મજલિસમાં પત્ર તેની પાસે પહોંચ્યો તેમાં કબુલ ન કર્યું, બલ્કે બીજી મજલિસમાં ગવાહોને બોલાવી કબુલ કર્યું તો નિકાહ થઈ જશે. જયારે કે તે શરતો જોવામાં આવે જે ઉપર મજકુર થઈ છે. જેના હાથે પત્ર મોકલ્યો પુરુષ હોય કે સ્ત્રી, આઝાદ હોય કે ગેરઆઝાદ, બાલિગ હોય કે નાબાલિગ, સાલેહ હોય કે ફાસિક, નિકાહ થઈ જશે. (આલમગીરી)

**મસ્અલા (૬૨) :** કોઈની મારફત ઈજાબના શબ્દો કહેવડાવી મોકલ્યા, આ પૈગામ પહોંચાડનારે જે મજલિસમાં પૈગામ પહોંચાડયો તેમાં કબુલ ન કર્યું. પછી બીજી મજલિસમાં કાસિદે (સંદેશા વાહક) તકાઝો કર્યો, હવે કબુલ કર્યું તો નિકાહ થયો નહી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૬૩) :** ચાલતા અથવા જાનવર પર સવાર થઈ જઈ રહ્યા હતા અને ઈજાબ તથા કબુલ થયો, નિકાહ થયો નહી. કશ્તી (વહાણ) પર જઈ રહ્યા હતા અને તે હાલતમાં ઈજાબ તથા કબુલ થયો તો નિકાહ થઈ ગયો. (રદ્દુલ મુહતાર વિગેરે)

**મસ્અલા (૬૪) :** ઈજાબ પછી તુરત જ કબુલ કરવું શરત નથી જયારે કે મજલિસ (બેઠક) બદલાઈ ના હોય. માટે જો નિકાહ પઢાવનારે ઈજાબના શબ્દો કહ્યા અને દુલ્હાએ મૌન રાખ્યું પછી કોઈના કહેવા પર કબુલ કર્યું તો નિકાહ થઈ ગયો. (રદ્દુલ મુહતાર)

## (૫) ઈજાબ તથા કબુલમાં વિરુધ્ધતા ન થાય :

કબુલ, ઈજાબની વિરુધ્ધ ન હોય. દા.ત. તેણે કહ્યું હજાર રુપીયાની મહેર પર તારા નિકાહમાં આપી. તેણે કહ્યું નિકાહ તો કબુલ કર્યો અને મહેર કબુલ નથી. તો નિકાહ થયો નહિ. અને જો નિકાહ કબુલ કર્યો અને મહેર સંબંધે કાંઈ કહ્યું નહી તો હજાર રુપિયા પર નિકાહ થઈ ગયો. (આલમગીરી)

**મસ્અલા (૬૫) :** જો કહ્યું કે હજાર પર તારા નિકાહમાં આપી. તેણે કહ્યું બેહજાર પર મેં કબુલ કરી. અથવા પુરુષે સ્ત્રીને કહ્યું હજાર રુપિયા મહેર પર મેં તારા થી નિકાહ કર્યો. ઔરતે કહ્યું પાંચસો મહેર પર મેં કબુલ કર્યું તો નિકાહ થઈ ગયો, પરંતુ પ્રથમ સ્વરુપમાં જો ઔરતે પણ એજ બેઠકમાં બેહજાર કબુલ કર્યો તો મહેર બે હજાર નહી તો એક હજાર. અને બીજી સુરતમાં સર્વથા પાંચસો મહેર છે. જો ઔરતે હજાર કહ્યું, પુરુષે પાંચસો પર કબુલ કર્યું તો

જાહેર એ છે કે નિકાહ થયો નથી એટલા માટે કે ઈજાબ ની વિરુધ્ધ છે. (આલમગીરી, રદદુલ મુહતાર)

**મસ્અલા (૬૬)** : ગુલામે માલિકની ઈજાઝત વગર પોતાનો નિકાહ કોઈ સ્ત્રી સાથે કર્યો અને મહેર ખુદ પોતાને ઠેરાવ્યો, તેના માલિકે નિકાહ તો જાઈઝ (ઉચિત) કર્યો પરંતુ ગુલામનું મહેરમાં હોવાની ઈજાઝત આપી નહી તો નિકાહ થઈ ગયો અને મહેર સંબંધે હુકમ છે કે મહેરના અનુરુપ તથા ગુલામની કિમત બન્નેમાં જે ઓછું છે તે મહેર છે. ગુલામને વેચીને મહેર આપવામાં આવે. (આલમગીરી)

(૬) છોકરી બાલિગા છે તો તેનું રાજી હોવું શર્ત છે. વલીને એ અખત્યાર નથી કે તેની રજા વગર નિકાહ કરી દે.

(૭) કોઈ ભિવષ્યના સમય પ્રત્યે સંબંધ ન કર્યો હોય. ન કોઈ અજાણ શરત પર લટકતું રાખ્યું હોય. દા.ત. મૈં તારા થી ભિવષ્યના દિવસોમાં નિકાહ કર્યો અથવા જો ઝૈદ આવે તો મૈં તારાથી નિકાહ કર્યો, આ સુરતોમાં નિકાહ થયો નહિ.

**મસ્અલા (૬૭)** : જયારે સરીહ (સ્પષ્ટ) શબ્દો નિકાહમાં ઉપયોગમાં આવે તો અકદ કરનારાઓ અને ગવાહોનું તેમના અર્થો જાણવું શર્ત નથી (દુર્રે મુખ્તાર)

(૮) નિકાહનો સંબંધ કુલ (તમામ) પ્રતિ હોય, અથવા તે અવયવો તરજ જેને બોલીને કુલ મુરાદ લેવાય છે તો જો એમ કહે કે ફલાણાના હાથ અથવા પગ અથવા અર્ધા અંગ થી નિકાહ કર્યો તો નિકાહ થયો નહિ. (આલમગીરી)

## મુહર્રમાતનું બયાન

**અલ્લાહ અઝઝ વ જલ્લ ફરમાવે છે : વલા તન્કેહુ માનકહ આબાઓકુમ મિનન્નિસાએ ઈલ્લા મા કદ સલફ ઈન્નહુ કાન ફાહેશતંવ્વ મકતા, વસાઅ સબીલા. હુર્રેમત અલૈકુમ ઉમ્મહાતો કુમ વ બેનાતોકુમવઅખવાતો કુમ ....વ ઓહિલ્લ લકુમ મા વરાઅ ઝાલિકુમ...**

## સુરએ નિસા

**તરજુમો** : તે સ્ત્રીઓથી નિકાહ ન કરો જેમનાથી તમારા બાપ દાદાએ નિકાહ કર્યો હોય, પરંતુ જે થઈ ગયું તે નિર્લજતા અને ગઝબ (કોપ) નું કામ છે અને બહુજ ભૂંડો માર્ગ, તમારા પર હરામ છે તમારી માં ઓ અને પુત્રીઓ અને બહેનો અને ફોઈઓ અને માસીઓ અને ભત્રીજીઓ અને ભાણજીઓ અને તમારી તે માતાઓ જેમણે તમને દુધ પીવડાવ્યું અને દુધ બહેનો અને તમારી સ્ત્રીઓની માતાઓ (સાસૂઓ) અને તેમની પુત્રીઓ જે તમારા ખોળામાં છે, તે પત્નીઓથી જેમનાથી તમો સંભોગ કરી ચુકયા છો અને જો તમોએ તેમનાથી સંભોગ ન કર્યો હોય તો તો તેમની પુત્રીઓમાં ગુનોહ નથી, અને તમારા નસલી પુત્રોની પત્નીઓ અને બે બહેનોને એકત્ર કરવું (એકસાથે બે બહેનોથી શાદી કરવું) પરંતુ જે થઈ ગયું, બેશક અલ્લાહ બક્ષનાર મહેરબાન છે. અને હરામ છે પતિવાળી સ્ત્રીઓ, પરંતુ કાફિરોની સ્ત્રીઓ જે તમારા મિલ્કતમાં આવી જાય, આ અલ્લાહનું લખેલું છે અને તેમના સિવાય જે રહે તે તમારા પર હલાલ છે કે પોતાના માલોના બદલે શોધો, પારસાઈ (પિવત્રતા) ચાહતા ન વ્યભિચાર કરતા.

અને ફરમાવે છે **"વ લા તન્કેહુલ્મુશરેકાતે હત્તા યુમીન્ન વ લ અમતુન મુઅમેનતુન ખૈરુમ મિમ મુશ્રેકતિન વ લવ અઅજ બત્કુમ વ લા તન્કે હુલ્મુશ્રેકીના હૂતા યુમેનૂહત્તા યુમેનૂ વ લઅબ્દુમ મુમેનુના ખૈરુમ મિમ મુશ્રેકીન વ લવ અઅજબકુમ ઊલાએકા યદ ઊના ઈલન્નારે વલ્લાહો યદઊ ઈલલ્જન્નતે વલ મગ્ફેરતે બેઈઝનેહિ વયોબૈયેનો આયાતેહિ લિન્નાસે લઅલ્લહુમ યતઝકકરૂન"**

**તરજુમો** : મુશરિક ઔરતોથી નિકાહ ન કરો જયાં સુધી ઈમાન ન લાવે, બેશક મુસલમાન બાંદી (દાસી) મુશરિકોથી ઉત્તમ છે. જો કે તમને આ સારી લાગતી હોય અને મુશરિકોથી નિકાહ ન કરો જયાં સુધી ઈમાન ન લાવે, બેશક મુસલમાન ગુલામ મુશરિકથી બહેતર (ઉત્તમ) છે, જો કે તમને સારો લાગતો હોય, તેઓ દોઝખ તરફ બોલાવે છે. અને અલ્લાહ બોલાવે છે જન્નત તથા મગફેરતની તરફ પોતાના હુકમથી અને લોકો માટે પોતાની નિશાનીઓ જાહેર કરે છે. કે જેથી લોકો નસીહત માને.

**હદીસ (૧)** : સહીહ બુખારી તથા મસ્લિમમાં અબુ હુરૈરહ રદીમલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, પત્ની તથા તેની ફોઈને એકત્ર ન કરવામાં આવે (ફોઈ ભત્રીજીને એક સાથે નિકાહમાં ન

રાખવામાં આવે) અને ન પત્ની અને તેની માસીને (માસી-ભાણેજી સાથે એક સાથે શાદી ન કરવામાં આવે)

**હદીસ (૨) :** અબુ દાઉદ તથા તિરમિઝી, દારોમી તથા નિસાઈની રિવાયત તેમનાથી જ છે કે હુઝુરે તેનાથી મના કર્યું કે ફોઈનું નિકાહમાં હોવાની હાલતમાં તેની ભત્રીજી થી નિકાહ કરવામાં આવે અથવા ભત્રીજીની ઉપસ્થિતિમાં તેની ફોઈથી અથવા માસીની ઉપસ્થિતિમાં તેનીભાણજીથી અથવા ભાણજીની ઉપસ્થિતિમાં તેની માસીથી, (નિકાહ કરવામાં આવે)

**હદીસ (૩) :** ઈમામ બુખારી હઝરત આઈશા રદીયલ્લાહો અન્હાથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુ જે સ્ત્રીઓ વિલાદત (નસબ-વંશ) થી હરામ છે તે રઝાઅત (દુધપીવડાવવા) થી પણ હરામ છે.

**હદીસ (૪) :** સહીહ મુસ્લિમમાં મૌલા અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, બેશક અલ્લાહ તઆલા એ રેઝાઅતથી તેમને હરામ કરી દીધા જેમને નસબ થી હરામ ફરમાવ્યા.

**ફિકહી મસાઈલ :** મહરમાત તે સ્ત્રીઓ છે જેનાથી નિકાહ હરામ છે અને હરામ થવાના કેટલાક કારણો છે. માટે આ બયાન ને નવ પ્રકારે વહેંચવામાં આવે છે.

**પ્રથમ પ્રકાર નસબ :** આ પ્રકારમાં સાત સ્ત્રીઓ છે. (૧) મા (૨) બેટી (૩) બહેન (૪) ફોઈ (૫) માસી (૬) ભત્રીજી (૪) ભાણજી

**મસ્અલા (૧) :** દાદી, નાની, પરદાદી, પરનાની જો કે કેટલાએ ઉપરના હોય સૌ હરામ છે. અને આ સૌ માની ગણના માં દાખલ છે. કે તે બાપ અથવા માં અથવા દાદા-દાદી, નાના-નાની ની માંઓ છે કે માંથી મુરાદ (ભાવાર્થ) તે સ્ત્રી ઓછે જેની ઔલાદ માં તે છે, વાસ્તા (માધ્યમ) થી અથવા વગર વાસ્તાથી.

**મસ્અલા (૨) :** બેટીથી મુરાદતે સ્ત્રી ઓ છે જે તેની ઔલાદ છે, માટે પૌત્રી, પરપૌત્રી, નવાસી, પરનવાસી, જોકે દરમિયાન માં કેટલીએ પેઢીઓનું અંતર હોય, સૌ હરામ છે.

**મસ્અલા (૩) :** બહેન ભલે હકીકી હોય અર્થાત એક માં બાપથી અથવા સાવકી કે બંનેનો બાપ એક છે અને માંઓ બે અથવા માં એક છે અને બાપ બે, સૌ હરામ છે.

**મસ્અલા (૪) :** બાપ, માં,દાદા, દાદી,નાના, નાની વિગેરે મુળવંશ (ઔસુલ-પુર્વજો)ની ફોઇઓ અથવા માસીઓ પોતાની ફોઇ અને માસીના હુકમમાં છે ભલે તે હકીકી (સગી) હોય કે સાવકી, તેવીજ રીતે હકીકી અથવા માં તરફથી ફોઇની ફોઇ અથવા હકીકી કે અખ્યાફી (તે ભાઇ બહેન જેમના બાપ અલગ હોય અને માં એક હોય) માસી ની માસી.

**મસ્અલા (૫) :** ભત્રીજી, ભાંણજીથી ભાઇ બહેનની ઔલાદો મુરાદ છે, તેમની પૌત્રીઓ, નવાસીઓની પણ તેમાંજ ગણના છે.

**મસ્અલા (૬) :** ઝિના (વ્યભિચાર) થી, બેટી, પૌત્રી બહેન ભત્રીજી, ભાણજી પણ મહરમાત (જેનાથી નિકાહ ન થઇ શકે )માં છે.

**મસ્અલા (૭) :** જે સ્ત્રીથી તેના પતિએ લઆન (લેઆનનું બયાન આઠમા ભાગમાં આવશે)કર્યું . જો કે તેની પુત્રી પોતાની માં પ્રત્યે સંબંધિત થશે પરંતુ તે છતાં તે શખ્સ પર તે છોકરી હરામ છે. (રદદુલ મુહતાર)

## : મુસાહેરતની હુરમત :

**પ્રકારબીજો-મુસાહેરત** (૧) ઝૌજએ મૌતુઆ (તે પત્ની જેણી સાથે સંભોગ કર્યો હોય તે) પત્નીની છોકરીઓ (૨) પત્નીના માં, દાદીઓ, નાનીઓ (૩) બાપ દાદા વિગેરે ઉસુલ (મુળપૂર્વજો) ની પત્નીઓ (૪) પુત્ર, પૌત્રા વિગેરે, ફુરૂઅ (વંશવેલો)ની પત્નીઓ.

**મસ્અલા (૮) :** જે સ્ત્રીથી નિકાહ કર્યો અને વતી (સંભોગ) કરી ન હતી કે જુદાઇ થઇ ગઇ તેની પુત્રી તેના પર હરામ નથી (તેનાથી નિકાહ થઇ શકે છે) હુરમત (નિષેધ) હરામ કરેલુ તે સ્વરૂપમાં છે કે તે સ્ત્રી "મુશતહ તહ (શહવતવાળી (કામવાસાનાની)વય સુધી પહોંચી હોય) હોય, તે છોકરીનું તેની પરવરિશમાં હોવુ જરૂરી નથી અને ખિલ્વતે સહીહા(સહીહ એકાંત) પણ વતીનાજ હુકમમાં છે અર્થાત જો સહીહ એકાંત ઔરત સાથે થઇ ગયું તો તેની છોકરી હરામ થઇ ગઇ, ભલે વતી (સંભોગ) ન કરી હોય.(રદદુલ મુહતાર)

**મસ્અલા (૯) :** ફાસિદ નિકાહ થી મુસાહેરતની હુરમત સાબિત થતી નથી, જ્યાં સુધી સંભોગ ન થાય માટે જો કોઇ સ્ત્રીથી નિકાહ ફાસિદ કર્યો, તો તે સ્ત્રીની માંતેના પર હરામ નથી. અને જ્યારે સંભોગ થયો તો હુરમત સાબિત થઇ ગઇ

કે સંભોગ થી સર્વથા હુરમત સાબિત થઇ જાય છે ભલે હલાલ સંભોગ હોય કે ઝિનાથી. દા.ત. ફાસિદ બયઅથી ખરીદેલ કનીજ (દાસી) થી અથવા મુશતરક (શરીક) કીનીઝ અથવા મકાતિબ અથવા જે સ્ત્રીથી ઝિહાર (માં અથવા બહેન જેવી કહી દેવું) કર્યું. અથવા મજુસી દાસી અથવા પોતાની પત્નીથી હૈઝ તથા નિફાસમાં અથવા અહેરામ તથા રોઝામાં સારાંશકે કોઇ પ્રકારે સંભોગ હોય, મુસાહેરતની હુરમત સાબિત થઇ ગઇ. માટે જે સ્ત્રીથી ઝિના કર્યો તેની માં અને છોકરીઓ તેના પર હરામ છે. એવીજ રીતે તે વ્યભિચારિણી સ્ત્રી તે શખ્સના બાપ દાદા અને પુત્રો પર હરામ થઇ જાય છે. (આલમગીરી, રદદુલમુહતાર)

**મસ્અલા (૧૦) :** મુસાહેરત ની હુરમત જેવી રીતે સંભોગથી થાય છે એવીજ રીતે શહવત (કામવાસના) થી સ્પર્શ કરવા અને ચુંબન કરવા અને યોનિ પ્રત્યે દષ્ટિકરવા અને ગળે વળગાળવા અને દાંતથી કરડવા અને સંભોગ, ત્યાં સુધી કે માથા પર જે વાળ હોય તેમને સ્પર્શ કરવાથી પણ હુરમત થઇ જાય છે જોકે કોઇ કપડું પણ આડે હોય, પરંતુ જ્યારે એટલું જાડું કપડું વચ્ચે હોય કે ગરમી મહેસૂસ થાય નહી, એવીજ રીતે બોસો (ચુંબન) લેવામાં પણ જો બારિક (પાતળો) નકાબ વચ્ચે હોય તો હુરમત સાબિત થઇ જશે, ભલે આવાતો જાઇઝ રીતે હોય. દા.ત. નિકાહવાળી અથવા દાસી છે. અથવા નાજાઇઝ રીતે જે વાળ માથાથી લટકી રહ્યા હોય તેમને શહવત થી સ્પર્શે કર્યો તો હુરમતે મુસાહેરત સાબિત થઇ નહી. (આલમગીરી, રદદુલમુહતાર વિગેરે)

**મસ્અલા (૧૧) :** સ્ત્રીની યોનિ પ્રત્યે દ્રષ્ટિ કરવાની સુરતમાં જો કાચ દરમિયાનમાં હોય અથવા સ્ત્રી પાણીમાં હતી, તેની દ્રષ્ટિ ત્યાં સુધી પહોંચી તો પણ હુરમત સાબિત થઇ ગઇ. અલબત દર્પણ અથવા પાણીમાં પ્રતિબિંબ દેખાયુ તો મુસાહેરત ની હુરમત નથી. (દુર્રેમુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૧૨) :** સ્પર્શવા અથવા દ્રષ્ટિ સમયે શહવત નહતી પછીથી પૈદા થઇ અર્થાત, જ્યારે હાથ લગાડ્યો તે સમયે શહવત ન હતી, હાથ ઉઠાવ્યા પછી થઇ તો તેનાથી હુરમત સાબિત થતી નથી. આ સ્થળે શહવત નો અર્થ એ છે કે તેના કારણે લીંગ ઉત્તેજીત થઇ જાય અને જો પહેલાથી ઉત્તેજના ઉપસ્થિત હતી તો હવે અધિક થઇ જાય. આ જવાન માટે છે. વૃધ્ધ તથા સ્ત્રી માટે શહવતની હદ એ છે, કે દિલમાં હરકત સ્પંદન (ગલીપચીઓ) પૈદા થાય અને પહેલાથી હોય તો અધિક થઇ જાય, કેવળ નફસની ઇચ્છા નું નામ શહવત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૩) :** દ્રષ્ટિ અને સ્પર્શમાં હુરમત ત્યારે સાબિત થશે કે ઈન્ઝાલ (વીર્યપાત) ન થયો, અને જો વીર્યપાત થઈ ગયો તો મુસાહેરતની હુરમત થશે નહી, (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૪) :**સ્ત્રીએ શહવત થી પુરુષનો સ્પર્શ કર્યો અથવા બોસોલીધો અથવા તેની ઈન્દ્રી પ્રત્યે દ્રષ્ટિ કરીતો તેનાથી પણ મુસાહેરતની હુરમત સાબિત થઈ ગઈ. (દુર્રે મુખ્તાર,આલમગીરી)

**મસ્અલા (૧૫) :** મુસાહેરતની હુરમત માટે એ શર્ત છે કે ઔરત મુશતહાત (કામવાસનાની ઉમરવાળી) હોય અર્થાત નવ વર્ષથી ઓછી વયની ના હોય. અથવા એકે જીવંત હોય તો જો નવ વર્ષથી ઓછી વયની છોકરી અથવા મુર્દા સ્ત્રીને શહવતથી સ્પર્શ કર્યો અથવા ચુંબન કર્યુ તો હુરમત સાબિત થયું નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૬) :** સ્ત્રીથી સહવાસ કર્યો પરંતુ દુખૂલ (લિંગ પ્રવેશ) થયું નહી તો હુરમત સાબિત થઈ નહી. હા જો તેને હમલ (ગર્ભ) રહી જાય તો હુરમતે મુસાહેરત થઈ ગઈ.(આલમગીરી) વુધ્દ્ર સ્ત્રી સાથે આ કાર્યો ઘટિત થયા અથવા તેણે કર્યા તો મુસાહેરત થઈ ગઈ. તેની છોકરી આ શખ્સ પર હરામ થઈ ગઈ, તથા તેના બાપદાદા પર પણ.(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૭) :** સંભોગથી મુસાહેરતમાં એ શર્ત છે કે આગળના સ્થળ (યોનિ) માં હોય. જો પાછળના (જાજરૂ કરવા) ના ભાગમાં થઈ તો મુસાહેરત થશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસઅલા (૧૮) :** ગુલામથી મુસાહેરત સાબિત થતી નથી (રદદુલમુહતાર)

**મસઅલા (૧૯) :** મરાહિકે (અથાર્ત તે છોકરો કે જે હજુ બાલિગ થયો નથી પરંતુ તેના સમવય બાલિગથઈ ગયા હોયતેની માત્રા બાર વર્ષનું વય છે તેણે) જો સંભોગ કર્યો અથવા ચુંબન કર્યુ તો મુસાહેરત થઈ ગઈ. (રદદુલ મુહતાર)

**મસઅલા (૨૦)** આ કાર્યો ઈરાદા પૂર્વક થયા હોય કે ભૂલથી અથવા મજબૂરીથી દરેક હાલતમાં મુસાહેરત સાબિત થઈ જશે. દા.ત. અંધારીરાતમાં પુરુષે પોતાની પત્નીને સંભોગ માટે ઉઠાડવા ચાહયુ, ભુલથી શહવત સાથે મુશતહા તહ (કામવાસના લાયક પોતાની) છોકરી પર હાથ

પડી ગયો તો તેની માં હંમેશ માટે તેના પર હરામ થઈ ગઈ. એવી જ રીતે જો સ્ત્રીએ પતીને ઉઠાડવા ચાહયું અને શહવત સાથે છોકરા પર હાથ પડી ગયો જે મરાહક (બાલિગ થવાની નજીકમાં હોય) હતો, હંમેશ માટે પોતાના તે પતિ પર હરામ થઈ ગઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૧)** : મુખનો બોસો લીધો તો સર્વથા હુરમતે મુસાહેરત સાબિત થઈ જશે, ભલે કહેતો હોયકે શહવત થી ન હતો, એવી જ રીતે જો ઈન્દ્રી ઉત્તેજીત હતી તો સવર્થા કોઈપણ જગ્યાએ ચુંબન કર્યું હુરમત થઈ જશે, અને જો ઉત્તેજના ન હતી અને ગાલ અથવા હડપચી અથવા પેશાની અથવા મુખ ના સિવાય કોઈ પણ બીજી જગ્યાએ ચુંબન કર્યું અને કહે છે કે શહવત ન હતી તો તેનો કોલ માની લેવામાં આવશે. એવી જ રીતે ઉત્તેજનાની હાલતમાં ગળે વળગાડવું પણ હુરમત સાબિત કરે છે, ભલેને શહવત નો ઈન્કાર કરે છે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૨૨)** : ચુંટલી ખણવા, દાંતથી કરડવાનો પણ એજ હુકમ છે કે શહવત થી હોય તો હુરમત સાબિત થઈ જશે, સ્ત્રીની શર્મગાહ (યોનિ) નો સ્પર્શ કર્યો અથવા સ્તનનો સ્પર્શ કર્યો અને કહે છે કે શહવત ન હતી તો તેનું કથન વિશ્વાસ પાત્ર નથી (એટલે માનવામાં આવશે નહી)(આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૩)** : દ્રષ્ટિથી હુરમત સાબિત થવા માટે દ્રષ્ટિ કરનારમાં શહવત જોવું જરુરી છે. અને બોસો લેવા, ગળે વળગાડવા સ્પર્શવા વિગેરેમાં તે બંને પૈકી એકને શહવત થઈ જવું કાફી છે, ભલેને બીજાને ન હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૪)** : ગાંડા-પાગલ (મૂર્છાવાળા) અને નશાવાળાથી આ કાર્યો થયા અથવા તેના સાથે કરવામાં આવ્યા તો પણ એજ હુકમ છે કે બીજી શરતો જોવામાં આવે તો હુરમત થઈ જશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૫)** :કોઈને પૂછવામાં આવ્યું તેં પોતાની સાસૂ સાથે શું કર્યુ ? તેણે કહ્યું સંભોગ કર્યો, તો મુસાહેરતની હુરમત સાબિત થઈ ગઈ. હવે જો કહે કે મેં જુઠ કહી દીધું હતું તો માનવામાં આવશે નહી, બલ્કે જો કે મઝાકમાં (મશ્કરી) માં કહી દીધું હોય તો પણ એજ હુકમ છે (આલમગીરી વગેરે)

**મસ્અલા (૨૬)** : મુસાહેરતની હુરમત દા.ત. શહવતથી બોસો લેવા અથવા સ્પર્શ અથવા દ્રષ્ટિ કરવા નો ઈકરાર કર્યો તો હુરમત સાબિત થઈ ગઈ. અને જો એમ કહે કે તે સ્ત્રી સાથે નિકાહથી પહેલા તેની માંથી સંભોગ કર્યો હતો તો પણ એજ હુકમ રહેશે. પરંતુ સ્ત્રીની મહેર તેનાથી રદ થશે નહી. તે નિયમાનુસાર વાજિબ છે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૨૭)** : કોઈ શખ્સે એક સ્ત્રીથી નિકાહ કર્યો અને તેના છોકરાએ તે સ્ત્રીની છોકરીથી નિકાહ કર્યો કે જે બીજા પતિથી છે તો વાંધો નથી. એવી જ રીતે જો છોકરાએ સ્ત્રીની માંથી નિકાહ કર્યો તો પણ એજ હુકમ છે. (આલમગીરી)

**મસ્અલા (૨૮)** : સ્ત્રીએ દાવો કર્યો કે પુરુષે તેના ઉસૂલ (પૂર્વજો) અથવા ફુરુઅ (વંશજો)ને શહવત થી સ્પર્શ કર્યો અથવા બોસો લીધો અથવા કોઈ બીજી વાત (કાર્ય) કરી છે જેનાથી હુરમત સાબિત થાય છે અને પુરુષે ઈન્કાર કર્યો તો પુરુષનો કોલ માન્ય કરવામાં આવશે. અર્થાત જ્યારે કે સ્ત્રી ગવાહ રજુ કરી શકે નહી. (દુર્રે મુખ્તાર)

## ત્રીજો પ્રકાર (મહરમો વચ્ચે સંભોગ)

**મસ્અલા (૨૯)** : તે બે સ્ત્રીઓ કે તેઓ પૈકી જે એકને પુરુષ ગણે, (માનીલેવામાં આવે) બીજી તેના માટે હરામ છે (દા.ત., બે બહેનો કે એક ને પુરુષ માની લઈએ તો ભાઈ બહેન નો સંબંધ થયો અથવા કોઈ ભત્રીજી કે ફોઈ ને પુરુષ ગણો તો કાકા-ભત્રીજીનો સંબંધ થયો અને ભત્રીજી ને પુરુષ ગણો તો ફોઈ-ભત્રીજીનો સંબંધ થયો અથવા માસી-ભાણીજી કે માસીને પુરુષ ગણો તો મામા-ભાણજી નો સંબંધ થયો અને ભાણજીને પુરુષ ગણો તો ભાણજી-માંસીનો સંબંધ થયો) એવી બે સ્ત્રીઓને નિકાહમાં એકત્ર કરી શકતા નથી. બલ્કે જો તલાક આપી દીધી હોય, જોકે ત્રણ તલાકો તો જયાં સુધી ઈદ્દત ગુજરે નહીં, ત્યાં સુધી બીજીથી નિકાહ કરી શકતો નથી. બલ્કે જો એકદાસી (લોંડી) છે અને તેનાથી સંભોગ કર્યો તો બીજી થી નિકાહ કરી શકતો નથી, એવી જ રીતે જો બંને (બ્હેનો ઉપર મુજબ) દાસીઓ છે અને એકથી સંભોગ કરી લીધો તો બીજીથી સંભોગ કરી શકતો નથી. (આમ્મતુલકુતુબ)

**મસ્અલા (૩૦)** : એવી બે સ્ત્રીઓ જેમનામાં એવા પ્રકારનું સગપણ હોય જે ઉપર મજકૂર થયું તે (ફકત) તે

નસબ(વંશ) સાથે ખાસ નથી બલ્કે, દૂધના એવા સંબંધ હોય તો પણ બંન્નેનું સંભોગ કરવું હરામ છે. દા.ત, પત્ની અને તેની રઝાઈબ્હેન દુધ બહેન અથવા માસી અથવા ફોઈ. (આલમગીરી)

**મસ્અલા (૩૧)** : બે સ્ત્રીઓમાં જો એવું સગપણ જોવામાં આવે કે એકને પુરુષ કલ્પે તો બીજી તેના માટે હરામ થઈ અને બીજીને પુરુષ કલ્પે તો પ્રથમ હરામ ન થાય તો એવી બે સ્ત્રીઓને એકત્ર કરવામાં વાંધો નથી, દા.ત, પત્ની અને તેના પતિની છોકરી (બીજી પત્નીથી) કે તે છોકરીને પુરુષ કલ્પે તો તે સ્ત્રી તેના પર હરામ થઈ ગઈ કે તેની સાવકી માં થઈ અને સ્ત્રીને પુરુષ કલ્પે તો છોકરીથી કોઈ સંબંધ પેદા થશે નહી. એવી જ રીતે સ્ત્રી અને તેની વહુ (પુત્રવધુ) (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૨)** : બાંદી (દાસી) થી સંભોગ કર્યો પછી તેની બ્હેનથી નિકાહ કર્યો તો આ નિકાહ સહીહ થયો પરંતુ હવે બંનેમાંથી કોઈથી સંભોગ કરી શકતો નથી, જ્યાં સુધી એકને પોતાના પર કોઈ માધ્યમથી હરામ ન કરી લે. દા.ત, વિવાહિતા ને તલાક આપી દે અથવા તે ખુલઅ કરાવી લે અને બંને હાલતોમાં ઈદ્દત ગુજરી જાય અથવા બાંદીને વેચી નાંખે અથવા આઝાદ કરી દે, ભલે સંપૂર્ણત વેચી અથવા આઝાદ કરી અથવા તેનો કોઈ ભાગ અર્ધો વિગેરે અથવા તેને હિબા (ભેટ) કરી દે અને કબ્જો પણ અપાવી દે અથવા તેને મકાતિબા (કેટલીક શરતો સાથે આઝાદ કરવું) કરી દે અથવા તેનો કોઈથી સહીહ નિકાહ કરી દે અને જો નિકાહ ફાસિદ (રદ) કરી દીધો તો તેની બહેન અર્થાત મન્કૂહા (વિવાહિતા) થી સંભોગ થઈ શકતો નથી, પરંતુ જયારેકે ફાસિદ નિકાહમાં તેના પતિએ સંભોગ પણ કરી લીધો તો જોકે હવે તેની ઇદ્દત વાજિબ થઇ ગઇ માટે માલિકના માટે હરામ થઇ ગઇ અને વિવાહીતા થી સહવાસ (વતી)થઇતો જાઇઝ થયો અને નિક્રય વિગેરેની હાલતમાં જો તે ફરીથી માલિકી પણામાં પાછી આવી, દા.ત. વેચાણ, ફસ્ખ (રદ) થઇ ગયું અથવા તેણે ફરીથી ખરીદી લીધી તો હવે ફરીથી નિયમાનુસાર બંનેથી સહવાસ હરામ થઇ જશે જ્યાં સુધી ફરીથી હુરમત ના કારણો ન જોવામા આવે, બાંદીના હરામ તથા રોઝા તથા હૈઝ તથા નિફાસ તથા ગીરવી તથા ઇજારાથી વિવાહીતા હલાલ થશે નહી અને જો બાંદીથી સહવાસ (સંભોગ) ન કર્યો હોય તો વિવાહિતાથી સર્વથા સમાગમ જાઇઝ નથી. (દુર્રે મુખ્તાર રદદુલ મુહતાર)

**મસ્અલા (૩૩)** : સમાગમ પૂર્વનો વ્યવહાર : દા.ત. શહવત સાથે બોસો લીધો અથવા સ્પર્શ કર્યો અથવા તે બાંદીએ પોતાના માલિકને શહવત સાથે સ્પર્શ કર્યો અથવા બોસો લીધો તો તે પણ સમાગમના હુકમમાં છે કે આ કર્યો પછી જો તેની બહેનથી નિકાહ કર્યોતો કોઇ થી સમાગમ જાઇઝ નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૪)** : એવી બે સ્ત્રીઓ જેમને ભેગી કરવું હરામ છે એક સાથેજો બંનેથી નિકાહ કર્યો તો કોઇ થી નિકાહ થયો નહી, ફરજ છે કે બંનેને તત્કાળ જુદી કરી દે અને દખૂલ (લીંગપ્રવેશ) ન થયું હોય તો મહેર પણ વાજિબ થઇ નહી. અને દખૂલ થયું હોય તો મહેરમિસ્લ અને બાંધેલ મહેરમાં જે ઓછું હોય તે આપવામાં આવે. જો બંને સાથે દખૂલ (સંભોગ) કર્યો તો બંનેને આપવામાં આવે અને એકસાથે કર્યો તો એકને આપવામાં આવે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૫)** : જો બંનેથી બે અકદની સાથે નિકાહ કર્યો તો પહેલીથી, નિકાહ થયો અને બીજીનો નિકાહ બાતલ, માટે પહેલીથી સમાગમ જાઇઝ છે પરંતુ જ્યારે બીજીથી સમાગમ કરીલીધો તો હવે જ્યાં સુધી તેની ઇદ્દત પુરી ન થઇ જાય પહેલીથી પણ સમાગમ હરામ છે, પછી આ હાલતમાં જો એ યાદ રહ્યું નહી કે પહેલા કોનાથી સમાગમ થયો તો પતિ પર ફરજ છે કે બંનેને અલગ કરી દે અને જો તે પોતે ન કરે તો કાઝી પર ફરજ છે કે વિચ્છેદ કરી દે અને આ વિચ્છેદ તલાક ગણાશે, પછી જો દખૂલથી પહેલા વિચ્છેદ થયો તો અર્ધી મહેરમાં બંને સરખાભાગે વહેંચી લે. જો બંનેની સરખી મહેર નિયુક્ત થઇ હોય અને જો બંનેની મહેર સરખી ન હોય અને ખબર છે કે ફલાણી ની મહેર આટલી હતી અને ફલાણીની આટલી તો દરેક ને તેની મહેરનો ચોથો ભાગ મળશે અને જો એ ખબર નથી કે કોનું કેટલું છે તો જે ઓછી છે તેના અર્ધામાં બંને સરખું-સરખું વહેંચી લે અને જો મહેર નિશ્ચિતજ થઇ નહતી તોએક નો મુતઅહ (જેનો અર્થ મહેરના બયાનમાં આવશે) વાજિબ થશે. એવીજ રીતે જો એકથી દોખૂલ (સંભોગ) થયું તો તેની પૂરી મહેર વાજિબ થશે અને બીજીની ચોથાઇ. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩૬)** : એવી બે સ્ત્રીઓ સાથે એક અકદ (નિકાહ) સાથે નિકાહ કર્યો હતો પછી દોખૂલ થી પહેલા વિચ્છેદ થઇ ગયો. હવે જો તેઓમાંથી એક સાથે નિકાહ કરવા ઇચ્છે તો કરી શકે છે અને દોખૂલ પછી વિચ્છેદ થયો તો જ્યાં સુધી ઇદ્દત પૂરી ન થઇ જાય નિકાહ કરી શકતો નથી અને જો એકની ઇદ્દત પૂરી થઈ ગઇ, બીજીની નહી તો બીજીથી નિકાહ કરી શકે છે અને પહેલીથી કરી શકતો નથીં, જ્યાં સુધી બીજીની ઇદ્દત પૂરી ન થઇ જાય અને જો એકથી દોખૂલ કર્યું છે તો તેનાથી નિકાહ કરી શકે છે અને બીજીથી નિકાહ કરી શકતો નથી. જ્યાં સુધી કે જેના સાથે દોખૂલ થયું છે તેની ઇદ્દત પૂરી થઇ ની જાય અને તેની ઇદ્દત પૂરી થઇ ગયા પછી જે એકથી ઇચ્છે નિકાહ કરી લે. (આલમગીરી)

**મસ્અલા (૩૭)** : એવી બે ઓરતોથી નિકાહ કર્યો અને તેઓ પૈકી એક ઇદ્દતમાં હતી તો જે ખાલી છે તેનો નિકાહ સહીહ થઇ ગયો અને જો તેણી તેનીજ ઇદ્દતમાં હતી તો બીજીથી પણ નિકાહ સહીહ થયો નહી. (આલમગીરી)

**ચોથો પ્રકાર** : સ્ત્રી પોતાના ગુલામથી નિકાહ કરી શકતી નથી. ભલે તે એકલો તેનીજ માલિકીમાં હોય અથવા કોઇબીજો પણ તેમાં ભાગીદાર હોય. (આલમગીરી, દુર્રે મુખ્તાર) (તા.ક. ગુલામ અને બાંદીની શરઇ વ્યાખ્યા કોઇ આલિમને પુછી લેશો)

**મસ્અલા (૩૮)** : માલિક પોતાની બાંદી (દાસી) સાથે નિકાહ કરી શકતો નથી ભલેતે ઉમ્મુલવલ્દ (તે દાસી જેણે પોતાના પતિના સહવાસ થી પુત્ર અથવા પુત્રીનો જન્મ આપ્યો હોય અથવા મકાતિબા અથવા મુદબરાહ હોય અથવા તેમાં કોઇ બીજો પણ શરીર હોય, પરંતુ સાવધાની ની રીતે ઉલ્માએ મુતઅખ્ખેરીને (પાછળવાળા) બાંદી (દાસી) થી નિકહા કરવું મુસ્તહસન બતાવ્યું છે. (આલમગીરી) પરંતુ આ નિકાહ કેવળ સાવધાનીની રીતે છે કે જો વસ્તુસ્થિતિમાં કનીઝ (દાસી) નથી તો પણ સમાગમ જાઇઝ છે. નહીતો નિકાહનાં ફળ આ નિકાહ પર મુરત્તબ (લાગુપડતા) નથી, નમહેર વાજિબ થશે.

**મસ્અલા (૩૯)** : જો પતિ પત્નીમાં થી એકબીજાનો અથવા તેના કોઇ અંશનો માલિક થઇ ગયો તો નિકાહ બાતલ થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા (૪૦)** : માઝૂન (ઇજાઝત આપેલ) અથવા મુદબ્બર અથવા મકાતિબે પોતાની પત્ની ને ખરીદી તો નિકાહ ફાસિદ થયો નહી, એવીજ રીતે જો કોઇ એ પોતાની પત્ની ને ખરીદી અને વિક્રયમાં અખત્યાર રાખ્યો કે જો ઇચ્છશે તો પાછી ફેરવી દેશે તો નિકાહ ફાસિદ થશે નહી, એવીજ રીતે જે ગુલામનો કેટલોક ભાગ આઝાદ થઇ ગયો છે તે જો પોતાની વિવાહિતા (મન્કુહા) ને ખરીદે તો નિકાહ ફાસિદ થયો નહી. (આલમગીરી, રદદુલમુહતાર)

**મસ્અલા (૪૧)** : મકાતિબ અથવા માઝૂનની કનીઝથી માલિક નિકાહ કરી શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા (૪૨)** : મકાતિબે પોતાની માલેકણ (શેઠાણી) થી નિકાહ કર્યો પછી આઝાદ થઇ ગયો તો તે નિકાહ અત્યારે પણ સહીહ થયો નહી. હા, જો હવે ફરીથી નિકાહ કરે તો કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૪૩)** : ગુલામે પોતાના માલિકની છોકરીથી તેની ઇજાઝતથી નિકાહ કર્યો તો નિકાહ સહીહ થઇ ગયો પરંતુ માલિક ના મૃત્યુ થી આ નિકાહ તુટી જશે અને જો મકાતિબે માલિક ની પુત્રીથી નિકાહ કર્યો હતો તો માલિક ના મૃત્યુ થી ફાસિદ થશે નહી, જો કિતાબતનો બદલો અદા કરી દેશે તો નિકાહ યથાવત રહેશે અને જો અદા કરી શક્યો નહી અને ફરી ગુલામ બની ગયો તો હવે નિકાહ ફાસિદ થઇ ગયો (આલમગીરી)

**પાંચમો પ્રકાર : સિર્કની હુરમત સમજૂતી** : આ જમાનામાં શરઇ ગુલામો તથા બાંદીઓ-લોંડીઓ દુર્લભજ છે. માટે આ પ્રકરણમાં આવતા આવા મસ્અલા દરેકને સમજવું મુશ્કેલ છે. માટે આપણા ભારતમાં આઝાદ (જે શરઇ-ગુલામ ના હોય તે) સ્ત્રી-પુરૂષના નિકાહ ખ્વાની સંબંધીજ સમજણ મેળવવાની છે. (અનુવાદકો)

**મસ્અલા (૪૪)** : મુસલમાનનો નિકાહ મજૂસી, (અગ્નિપૂજક) બુત પરસ્ત, સૂર્યપૂજક, સિતારા પૂજક ઔરતથી થઇ શકતો નથી, ભલે તે ઔરતો સ્વતંત્ર હોય કે દાસીઓ, તાત્પર્યકે કિતાબીયાઓ સિવાય કોઇ કાફીરા ઔરતથી નિકાહ થઇ શકતો નથી. (ફતહ વિગેરે) (અહલેકિતાબસ્ત્રી : તેના મૂળ અકાદીઓ આસ્માની કિતાબ પ્રમાણે હોય-આજકાલની એ કિતાબીયહ થી જાઇઝ નથી. કારણકે તેમના અકીદા બરાબર નથી-અનુ.)

**મસ્અલા (૪૫)** : મુરતદ તથા મુરતદહ નો નિકાહ

કોઇથી થઇ શકતો નથી ભલે પુરૂષ તથા સ્ત્રી બંને એકજ મઝહબના હોય, (ખાનિયહ વિગેરે)

**મસ્અલા (૪૬) :** યહુદીયા અને નસરાનીયા થી મુસલમાનનો નિકાહ થઇ શકે છે પરંતુ કરવો જોઇએ નહી, કારણકે તેમાં કેટલાએ ફસાદો (દુષ્ટતા) નો દરવાજો ઉઘાડે છે; (આલમગીરી વિગેરે) પરંતુ આ જવાઝ એજ સમય સુધી છે જયારેકે પોતાના એજ મઝહબ યહુદીયત અથવા નસરાનીયત પર હોય અને જો કેવળ નામની યહુદી-નસરાની હોય અને વાસ્તવમાં નેચરી અને નાસ્તિક ધર્મ ધરાવતી હોય, જેવું કે આજકાલ ના સામાન્ય નસારા નો કોઇ મઝહબ નથી, તો તેમનાથી નિકાહ થઇ શકતો નથી. ન તેમનુ ઝુબ્હ કરેલું જાઇઝ બલ્કે તેમના ત્યાંતો ઝુબહ થતું પણ નથી.

**મસ્અલા (૪૭) :** કિતાબીયાથી નિકાહ કર્યો તો તેને ગીરજા (ચર્ચ)માં જવા અને ઘરમાં શરાબ બનાવવાથી રોકી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૪૮) :** કિતાબીયાથી દારૂલ હરબમાં નિકાહ કરીને દારૂલ ઇસ્લામમાં લાવ્યો તો નિકાહ બાકી રહેશે અને પોતે ચાલ્યો આવ્યો, તેને ત્યાંજ મુકી દીધો તો નિકાહ તુટી ગયો. (આલમગીરી)

**મસ્અલા (૪૯) :** મુસલમાને કિતાબીયાથી નિકાહ કર્યો હતો પછી તે મજૂસીયા (અગ્નિપૂજક)બની ગઇ તો નિકાહ ફસ્ક થઇ ગયો અને પુરૂષ માટે તે હરામ થઇ ગઇ, અને જો યહુદીયા હતી હવે નસરાની બની ગઇ અથવા નસરાનીયા હતી અને હવે યહુદીયા બની ગઇ તો નિકાહ બાતિલ થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૫૦) :** કિતાબી પુરૂષનો નિકાહ મુરતદ સ્ત્રી સિવાય દરેક કાફિરાથી થઇ શકે છે અને તેની ઔલાદ કિતાબીના હુકમમાં છે. મુસલમાન તથાકિતાબીયા થી ઔલાદ થઇ તોઔલાદ મુસલમાન કહેવાશે. (આલમગીરી)

**મસ્અલા (૫૧) :** પુરૂશ તથા સ્ત્રી કાફિર હતા, બંને મુસલમાન થયા તો એજ પાછલો નિકાહ બાકી છે. નવીન નિકાહની હાજત નથી અને જો કેવળ પુરૂષ મુસલમાન થયો તો સ્ત્રી પર ઇસ્લામ પેશ કરો જો મુસલમાન થઇ ગઇ તો ઠીક, નહી તો વિચ્છેદ કરાવીદો, એવીજ રીતે જો સ્ત્રી પહેલા મુસલમાન થઇ તો પુરૂષ પર ઇસ્લામ પેશ કરો જો ત્રણ હૈઝ આવવાથી પહેલા મુસલમાન થઇ ગયો તો નિકાહ બાકી છે. નહીતો પછીથી કોઇની પમ સાથે નિકાહ કરીલે, કોઇ તેને મના કરી શકતો નથી,

**મસ્અલા (૫૨) :** મુસલમાન ઔરત નો નિકાહ મુસલમાન પુરૂષ સ્વાય કોઇ મઝહબવાળાથી થઇ શકતો નથી અને મુસલમાનના નિકાહ માં કિતાબીયા સ્ત્રી છે, તેના પછી મુસલમાન સ્ત્રી સાથે નિકાહ કર્યો અથવા મુસલમાન ઔરત નિકાહમાં હતી, તેના હોવા છતાં કિતાબીયા થી નિકાહ સહીહ છે. (આલમગીરી)

**છટ્ઠો પ્રકાર-** આઝાદ ( જે લોંડીના હયતો) સ્ત્રી નિકાહમાં હોવા છતાં દાસીથી નિકાહ કરવો)

**મસ્અલા (૫૩) :** આઝાદ સ્ત્રી નિકાહમા છે અને દાસીથી નિકાહ કર્યો સહીહ થયો નહી, એવીજ રીતે એક અકદમા બંનેથી નિકાહ કર્યો તો આઝાદનો સહીહ થયો બાંદી (દાસી) થી થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૫૪) :** એક અકદમા આઝાદ સ્ત્રી અને બાંદીથી નિકાહ કર્યો અને કોઇ કારણે આઝાદ સ્ત્રી નો નિકાહ સહીહ થયો નહી તો બાંદી થી નિકાહ થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા (૫૫) :** પ્રથમ બાંદીથી નિકાહ કર્યો પછી આઝાદથી તો બંને નિકાહ થઇ ગયા અને જો બાંદીથી માલિકની ઇજાઝત વગર નિકાહ કર્યો અને દોખૂલ કર્યું ન હતું. પછી આઝાદ સ્ત્રીથી નિકાહ કર્યો, હવે તેના માલિકે ઇજાઝત આપી તો નિકાહ સહીહ થયો નહી. એવીજ રીતે જો ગુલામે માલિકની ઇજાઝત વગર આઝાદ સ્ત્રીથી નિકાહ કર્યો અને દોખૂલ (સંસર્ગ) કર્યો પછી બાંદીથી નિકાહ કર્યો. હવે માલિકે બંને નિકાહની ઇજાઝત આપી તો બાંદીથી નિકાહ થયો નહી. (આલમગીરી, રદ્દુલમુહતાર)

**મસ્અલા (૫૬) :** આઝાદ ઔરતને તલાક આપી તો જ્યાં સુધી તે ઇદતમાં છે બાંદીથી નિકાહ કરી શકતો નથી, ભલે ત્રણ તલાક આપી દિધી હોય, (આલમગીરી)

**મસ્અલા (૫૭) :** જો હુર્રહ (આઝાદ) નિકાહમાં ન હોય તો બાંદીથી નિકાહ જાઇઝ છે, ભલે એટલી યોગ્યતા છે કે આઝાદ સ્ત્રીથી નિકાહ કરીલે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૫૮) :** બાંદી નિકાહમાં હતી. તેને રંજઇ તલાક આપીને આઝાદ સ્ત્રીથી નિકાહ કર્યો. પછી રજઅત કરી લિધી તો તે બાંદી નિયમાનુસાર પત્ની થઇ ગઇ.

(દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૫૯) :** જો ચાર બાંદીઓ અને પાંચ આઝાદ સ્ત્રીઓથી એક અકદમાં નિકાહ કર્યો તો બાંદીઓનો નિકાહ થઇગયો અને આઝાદ ઓરતોનો ઘયો નહી અને બંને ચાર ચાર હતી તો આઝાદ ઔરતોનો થયો, બાંદીઓનો થયો નહી. (દુર્રેમુખ્તાર)

**સાતમો પ્રકાર : બીજાના હકની હુરમત**

**મસ્અલા (૬૦) :** બીજાની પત્ની થી નિકાહ થઇ શકતો નથી બલ્કે જો બીજાની (પત્ની) ઇદ્દતમાં હોય તો પણ નિકાહ થઇ શકતો નથી. અથવા ફાસિદ નિકાહમાં સમાગમ ના કારણે પણ નિકાહ થઇ શકતો નથી. (આમ્મ્કુતુબ)

**મસ્અલા (૬૧) :** બીજાની પત્ની થી નિકાહ કર્યો અને એ ખબર નહતી કે પરણેલી છે તો ઇદ્દત વાજિબ છે અને ખબર હતી તો ઇદ્દત વાજિબ નથી, (આલમગીરી)

**મસ્અલા (૬૨) :** જે સ્ત્રીને ઝિના (વ્યભિચાર) નો હમલ (ગર્ભ) છે તેનાથી નિકાહ થઇ શકે છે. પછી જો તેનોજ તેહમલ છે તો સંભોગ પણ કરી શકે છે અને જો બીજાનો છે તો જ્યાં સુધી બાળકનો જન્મ ન થઇ જાય સંભોગ જાઇઝ નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૬૩) :** જે સ્ત્રીનો હમલ "સાબિતુલનસ્બ" છે તેનાથી નિકાહ થઇ શકતો નથી. (આલમગીરી) (જાણ માટે સાબિતુલનસ્બ : એટલે બાપનો હમલ છે, દાદા દીકરાનો પૌત્ર આવી હાલતમા છોકરાથી દાદાથી વગેરેથી નિકાહ થશે નહિ.)

**મસ્અલા (૬૪) :** કોઇએ પોતાની ઉમ્મુલ વલ્દ (તે દાસી જેની પોતાના માલિકથી ઔલાદ પૈદા થઇ હોય) હામેલા નો નિકાહ બીજાથી કરી દીધો તો સહીહ થઇ ગયો (આલમગીરી)

**મસ્અલા (૬૫) :** જે દાસીથી સમાગમ કરતો હતો તેનો નિકાહ કોઇથી કરી દીધો તો નિકાહ થઇ ગયો પરંતુ માલિક પર અસ્તિબરા અર્થાત જ્યારે તેનો નિકાહ કરવા ચાહે તો સમાગમ ત્યજીદે ત્યાં સુધી કે તેને એક હૈઝ (માસિક) આવી જાય. હૈઝ પછી નિકાહ કરી દે અને પતિના માથે ઇસ્તિબંરા નથી માટે જો ઇસ્તિબરા થી પહેલા પતિએ સમાગમ કરી લીધો તો જાઇઝ છે પરંતુ કરવો ન જોઇએ અનેજો માલિક વેચવા ઇચ્છતો હોયતો ઇસ્તિબરા મુસ્તહબ છે ; વાજિબ નથી. વ્યભિચારીથી નિકાહ કર્યો તો ઇસ્તિબરાની હાજત નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૬૬) :** બાપ પોતાના પુત્રની શરઇ કનીઝ (શરઇ દાસી) થી નિકાહ કરી શકે છે. (આલમગીરી)

**આઠમો પ્રકાર :** (સંખ્યા સંબંધી : મુતઅલ્લિકે તઅદ્દુદ :)

**મસ્અલા (૬૭) :** આઝાદ (જે ગુલામ ના હોય તે) શખ્સને એક સમયમાં ચાર સ્ત્રીઓ અને ગુલામને બે કરતાં અધિક નિકાહ કરવાની ઇજાઝત નથી અને આઝાદ પુરૂષને દાસીનો અખત્યાર છે. તેના માટે કોઇ હદ નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૬૮) :** ગુલામને દાસી રાખવાની ઇજાઝત નથી જો કે તેના માલિકે ઇજાઝત આપી હોય. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૬૯) :** પાંચ ઔરતોથી એક અકદ સાથે નિકાહ કર્યો તો કોઇથી નિકાહ થયો અને જો દરેકથી અલગ અલગ અકદ કર્યો તો પાંચમીનો નિકાહ બાતિલ (રદ) છે. બાકીઓનો સહીહ થયો એવીજ રીતે ગુલામે ત્રણ સ્ત્રીઓ થી નિકાહ કર્યો તો તેમાં પણ એજ બે સુરતી છે. (આલમગીરી)

**મસ્અલા (૭૦) :** હરબીકાફિરે પાંચ સ્ત્રીઓથી નિકાહ કર્યો પછી સૌ મુસલમાન થયાં જો આગળ-પાછળ નિકાહ થયો તો પહેલાંની ચાર બાકી રાખવામાં આવે અને પાંચમી ને ત્યજી દે અને એક અકદ હતો તો સૌને અલગ કરીદે. (આલમગીરી)

**મસ્અલા (૭૧) :** બે સ્ત્રીઓથી એક અકદમાં નિકાહ કર્યો અને તેઓ પૈકી એક એવી છે જેનાથી નિકાહ થઇ શકતો નથી તો બીજીનો નિકાહ થઇ ગયો અને જે મહેર મજકૂરથયો તે સઘળો તેનેજ મળશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૭૨) :** "મુતઅ" હરામ છે, એવીજ રીતે જો કોઇ ખાસ સમય સુધી માટે નિકાહ કર્યો તો આ નિકાહ પણ થયો નહી, ભલે બસો વર્ષ માટે કરે,. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૭૩) :** કોઇ સ્ત્રી સાથે નિકાહ કર્યો કે આટલા દિવસો પછી તલાક આપી દેશે તો આ નિકાહ સહીહ છે, અથવા પોતાના મનમાં કોઇ મુદ્દત ઠેરવી લીધી હોય કે આટલા દિવસો માટે નિકાહ કરૂંછું પરંતુ જીભથી કાઁઇ કહ્યું નહી તો આ નિકાહ પણ થઇ ગયો. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૭૪) :** એહરામની હાલતમાં નિકાહ કરી શકે છે પરંતુ કરવો જોઇએ નહી. એવીજ રીતે મહરમ તે છોકરી નો પણ નિકાહ કરી શકે છે જે તેની વિલાયત (સરપરસ્તી) માં છે. (આલમગીરી)

**નવમો પ્રકાર :** "રઝાઅત" તેનું બયાન સવિસ્તર આવશે.

## દુધના સંબંધનું બયાન

**મસ્અલા (૧) :** બાળકને બે વર્ષ સુધી માતાનું દુધ પીવડાવવામાં આવે. તેનાથી વધુ સમયની ઇજાઝત નથી. દુધ પીનાર છોકરો હોય કે છોકરી, અને લોકોમાં જે એવું મશહુર છે કે છોકરીને બે વર્ષ સુધી અને છોકરાને અઢીવર્ષ સુધી દુધ પીવડાવી શકાય છે, તે સહીહ નથી. આ હુકમ દુધ પીવડાવવાનો છે અને નિકાહ હરામ થવા માટે અઢી વર્ષનો સમય છે. અર્થાત બે વર્ષ પછી જો કે દુધ પીવડાવવું હરામ છે પરંતુ અઢીવર્ષ અંદર જો દુધ પીવડાવી દેશે તો નિકાહની હુરમત સાબિત થઇ જશે, અને તેના પછી જો પીધું તો નિકાહની હુરમત સાબિત થઇ જશે, અને તેના પછી જો પીધું તો નિકાહની હુરમત નથી, જો કે (ત્યાં સુધી) પીવડાવવું જાઇઝ નથી.

**મસ્અલા (૨) :** દુધ પીવડાવવાની મુદ્દત પૂરી થયા પછી ઇલાજ તરીકે પણ દુધ પીવું અથવા પીવડાવવું જાઇઝ નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩) :** રેઝાઅ (અર્થાત દુધનો સંબંધ) સ્ત્રીનું દુધ પીવાથી સાબિત નથી. અને દુધ પીવાથી ભાવાર્થ એ મારૂફ (મશહૂર) તરીકો નથી બલ્કે જો હલક (ગળા) અથવા નાકમાં ટપકાવવામાં આવ્યું તો પણ એજ હુકમ છે અને થોડુ પીધું કે વધારે હર હાલતમાં હુરમત સાબિત થશે જ્યારેકે અંદર પહોંચી જવું ખબર હોય અને જો સ્તન મુખમાં લીધો પરંતુ એ ખબર નથી કે દુધ પીધું તો હુરમત સાબિત નથી. (હિદાયા, જહરહ વિગેરે)

**મસ્અલા (૪) :** સ્ત્રીનું દુધ જો હુકના (પીચકારી) થી અંદર પહોચાડવામાં આવ્યું અથવા કાનમાં ટપકાવવામાં આવ્યું અથવા પેશાબના સ્થળેથી પહોંચાડવામાં આવ્યું અથવા પેટ અથવા દિમાગમાં ઝખમ હતો તેમાં નાખ્યું કે અંદર પહોંચી ગયું તો આ સૂરતોમાં "રેઝાઅ" નથી (જવહરહ)

**મસ્અલા (૫) :** કુંવારી અથવા વૃધ્ધાનુદુધ પીધું બલ્કે મૃતક સ્ત્રીનું દુધ પીધું તો પણ રઝાઅત સાબિત છે. (દુર્રેમુખ્તાર) પરંતુ નવવર્ષ કરતાં ઓછી વયની છોકરીનુ દુધ પીધુ તો રેઝાઅ નથી. (જવહરેહ)

**મસ્અલા (૬) :** ઓરતે બાળકના મુખમાં સ્તન આપ્યો અને આ વાત લોકોને ખબર છે પરંતુ હવે કહે છે કે તે સમયે મારે દુધ ન હતું અને કોઇ બીજા માધ્યમથી પણ એ ખબર પડી શકતી નથી કે દુધ હતું કે નહી તો તેણીનું કહેવું માની લેવામાં આવશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૭) :** બાળકને જો દુધ પીવડાવવું છોડાવી દેવામા આવ્યું છે પરંતુ તેને કોઇ સ્ત્રીએ દુધ પીવડાવી દીધું, તો જો અઢીવર્ષની અંદર છે તો રેઝાઅ સાબિત થશે નહિતો નહી. (આલમગીરી)

**મસ્અલા (૮) :** સ્ત્રીને તલાક આપી દીધી, તેણે પોતાના બાળકને બે વર્ષ ના સમય સુધી દુધ પીવડાવ્યું તો બે વર્ષ પછી ની ઉજરત (બદલો, મહેનતાણુ)ની માંગણી કરી શકતી નથી, અર્થાત છોકરાનો બાપ ને ઉજરત (મજુરી) આપવા માટે મજબૂર કરવામાં આવશે નહી અને બે વર્ષ સુધી (અંદર) ની ઉજરત તેનાથી બળજબરીએ લઇ શકાય છે. (આલમગીરી)

**મસ્અલા (૯) :** બે વર્ષની અંદર બાળકોનો બાપ તેની માંને દુધ છોડાવવા માટે મજબૂર કરી શકતો નથી અને તેના પછી કહી શકે છે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૧૦) :** સ્ત્રીઓએ જરૂરત વગર દરેક બાળકને દુધ પીવડાવવું ન જોઇએ અને પીવડાવે તો પોતે પણ યાદ રાખે અને લોકોને એ વાત કહી પણ દે, સ્ત્રીએ પતિ ની ઇજાઝત વગર કોઇ બાળકને દુધ પીવડાવવું મકરૂહ છે. અલબત જો તેના હલાક (મૃત્યુ) થઇ જવાની શંકા છે તો કરાહત નથી, (રદદુલમુહતાર) પરંતુ અવધિની અંદર રેઝાઅત દરેક રીતે સાબિત છે.

**મસ્અલા (૧૧) :** બાળકે જે સ્ત્રીનું દુધ પીધું તે તેની દુધ માં બની જશે અને તેનો પતિ (જેનું આ દુધ છે અર્થાત તેના સમાગમથી બાળક પૈદા થયું જેનાથી સ્ત્રીને દુધ ઉતર્યું) તે દુધ પીનાર બાળકનો (દુધ) બાપ થઇ જશે. અને તે ઔરતની સઘળી ઔલાદો તેની ભાઇ બહેન બની જશે. ભલે એજ પતિ થી હોય કે બીજા પતિ થી, તેના દુધ પીવાથી પહેલાની છે કે બાદની અથવા સાથેની; અને સ્ત્રીના

ભાઇ મામા અને તેની બહેન માસી એવીજ રીતે તે પતિ ઔલાદ તેની ભાઇ બહેન અને તેના ભાઇ તેના કાકા અને તેની બહેનો તેની ફોઇઓ, ભલે પતિની આ ઔલાદો આ ઔરત થીજ હોય કે બીજાથી, એવીજ રીતે દરેકના માં બાપ તેના દાદા દાદી, નાના-નાની થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા (૧૨)** : પુરૂષે સ્ત્રીથી સમાગમ કર્યો અને તેનાથી ઔલાદ થઇ નહી, પરંતુ દુધ ઉતરી આવ્યું તો જે બાળક આ દુધ પીશે ઔરત તેની માં થઇ જશે પરંતુ પતિ તેનો (દુધ) બાપ નથી. માટે પતિની ઔલાદ જે બીજી પત્ની થી છે તેનાથી તેનો નિકાહ થઇ શકે છે.(જવાહરહ)

**મસ્અલા (૧૩)** : પહેલા પતિથી ઔરતની ઔલાદ થઇ અને દુધ હાજર હતું કે બીજાથી નિકાહ થયો અને કોઇ બાળકે દુધ પીધું તો પ્રથમ પતિ તેનો બાપ થશે. બીજો નહી. અને જ્યારે બીજા પતિથી ઔલાદ થઇ ગઇ તો હવે પ્રથમ પતિનું દુધ નથી બલ્કે બીજાનું છે. અને જ્યાં સુધી બીજાથી ઔલાદ થઇ નહી જો કે હમલ હોય પહેલાજ પતિનું દુધ છે, બીજાનું નહી. (જવહરહ)

**મસ્અલા (૧૪)** : માલિકે, દાસી (બાંદી) થી સમાગમ કર્યો અને ઔલાદ પૈદા થઇ તો જે બાળક આ દાસીનું દુધ પીશે તે તેની માં થશે અને માલિક તેનો બાપ ગણાશે (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૫)** : જે નસબ (વંશ) માં હરામ છે રેઝાઅ માં પણ હરામ છે પરંતુ ભાઇ અથવા બહેનની માં કે તે નસબમાં હરામ છે તે તેની માં થશે કે બાપની મૌતુઅહ (જેણીથી સંભોગ થએલ હોય તે) અને બંને હરામ અને રેઝાઅ હુરમતનું કોઇ કારણ નથી માટે હરામ નથી અને તેની ત્રણ સુરતો છે, રઝાઇભાઇ રઝાઇમાં અથવા રઝાઇ ભાઇની હકીકીમાં અથવા હકીકીભાઇની રઝાઇમાં, એવીજ રીતે પુત્ર અથવા પુત્રીની બહેન અથવા દાદીના નસબમાં પ્રથમ હાલતમાં પુત્રી થશે અથવા રબીબહ (સાવકી પુત્રી) અને બીજી હાલતમાં માં થશે અથવા બાપની મૌતુઆ (સંભોગ કરેલ) એવીજ રીતે કાકા અથવા ફઇની માં અથવા મામી અથવા માસીની માં ના નસબમાં દાદી, નાની થશે અને રેઝાઅમાં હરામ નથી અને તેઓમાંપણ એજ ત્રણ સુરતો છે. (આલમગીરી)

**મસ્અલા (૧૬)** : હકીકી ભાઇની રઝાઇ બહેન અથવા રઝાઇ ભાઇની હકીકી બહેન અથવા રઝાઇભાઇની રઝાઇબહેનથી નિકાહ જાઇઝ છે. અને ભાઇની બહેનથી નસબમાં પણ એક સુરત જવાઝની છે. અર્થાત સાવકાભાઇની બહેન જે બીજા બાપથી હોય. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૭)** : એક સ્ત્રીનું બે બાળકોએ દુધ પીધું અને તેઓમાં એક છોકરો એક છોકરી છે તો તેઓ ભાઇ બહેન છે અને નિકાહ હરામ. જો કે બંને એક એક સમયમાં ન પીધુ હોય બલ્કે બંનેમા વર્ષોનુ અંતર હોય, જોકે એકના સમયમાં એક પતિનુ દુધ હતુ અને બીજાના સમયમાં બીજાનું. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૮)** : દુધ પીનાર છોકરીનો નિકાહ દુધ પીવડાવનાર ના પુત્રો, પૌત્રાઓથી થઇ શકતો નથી કે તે તેમની બહેન અથવા ફોઇ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૯)** : જે સ્ત્રીથી ઝિના (વ્યભિચાર) કર્યો અને બાળક પૈદા થયું તે સ્ત્રીનું દુધ જે છોકરાએ પીધું તે ઝાની (વ્યભિચારીણી) પર હરામ છે. (જવહરહ)

**મસ્અલા (૨૦)** : પાણી અથવા દવામાં સ્ત્રીનું દુધ મેળવીને પીવડાવ્યું તો જો દુધ ગાલિબ (વધારે) છે અથવા બરાબર (સરખુ) તો રેઝાઅ છે. મગબૂલ (ઓછું) છે તો નથી. એવીજ રીતે જો બકરી વિગેરે કોઇ જાનવર ના દુધમાં મેળવીને આપ્યું તો જો આ દુધ ગાલીબ છે તો રેઝાઅ નથી. નહીતો રેઝાઅ છે અને બે સ્ત્રીઓનું દુધ મેળવીને પીવડાવ્યું તો જેનુ વધારે છે તેનાથી રેઝાઅ સાબિત છે અને એક રિવાયત એચે કે વસ્તુ બંનેથી રેઝાઅ સાબિત છે. (જવહરહ)

**મસ્અલા (૨૧)** : ભોજનમાં સ્ત્રીનું દુધ મેળવી ને આપ્યું જો તે પાતળી વસ્તુ પીવાના યોગ્ય છે અને દુધ ગાલિબ અથવા બરાબર છે તો રેઝાઅ સાબિત છે. નહી, તો સાબિત નથી. અને જો પાતળી વસ્તુ નથી તો સર્વથા સાબિત નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૨૨)** : દુધનું પનીર અથવા રબડી બનાવી બાળકને ખવડાવ્યું તો રેઝાઅ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૩)**:ખુન્શા મુશ્કીલ (જે હિજડાનાં પુરૂષ સ્ત્રી બન્નેના ગુપ્તાંગો હોય તે) હીજડાને દુધ ઉતર્યું, તેને બાળકને પાયું તો જો તેનું સ્ત્રી હોવું જણાયું તો રેઝાઅ છે અને પુરૂષ હોવું જણાયું તો રેઝાઅ નથી. અને કાંઈ જાણી શકાયું નહી તો જો સ્ત્રીઓ કહે કે, તેનું દુધ સ્ત્રીના દુધ જેવું

છે તો રેઝાઅ છે. નહી તો રેઝાઅ નથી. (જવહરહ)

**મસ્અલા (૨૪)** : કોઈ ની બે પત્નીઓ છે, મોટીએ નાનીને કે જે શીરખ્વાર (દુધપીતી) છે. દુધ પીવડાવી દીધું તો બન્ને તેના પર નિત્ય માટે હરામ થઈ ગઈ. એ શરતે કે મોટી સાથે સમાગમ કરી લીધો હોય. અને સમાગમ ન કર્યો હોય તો બે સુરતો છે, એક એકે મોટીને તલાક આપી દીધી હોય અને તલાક પછી તેણે દુધ પીવડાવ્યું તો મોટી હમેશ માટે હરામ થઈ ગઈ અને નાની નિયમાનુસાર નિકાહમાં છે, બીજું એ કે તલાક આપી નથી અને દુધ પીવડાવી દીધું તો બંનેના નિકાહ રદ થઈ ગયો પરંતુ નાનીથી ફરીથી નિકાહ કરી શકે છે અને મોટીથી સમાગમ કર્યો હોય તો પૂરી મહેર મેળવશે અને સમાગમ ન કર્યો હોય તો કાંઈ મળશે નહી પરંતુ જયારે કે દુધ પીવડાવવા માટે મજબૂર કરવામાં આવી અથવા સૂઈ રહેલી હતી, નિંદ્રવસ્થામાં નાની એ દુધ પીલીધું (ધાવી લીધું) અથવા ગાંડી હતી કે ગાંડપણની હાલતમાં દુધ પીવડાવી દીધું અથવા તેનું દુધ કોઈ બીજાએ નાનીના ગળામાં ટપકાવી દીધું તો આ હાલતોમાં અર્ધી મહેર મોટી પણ પામશે અને અર્ધી મહેર નાનીને મળશે પછી જો મોટીએ નિકાહ રદ કરવાના ઈરાદાથી પીવડાવ્યું તો પતિ આ અર્ધ મહેર જે નાનીને આપશે, મોટીથી વસુલ કરી શકે છે. એવી જ રીતે તેનાથી વસૂલ કરી શકે છે જેણે નાનીના હલક (ગળામાં) દુધ ટપકાવી દીધું બલ્કે તેનાથી તો નાની અને મોટી બંનેનુ અર્ધુ-અર્ધુ મહેર વસૂલ કરી શકે છે. જ્યારેકે તેનો હેતુ નિકાહ રદ કરી દેવું હોય અને જો નિકાહ રદ કરવું નહોય તો કોઇ હાલતમાં કોઈથી લઇ શકતો નથી અને જોએ ખ્યાલ કરીને દુધ પીવડાવ્યુ છે કે ભૂખી છે, હલાક થઇ જશે તો આ હાલતમાં પણ રેઝાઅ નથી. સ્ત્રી કહે છે કે નિકાહ રદ કરવાના ઈરાદાથી પીવડાવ્યું ન હતું તો સોગંદ સાથે તેનુ કથન માની લેવામા આવે

(જવહરહ, દુર્રેમુખ્તાર,રદદુલમુહતાર)

**મસ્અલા (૨૫)** : મોટીએ નાની ને ભૂખી સમજીને દુધ પીવડાવી દીધું પછીથી ખબર પડી કે ભૂખી ન હતી તો એ ન કહેવામાં આવશે કે નિકાહ રદ કરવાના ઈરાદાથી દુધ પીવડાવ્યું હતું (જવહરહ)

**મસ્અલા (૨૬)** : રેઝાઅતની સાબિતી માટેબે પુરૂષ અથવા એક પુરૂષ અને બેસ્ત્રીઓ આદિલ (શરીઅતનાપાબંદ) હોય. જો કે તે સ્ત્રી પોતે દુધ પીવડાવનાર હોય, કેવળ સ્ત્રીઓની ગવાહી થી સાબિતી થશે નહી. પરંતુ સારૂં છે કે સ્ત્રીઓના કહેવાથી પણ જુદાઇ કરીલે. (જવહરહ)

**મસ્અલા (૨૭)** : રઝાઅતની સાબિતી માટે સ્ત્રીના દાવો કરવાની કાંઈ જરૂરત નથી પરંતુ વિચ્છેદ કાઝીના હુકમથી થશે અથવા ત્યકતાથી સમાગમ શાળીથી કહેવાની જરૂરત છે દા.ત. એ કહે કે મેં તને જુદી કરી અથવા ત્યજી અને વગર સમાગમવાળી માં કેવળ તેનાથી અલગ થઇ જવું કાફી છે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૨૮)** : કોઇ સ્ત્રીથી નિકાહ કર્યો અને એક સ્ત્રીએ આવીને કહ્યું મેં તમને બંનેને દુધ પીવડાવ્યુ છે, જો પતિ અથવા બંને તેના કહેવાને સાચું સમજતા હોય તો નિકાહ ફાસિદ (રદ) છે અને સમાગમ ન કર્યો હોય તો મહેર કાંઇ નથી. અને જો બંને તેની વાત જૂઠી સમજતા હોય તો બહેતર જુદાઇ છે. જો તે સ્ત્રી આદિલા (ફાસિકના હોય શરીઅત પરઅમલ કરનાર) છે. પછી જો સમાગમ ન થયો હોય તો પુરૂષ માટે સારૂ એછે કે અર્ધી મહેર આપે અને સ્ત્રી માટે સારૂ એ છે કે લે નહી અને સમાગમ થયો છે તો અફઝલ એ છે પૂરી મહેર આપે, અને નાનનફકા (ભરણપોષણ) પણ આપે, અને સ્ત્રી માટે અફઝલ એછે કે મહેરેમિસ્લ અને મુકર્રર શુદા મહેર માં જે ઓછું છે તે લે. ને જો સ્ત્રી ને જુદી ન કરે તો પણ વાંધો નથી. એવીજ રીતે જો ગેર આદિલ (ફાસિક) અથવા બે સ્ત્રીઓ અથવા એક પુરૂષ અને એક સ્ત્રીએ શહાદત આપી તો તેમાં પણ એજ સૂરતો છે. અને જો પત્નીએ તે ખબર ની પુષ્ટી કરી અને પતિએ જુઠલાવ્યું તો નિકાલ ફાસિદ નથી પરંતુ પત્ની પતિ થી સોગંદ લઇ શકે છે, જો સોગંદ ખાવાનો ઇન્કાર કરે તો વિચ્છેદ કરી દેવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા (૨૯)** : સ્ત્રી પાસે બે આદિલો એ (જેઓ ફાસિકેમુઅલીન ના હોયતે) શહાદત આપી અને પતિ ઇન્કાર કરે છે પરંતુ કાઝી (શરઇન્યાયાધીશ) પાસે શહાદત ગુઝરી નથી. પછીઆ ગવાહો મરી ગયા અથવા ગાયબ થઇ ગયા તો ઔરત ને તેની પાસે રહેવુ જાઇઝ નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૦)** : કેવળ બે સ્ત્રીઓએ કાઝી પાસે રઝાઅત ની શહાદત આપી અને કાઝી એ વિચ્છેદનો હુકમ આપી દીધો તો આ હુકમ લાગુ થશે નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૧) :** કોઇ સ્ત્રી સંબંધે કહ્યું કે આ મારી દુધ શરીક બહેન છે. પછી તે ઇકરાર થી ફરી ગયો તો તેનું કહેવું માની લેવામાં આવે અને જો ઇકરાર સાથે એમ પણ કહ્યું કે આ વાત ઠીક છે, સાચી છે, સાચુ એ છે કે જે મેં કહીદીધું, તો હવે ઇકરાર થી ફરી શકતો નથી. અને જો તે સ્ત્રીથી નિકાહ કરી લીધો હતો, હવે આ પ્રકારનો ઇકરાર કરે છે તો જુદાઇ કરી દેવામાં આવે છે. અને જો સ્ત્રી ઇકરાર કરીને ફરી ગઇ જો કે ઇકરાર પર આગ્રહ કર્યો અને અડગ રહી તો તેનુ કથન પણ માની લેવામાં આવે. બંને ઇકરાર કરીને ફરી ગયા તોપણ એજ એહકામ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૨) :** પુરૂષે પોતાની પત્નીનું સ્તન ચુસ્યું' તો નિકાહમાં કોઇ નુકસાન આવ્યું નહી, ભલે દુધ મુખમાં આવીગયું બલ્કે ગળામાં ઉતરી ગયું. (દુર્રેમુખ્તાર)

## વલીનું બયાન

ઇમામ અહમદ તથા ઇમામ મુસ્લિમ, ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હોમાથી રાવી કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમે ફરમાવ્યુસૈયિબ (જે કુંવારી ના હોય તે જે પતિ પાસે રહી ચુકી હોય, પછી વિધવા-યા તલાક થઇ ગએલ હોય તે) વલીથી અધીક પોતાના નફસની હકદાર છે અને કુવારીથી ઇજાઝત લેવામાં આવે અને ચુપ રહેવું પણ તેની (કુંવારીની) રજા મંદી છે. અબૂદાઉદ તેમનાથીજ રાવીકે, એક જવાન છોકરી, (કુંવારી) રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય હે વસલ્લમ ની ખિદમતમાં હાજર થઇ અને અરજ કરીકે તેના બાપે નિકાહ કરી દીધો અને તે પોતે તે નિકાહને પસંદ કરતી નથી, હુઝૂરે તેને અખત્યાર આપ્યો અર્થાત ઇચ્છે તો આ નિકાહ ને જાઇઝ કરી દે અથવા રદ કરી દે.

## : ફિક્હીમસાઇલ :

વલી તે છે જેનો કોલ બીજા પર લાગુ પડે (ભલે) બીજો ઇચ્છેકે ન ઇચ્છે. વલીનું આકિલ (ગાંડોના હોય) બાલિગ હોવું (પુખ્તવયનો હોય) શરત છે. બાળક અને પાગલ વલી બની શકતો નથી. મુસલમાનના વલીનું મુસલમાન હોવું પણ શર્ત છે કે કાફિરને મુસલમાન પર કોઇ અખત્યાર નથી. મુત્તકી (પરહેઝગાર) હોવું શરત નથા, ફાસિક પણ વલી થઇ શકે છે. વાલીપણા ના કારણ ચાર છે. (૧) કરાબત (સંબંધ) (૨) મિલ્ક (૩) વિલા (૪) ઇમામત (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા (૧) :** સંબંધના કારણે વિલાયત અસ્બા બેનફસેહિ માટે છે. અર્થાત તે પુરૂષ જેને તેનાથી સંબંધ કોઇ ઔરતના માધ્યમથી ન હોય અથવા એમ સમજો કે તે વારસ કે તે ઝવીલ ફોરૂઝ પછી જે કાંઇ વધે સઘળું લઇલે અને જો ઝવીલ ફરૂઝ ન હોય તો સઘળો માલ એજ લે. એવા સંબંધવાળો વલી છે. અને અહીંયા પણ જ તરતીબ (ક્રમ) દષ્ટ્રિગત છે, જે વિરાસતમાં વિશ્વાલ પાત્ર (માન્ય) છે, અર્થાત સૌમાં મુકદમ-(પ્રમુખ) પુત્ર, પછી પૌત્રો, પછી પર પૌત્રો, ભલે કેટલીએ પુશ્તો (પેઢીઓ) નું અંતર હોય, તે નહોયતો બાપ, પછી પરદાદો પછી દાદો વિગેરે, ભલે કેટલીએ પેઢી ઉપરના હોય, પછી સગોભાઇ, પછી સાવકોભાઇ, પછી સગાભાઇનો છોકરો, પછી સાવકાભાઇ નો છોકરો, પછી સગો કાકો, પછી સાવકો કાકો, પછી સગા કાકાનો છોકરો પછી સાવકા કાકાનો છોકરો, પછી બાપનો સગો કાકો પછી સાવકો કાકો, પછી બાપના સગા કાકાનો છોકરો, પછી સાવકા કાકાનો છોકરો, ખુલાસો એકે, તે ખાનદાનમાં સૌથી વધુ નિકટનો સગો જે પુરૂષ હોય, તે વલી છે. જો પુત્રના હોય તો જે હુકમ પુત્રનો છે એજ પૌત્રાનો છે, તે ન હોય તો પર પૌત્રાનો છે. અને અસબા ના વલી થવામાં તેનુ આઝાદ (ગુલામ નાહોયતે) હોવું શર્ત છે. જો ગુલામ છે તો તેને વાલીપણું નથી. બલ્કે તે હાલતમાં વલી તેથશે જે તેના પછી વલી થઇ શકે છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર

**મસ્અલા (૨) :** કોઇ પાગલ ઔરતનો બાપ, દીકરો, અથવા દાદા અને પુત્રીઓ છે તો દીકરો વલી છે. બાપ અને દાદા વલી નહી, પરંતુ તે સ્ત્રીનો નિકાહ કરવા ઇચ્છે તો ઉત્તમ એ છે કે, બાપ તેના પુત્ર (અર્થાત પોતાના નવાસા) ને નિકાહ કરાવી દેવાનો હુકમ આપી દે. (આલમગીરી)

**મસ્અલા (૩) :** 'અસબહ' ન હોય તો માં વલી છે. પછી દાદી પછી નાની પછી પુત્રી પછી પૌત્રો પછી નવાસી પછી પરપૌત્રી પછી નવાસીની પુત્રી પછી નાના પછી સગી બહેન પછી સાવકી બહેન પછી અખ્યાફીભાઇ બહેન (જેના બાપ અલગ હોય અને માં એક હોય) આ બંને એક દરજા ના છે. તેમના પછી બહેન વિગેરેની ઔલાદ એજ

ક્રમથી પછી ફોઇ પછી મામી પછી માસી પછી પિત્રાઇ બહેન પછી એજ ક્રમથી તેમની ઔલાદ (ખાનિયહ, દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા (૪)** : જ્યારે (ઉપરોક્ત) સગાઓ હાજર ન હોય તો વલી "મૌલલમવાલાત" છે, જેના હાથ પર તેનો બાપ ઈસ્લામ થી પાવન થયો હોય અને પ્રતિજ્ઞા કરી કે તેના પછી તે તેનો વારિસ થશે અથવા બંનેએ એક બીજાનો વારિસ થવું ઠેરવી લીધું હોય. (ખાનિયહ, રદ્દુલમુહતાર)

**મસ્અલા (૫)** : તે સૌની પછી ઈસ્લામીબાદશાહ વલી છે. પછી કાઝી, (મુસ્લિમ ન્યાયાધિશ-ઈસ્લામી શહેર કાઝી) જ્યારેકે બાદશાહ તરફથી તેને નાબાલિગોના નિકાહનો અધિકાર આપવામાં આવ્યો હોય અને જો તેના હસ્તક આ કામ ન હોય અને નિકાહ કરી આપ્યો પછી બાદશાહ તરફથી આ ખિદમત પણ તેને સુપ્રત થઇ અને કાઝી એ તે નિકાહને જાઇઝ કરી દીધો તો જાઇઝ થઇ ગયો. (ખાનિયહ)

**મસ્અલા (૬)** : કાઝીએ જો કોઇ ના બાલિગ છોકરી સાથે પોતાનો નિકાહ કરી લીધો તો આ નિકાહ વલી વગર થયો અર્થાત આવી હાલતમાં કાઝી વલી નથી. એવીજ રીતે બાદશાહે જો એવું કર્યું તો આ પણ વલી વગરનો નિકાહ થયો અને જો કાઝીએ ના બાલિગ છોકરીનો નિકાહ પોતાના બાપ અથવા પુત્ર સાથે કરી દીધો તો તે પણ જાઇઝ નથી. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૭)** : કાઝી પછી, કાઝીનો નાયબ છે જ્યારે કે બાદશાહે ઈસ્લામે કાઝીને આ અખત્યાર આપ્યો હોય અને કાઝી એ તે નાયબને ઈજાઝત આપી હોય અથવા સઘળા કાર્યોમા તેને નાયબ બનાવ્યો હોય. (રદ્દુલમુહતાર)

**મસ્અલા (૮)** : 'વલી'ને અખત્યાર નથી કે યતીમ નો નિકાહ કરી દે, જો કે તે યતીમના બાપ દાદાએ વસીયત પણ કરી હોય કે મારા પછી તમે તેનો નિકાહ કરાવી દેજો, અલબત જો તે નિકટનો સગો અથવા હાકિમ છે તો કરીશકે છે કે, હવે તે 'વલી' પણ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૯)** : નાબાલિગ બાળકની કોઇએ પરવરીશ (ઉછેર) કરી, દા.ત. તેને દત્તક લીધો અથવા લાવારિસ બાળક ક્યાંક પડેલુ મળ્યું તેને ઉછેર્યું તો આ શખ્સ તેના નિકાહનો વલી નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૦)** : લોંડી-ગુલામના નિકાહનો વલી તેમનો માલિક છે, તેના સિવાય કોઇ ને વિલાયત નથી, જો કોઇ બીજાએ અથવા તેણે પોતે નિકાહ કરી લીધો તો તે નિકાહ માલિકની ઈજાઝત પર આધારિત રહેશે. જાઇઝ કરી દેશે તો જાઇઝ થઇ જશે. રદ કરી દેશે તો બાતલ થઇ જશે, અને જો ગુલામ બે શખ્સોમાં સંયુક્ત છે તો એક શખ્સ એકલો તેનો નિકાહ કરી શકતો નથી. (ખાનિયહ)

**મસ્અલા (૧૧)** : મુસલમાન શખ્સ કાફિર સ્ત્રીના નિકાહનો વલી નથી પરંતુ કાફિરાદાસી નો વલી તેનો માલિક છે, એવીજ રીતે ઈસ્લમી બાદશાહ અને કાઝી પણ કાફિર સ્ત્રીના વલી છે કે તેમને તેનો નિકાહ કરવાની ઈજાઝત છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૨)** : લોંડી, ગુલામ વલી થઇ શકતા નથી ત્યાં સુધી કે 'મકાતિબ' પોતાના છોકરાનો વલી નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૩)** : કાફિર અસલી (મૂળ) કાફિર અસલીનો વલી છે અને મુરતદ કોઇનો પણ વલી નથી ન મુસ્લિમનો ન કાફિરનો, ત્યાં સુધી કે મુરતદ મુરતદનો પણ વલી નથી. (મુર્તદ, એટલે ઈસ્લામ કબુલ કર્યા પછી ફરી ગયો હોય તે) (આલમગીરી)

**મસ્અલા (૧૪)** : વલી જો પાગલ થઇ ગયો તો તેની વિલાયત (વાલીપણું) જતું રહ્યું અને જો એ પ્રકારનો પાગલ છે કે ક્યારેક પાગલ રહે છે અને ક્યારેક હોશમાં તો વિલાયત બાકી છે, સ્વાસ્થ્યની હાલતમાં જે કાંઇ કાર્યકરશે લાગુ થશે. (આલમગીરી)

**મસ્અલા (૧૫)** : છોકરો મઅતુવા (નાફરમાન-બેઅદબ) કે પાગલ છે અને એજ હાલતમાં બાલિગ થયો તો બાપની વિલાયત હજુ પણ નિયમાનુસાર બાકી છે અને બાલિગ થવાના સમયે સારો હતો પછી પાગલ અથવા મઅતુવા (નાફરમાન) થઇ ગયો તો તેનો પુત્ર વલી છે, પોતાના બાપનો નિકાહ કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૧૬)** : પોતાના બાલિગ છોકરાનો નિકાહ કરી દીધો અને હજુ છોકરાએ જાઇઝ કર્યો ન હતો કે પાગલ થઇ ગયો, હવે તેના બાપે નિકાહ જાઇઝ કરી દીધો તો જાઇઝ થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા (૧૭)** : ના બાલિગ પોતાનો નિકાહ ખૂદ કર્યો અને ન તેનો વલી છે ન ત્યાં હાકિમ છે તો આ નિકાહ મોકૂફ છે. બાલિગ થઇ ને જો જાઇઝ કરી દેશે તો થઇ જશે, અને જો નાબાલિગે બાલિગ ઔરતથી નિકાહ કર્યો પછી ગાયબ થઇ ગયો, પછી ઔરતે બીજો નિકાહ કર્યો અને ના બાલિગે બાલિગ થવાના સમયે નિકાહ જાઇઝ કરી દીધો હતો, જો બીજો નિકાહ ઇજાઝત થી પહેલા કર્યો બીજો નિકાહ થઇ ગયો અને પાછાળથી કર્યો તો થયો નહી. અને હવે પ્રથમનો નિકાહ થઇ ગયો. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૧૮)** : બે બરાબરના વલીએ નિકાહ કરી દીધો દા.ત. તેના બે સગાભાઇ છે, બંનેએ નિકાહ કરીદીધો જેણે પહેલા કર્યો તે સહીહ છે અને જો બંનેએ એક સાથે કર્યો હોય અથવા એ ખબર ન હોય કે કોણ પાછળ છે કોણ પ્રથમ તો બંને નિકાહ બાતિલ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૯)** : નિકટતમ વલી ગાયબ છે, તે સમયે દૂરવાળા વલી એ નિકાહ કરી દીધો તો સહીહ છે, અને જો તેની ઉપસ્થિતિમાં નિકાહ કર્યો તો તેની ઇજાઝત પર આધારિત છે. કેવળ તેનું મૌન કાફી નથી બલ્કે શરાહતન (સ્પષ્ટ) અથવા દલાલ તન (સાંકેતિત) ઉજાઝતની જરૂરત છે. ત્યાં સુધી કે જો નિકટ નો વલી મજલિસમાં હાજર હોય તો તે પણ ઇજાઝત નથી અને જો તે નિકટના વલી ન ઇજાઝત ાપી હતી ન રદ કર્યું અને મરી ગયો અથવા ગાયબ થઇ ગયો કે હવે વિલાયત એજ દૂરના વલીને પહોંચી તો તે પહેલામાં તેનો નિકાહ કરી દેવું ઇજાઝત નથી બલ્કે હવે તેની નવીન ઇજાઝત દરકાર છે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૨૦)** : વલીના ગાયબ થવાથી મુરાદ એ છે કે જો તેનો ઇન્તેઝાર કરવામાં આવે તો તે જેણે પયગામ આપ્યો છે અને "કુફવ" પણ છે, હાથમાંથી છટકી જશે, જો નિકટનો વલી મફકુદલખબર (લાપતા) હોય, અથવા ક્યાંક પ્રવાસ કરતો હોય કે તેનો પત્તો ખબર ન હોય અથવા તે વલી એજ શહેરમાં લુપ્ત છે પરંતુ લોકોને તેના હાલની ખબર નથી અને દૂરના વલીએ નિકાહ કરાવી દીધો અને તે હવે જાહેર થયો તો નિકાહ સહીહ થઇ ગયો. (ખાનિયહ વિગેરે)

**મસ્અલા (૨૧)** : નિકટનો વલી વિલાયત યોગ્ય નથી. દા.ત. બાળક છે અથવા પાગલ છે તો પછીનો વલીજ નિકાહનો વલી છે. (આલમગીરી)

**મસ્અલા (૨૨)** : વલી જો ગાયબ પણ થઇ જાય અને તેનો પત્તો પણ લાગે નહી, પણ લોંડી-ગુલામના નિકાહની વિલાયત તેનેજ છે, તેના સગાઓ વલી નથી. (આલમગીરી)

**મસ્અલા (૨૩)** : લોંડી-(દાસી) આઝાદ થઇ ગઇ અને તેનો "અસબહ" (બાપતરફથી રિશ્તેદાર) કોઇ ન હોય તો તે અસહબ છે જેણે તેને આઝાદ કરી, અને તેનીજ ઇજાઝતથી નિકાહ થશે, તે પુરૂષ હોય કે સ્ત્રી, અને ઝવીલ-અરહામ પર આઝાદ કરનાર અગ્રિમતા ધરાવે છે. (જવહરહ, નીરહ)

**મસ્અલા (૨૪)** : કફવ એ પયગામ આપ્યો અને મહેર મિસ્લ પણ આપવા માટે તૈયાર છે પરંતુ નિકટનો વલી છોકરીનો નિકાહ તેનાથી કરતો નથી બલ્કે કારણ વગર ઇન્કાર કરે છે તો પછી વાળો વલી નિકાહ કરી શકે છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૨૫)** : નાબાલિગ અને પાગલ અને લોંડી-ગુલામના નિકાહ માટે વલી શર્ત છે, વગર વલી એ તેમનો નિકાહ થઇ શકતો નથી અને આઝાદ બાલિગા-આકિલા એ વગર વલીએ કુફવ થી નિકાહ કર્યો તો નિકાહ સહીહ થઇ ગયો અને ગેર કુફવ કર્યો તો નિકાહ થયો નહી જો કે નિકાહ પછી રાજી થઇ ગયો. અલબત્ત જો વલીએ મૌનધારણ કર્યું અને કાંઇ જવાબ આપ્યો નહી અને ઔરત ને બાળક પણ પૈદા થઇ ગયું તો હવે નિકાહ સહીહ માનવામાં આવશે (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૨૬)** : જે ઔરતનો કોઇ "અસહાબ" ન હોય તે જો પોતાનો નિકાહ જાણી જોઇ ને "ગેરકુફવ" થી કરે તો નિકાહ થઇ જશે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૨૭)** : જે ઔરતને તેના પતિએ ત્રણ તલાકો આપી દીધી ઇદ્દત પછી તેણે જાણી જોઇને ગેર કુફવથી નિકાહ કરી લિધો અને વલી રાજી નથી અથવા વલીને તેનું ગેર કુફવ હોવું ખબર નથી તો આ ઔરત પ્રથમ પતિ માટે હલાલ થઇ નહી, (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૨૮)** : એકજ દરજ્જાના કેટલાક વલી હોય તો કેટલાકનું રાજી થઇ જવું કાફી છે અને જો વિવિધ દરજ્જાના હોય તો નિકટનાનું રાજી થવું જરૂરી છે કે

વાસ્તવમાં એજ વલી છે અને જે વલીની રજા થી નિકાહ થયો, જયારે તેને કહેવામા આવ્યું તો એમ કહે છે કે આ શખ્સ કુફવ છે તો હવે તેની રઝા બેકાર છે. તેની રજાથી બાકીના વારિસોનો હકક નષ્ટ થશે નહી. (રદદુલમુહતાર વિગેરે)

**મસ્અલા (૨૯)** : રાજીથવું બે પ્રકારે છે : એક એ કે સ્પષ્ટતાથી કહી દે કે હું રાજી છું. બીજું એકે કોઇ એવું કાર્ય જોવામા આવે જેનાથી રાજીથવું સમજવામાં આવતું હોય દા.ત. મહેર પર કબ્જો કરવું અથવા મહેરની માંગણી અથવા દાવો કરવું અવવા ઔરતને વિદાય કરવું કે આ સઘળા કાર્યો રાજી હોવાની દલીલ છે, તેને "દલાલતનરજા" કહે છે અને વલીનું મૌન રજા નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૦)** : બાલિગ કુવાંરી, શાફેઇ સ્ત્રીએ હનફી સાથે નિકાહ કર્યો અને તેનો બાપ રાજી નથી, તો નિકાહ સહીહ થઇ ગયો.એવીજ રીતે તેનાથી ઉલ્ટું. (આલમગીરી)

**મસ્અલા (૩૧)** : બાલિગ (પુખ્તવયની) આકેલા (ગાંડી ના હોયતે) સ્ત્રીનો નિકાહ તેની ઇજાઝત વગર કોઇ કરી શકતો નથી, ન તેનો બાપ ન બાદશાહે ઇસ્લામ, કુંવારી હોય કે સૈયિબ. (જે કુંવારી ના હોય તે) એવીજ રીતે બાલિગ આઝાદ પુરૂષ અને મકાતિબ તથા મકાતિબાહ નો અકદ-નિકાહ તેમની મરજી વગર કોઇ કરી સકતો નથી. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૨)** : કુંવારી સ્ત્રીથી તેના વલી અથવા વલીના વકીલ વકીલ અથવા કાસિદ (એલચી) એ અનુમતિમાંગી અથવા વલીએ ઇજાઝત લિધાવગર નિકાહ કરી દીધો, હવે તેના કાસિદે અથવા ફોઝુલી (વ્યર્થ) આદિલે ખબર આપી અને તે સ્ત્રીએ મૌન ધારણ કર્યું અથવા હસી અથવા સ્મિત કર્યું અથવા અવાઝ કાઢચા વગર રડી તો આ સઘળા સ્વરૂપોમાં અનુમતિ સમજવામાં આવશે કે, પ્રથમ સૂરતમાં નિકાહ કરી દેવાની ઇજાઝત છે બીજીમાં કરેલો નિકાહ મંજુર છે અને જો અનુમતિમાંગતા સમયે અથવા જે સમયે નિકાહ થઇ જવાની ખબર આપવામાં આવી તેણે સાંભળીને કાંઇ જવાબ આપ્યો નહી બલ્કે બીજા કોઇથી વાત કરવું શરૂ કર્યુ પરંતુ નિકાહને રદ ન કર્યો તો આપણ ઇઝન (અનુમતિ) છે. અને જો ચુપ રહેવું એ કારણે થયું કે તેને ખાંસી અથવા છીંક આવી ગઇ તો આ રઝા નથી. તેના પછી રદ કરી શકે છે, એવીજ રીતે જો કોઇએ તેનું મૂખ બંધ કરી દીધું કે બોલી શકી નહી તો રઝાનથી અને હસવું જો મઝાક ની રીતે હોય અથવા રડવું અવાઝથી હોય તો ઇઝન નથી. (દુર્રેમુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૩૩)** : એકજ દરજ્જાના બે વલીએ એકજ સમયે બે શખ્સોથી નિકાહ કરી નખ્યોં અને બંનેની ખબર એકસાથે પહોચી ઔરતે મૌન ધારણ કર્યુ તો બંને મોકૂફ છે. પોતાના કોલ અથવા ફેલ થી જે એકને જાઇઝ કરી લે જાઇઝ છે અને બીજો બાતિલ અને બંનેને જાઇઝ કર્યા તો બંને બાતિલ અને બંનેએ ઇઝન માંગ્યું અને ઔરતે મૌન રાખ્યું તો જે પહેલા નિકાહ કરી દે તે થશે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩૪)** : વલીએ નિકાહ કરી દીધો, ઔરતને ખબર પહોંચી તેણે મૌન રાખ્યું પરંતુ તે સમયે પતિ મરી ગયો હતો તો આ ઇઝન નથી. અને જો પતિના મરી જવા પછી કહે છે કે મારા ઇઝનથી મારા બાપે તેનાથી નિકાહ કર્યો અને પતિના વારસદારો ઇન્કાર કરે તો ઔરતનો કોલ માનવામાં આવશે. માટે વારિસ થઇ ગઇ અને ઇદ્દત વાજિબ થઇ ગઇ. અને જો ઔરતે એ બયાન કર્યું કે મારા ઇઝન વગર નિકાહ થયો પરંતુ જ્યારે નિકાહની ખબર પહોંચી મેં નિકાહ ને જાઇઝ કર્યો તો હવે વારસદારો નો કોલ વિશ્વાસપાત્ર છે. હવે નમહેર પામશે ન મિરાસ, હવે એ સવાલ રહ્યો કે ઇદ્દત ગુજારસે કે નહી. જો વાસ્તવમાં સાચી છે તો ઇદ્દત ગુજારે નહી તો નહી. પરંતુ નિકાહ કરવા ઇચ્છે તો ઇદ્દત સુધી રોકવામા આવશે કે જ્યારે તેણે પોતાનો નિકાહ થવું બયાન કર્યું તો હવે ઇદ્દત વગર કેવી રીતે નિકાહ કરશે.(આલમગીરી, દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩૫)** : ઔરતથી ઇઝન લેવા ગયો, તેણે કહ્યું કોઇ બીજા સાથે થતો તો સારૂં થાત, તો આ ઇન્કાર છે અને જો નિકાહ પછી ખબર આપવામાં આવી અને ઔરતે એજ શબ્દો કહ્યા તો કબૂલ સમજવામાં આવશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૬)** : વલી તે સ્ત્રીથી પોતે પોતાનો નિકાહ કરવા ઇચ્છે છે અને ઇજાઝત લેવા ગયો. તેણે મૌન રાખ્યું તો રઝા છે અને જો નિકાહ પોતાના થી કરી લીધો, હવે

ખબર આપી અને તેણે મૌન રાખ્યું તો આ નિકાહ રદ છે, રઝા નથી, (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૭)** : કોઇ ખાસ શખ્સ માટે ઔરતથી ઇઝન માંગ્યું તેણે ઇન્કાર કરી દીધો પરંતુ વલીએ તેનાથી નિકાહ કરી દીધો હવે ખબર પહોંચી અને મૌન રહી તો આ ઇઝન થઇ ગયું અને જો કહ્યું કે હું તો પહેલાંથીજ તેનાથી નિકાહ ઇચ્છતી નથી તો આ નિકાહ રદ છે અને જો જે સમયે ખબર પહોંચી ઇન્કાર કર્યો પછી પાછળથી રજા જાહેર કરી તો આનિકાહ જાઇઝ થયો નહી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩૮)** : ઇઝન લેવામાં એ પણ જરૂરી છે કે જેનાથી નિકાહ કરવાનો ઇરાદો હોય તેનું નામ એવી રીતે લેવામાં આવે જે ને તે સ્ત્રી જાણી શકે જો એમ કહ્યું કે એક પુરૂષથી તારો નિકાહ કરી દઉં અથવા એમ કે ફલાણી કોમના એક શખ્સથી નિકાહ કરી દઉં તો આવી રીતે ઇઝન થઇ શકતું નથી, અને જો એમ કહ્યું કે ફલાણો અથવા ફલાણાંથી તારો નિકાહ કરી દઉં અને સ્ત્રીએ મૌન રાખ્યું તો ઇઝન થઇ ગયું, તેબંને પૈકી જેનાથી ઇચ્છે કરીદે અથવા એમ કહ્યું કે પાડોસીઓમાંથી કોઇની સાથે નિકાહ કરી દઉં અથવા એમ કહ્યું કે પિત્રાઇ ભાઇઓમાંથી કોઇની સાથે નિકાહ કરી દઉં અને તેણીએ મૌન રાખ્યું અને આ બંને સ્વરૂપોમાં તે સૌને જાણતી પણ હોય તો ઇઝન થઇ ગયું, તેઓ પૈકી જે એકથી કરશે નિકાહ થઇ જશે અને સૌને ઓળખતી ન હોય તો ઇઝન નથી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩૯)** : ઔરતે ઇઝને આમ આપી દીધું. દા.ત. વલીએ કહ્યું કે કેટલાએ લોકોએ નિકાહનો પૈગામ મોકલ્યો છે, ઔરતે કહ્યું તમે જે કરો મને મંજુર છે અથવા જેનાથી ઇચ્છો નિકાહ કરી દે પરંતુ આ સૂરતમાં પણ જો કોઇ ખાસ શખ્સ સંબંધે ઔરત બહુધા ઇન્કાર કીર ચુકી છે તો તેના સંબંધે ઇઝન સમજવામાં આવશે નહી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૪૦)** : ઇઝન લેવામાં મહેરનો ઉલ્લેખ શરત નથી અને કેટલાક મશાઇખોએ શરત બતાવ્યું માટે ઉલ્લેખ થઇ જવો જોઇએ કે મતભેદથી બચવું છે અને જો ઉલ્લેખ ન કર્યો તો જરૂરી છે કે જે મહેર બાંધવામાં આવે તે "મહરે મિસ્લ" થી ઓછી ન હોય અને ઓછી હોય તો સ્ત્રીના રાજી થયા વગર નિકાહ સહીહ થશે નહી. અને જો અધિક ઓછી હોય તો જો કે સ્ત્રી રાજી હોય, ઔલિયાને આક્ષેપનો હક્ક પ્રાપ્ત છે. જયારેકે કોઇ ગેરવલીએ નિકાહ કર્યો હોય અને વલીએ પોતે એવું કર્યું તો હવે કોણ આક્ષેપ કરે ? (રદદુલમુહતાર)

**મસ્અલા (૪૧)** : વલીએ, બાલિગ ઔરતનો નિકાહ તેની સમક્ષ કરી દીધો અને તેણીને તેની જાણકારી પણ થઇ અને મૌનતા કરી તો તે રજા છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૪૨)** : આ અહેકામ જે મજકુર થયાતે નિકટના વલીના છે. જો છેટેનો વલી અથવા અજાણ્યા એનિકાહનું ઇઝન તલબ કર્યું. તો મૌન ઇઝન નથી કે બલ્કે જો ઔરત કુંવારી છે. તો સ્પષ્ટતાથી ઇઝનના શબ્દો કહે અથવા કોઇ એવું કાર્ય કરે જે કોલના હુકમમાં હોય, દા.ત. મહર અથવા નફકો તલબ કરવું, ખુશીથી હસવું, એકાંતવાસ પર રાજી થવું મહર અથવા નફકો કબૂલ કરવું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪૩)** : વલીએ ઔરતને કહ્યું હું એમ ઇચ્છું છું કે ફલાણાથી તારો નિકાહ કરી દઉ તેણે કહ્યું ઠીક છે. જયારે તે ચાલ્યો ગયો તો કહેવા લાગી હું રાજી નથી અને વલીને તેની જાણકારી થઇ નહિ અને નિકાહ કરી દીધા તો સહીહ થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા (૪૪)** : બ્રિક (કુંવારી) તે છે જેનાથી નિકાહ સાથે સમાગમ ન કરવામાં આવ્યો હોય, માટે જો નિસરણી પર ચઢવા ઉતરવા અથવા કૂદવામાં અથવા હેઝ અથવા ઝખમ અથવા નિકાહ વગર વધુ વય થઇ જવાથી અથવા વ્યભિચારના કારણે બુકરાત (કુંવારા પણું) નષ્ટ થઇ ગયું તો પણ તે કુવારી જ કહેવાશે, એવીજ રીતે જો તેનો નિકાહ થયો પરંતુ પતિ નામર્દ (નપુષક) છે અથવા તેની ઇન્દ્રી કપાએલી છે તેના કારણે વિચ્છેદ થઇ ગયો બલ્કે જો પતિએ સમાગમથી પહેલાં તલાક આપી દીધી અથવા મૃત્યું પામ્યો. જો કે આ સૌ સ્વરૂપોમાં એકાંત થઇ ગયું હોય તો પણ કુંવારી છે, પરંતુ જયારે કેટલીક વખતે તેણે વ્યભિચાર કર્યો કે લોકોને તેનો હાલ માલુમ પડી ગયો. તેના-પરઝિનાનીહદ (સજા) કાયમ કરવામાં આવી, જોકે એકજ વખત ઘટિત થયું હોય તો હવે તે સ્ત્રી કુંવારી ઠેરવવામાં આવશે નહિ. અને જે સ્ત્રી કુંવારી ન હોય તેને "સૈયિબ કહે છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૪૫)** : છોકરીનો નિકાહ ના બાલિગ સમજીને

તેના બાપે કરી દીધો, તેણી કહે છે હું બાલિગ છું. મારો નિકાહ સહીહ થયો નહિ અને તેનો બાપ કે પતિ કહે છે, ના બાલિગ છે, અને નિકાહ સહીહ છે તો જોતેનું વય નવ વર્ષનું હોય અને (નવયોવના) હોય તો છોકરીનો કોલ માનવામાં આવશે. અને જો બંનેએ પોત પોતાના દાવા પર ગવાહ રજુ કર્યા બલૂગના ગવાહ ને પ્રધાનતા છે, એવીજ રીતે જો મશહિક (નવયુવાન) (જે પુખ્તવયની નજીક હોય તે) છોકરાએ પોતાના બાલિગપણાનો દાવો કર્યો તો તેનું કથન વિશ્વાસપાત્ર (માન્ય) છે, દા.ત. તેના પિતાએ તેની કોઇ વસ્તું વેચી નાખી, તે કહે છે હું બાલિગ છું અને વેચાણ સહીહ થયું નહી, તેના બાપ અથવા ખરીદનાર કહે છે નાબાલિગ છે તો બાલિગ હોવું ઠરશે, જ્યારેકે તેનું વય તેના યોગ્ય હોય, (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૪૬) :** નાબાલિગ છોકરો અને છોકરી જો કે સૈયિબ હોય અને પાગલ તથા મોઅતુવ્વાહ નો નિકાહ પર વલીને વિલાયત ઇજબાર (વ્યાજબી થયું વડીલપણું) પ્રાપ્ત છે અર્થાત જોકે લોકો ન ઇચ્છે, વલી એ જ્યારે નિકાહ કરી દીધો, નિકાહ થઇ ગયો, પછી જો બાપદાદા અથવા પુત્રે નિકાહ કરી દીધો છે તો જો કે મહરમિસ્લ થી બહુ ઓછી અથવા અધિકપર નિકાહ કર્યો અથવા ગૈરે કુફ્વ થી કર્યો તો પણ થઇ જશે, બલ્કે લાઝિમ થઇ જશે કે તેમને બાલિગ થવા પછી અથવા પાગલને હોશ આવવા પછી તે નિકાહ ને તોડવાનો અખત્યાર નથી, એવીજ રીતે માલિકનો નિકાહ કરેલો પણ ફસ્ક (રદ) થઇ શકતો નથી, હા જો બાપદાદા અથવા પુત્ર નો એ ઇખ્ત્યાર જાણી લેવાયો હોય દા.ત. આનાથી અગાઉ તેણે પોતાની પુત્રી નો નિકાહ કોઇ ગેરકુફ્વ ફાસિક વિગેરેથી કરી દીધો અને હવે આ બીજો નિકાહ ગેરકુફ્વથી કરશે તો સહીહ થશે નહી, એવીજ રીતે જો નશાની હાલતમાં ગેર-કુફ્વ થી અથવા મહર મિસ્લમાં વધાર-ઘટાડા સાથે નિકાહ કર્યો તો સહીહ થયો નહી, અને જો બાપદાદા અથવા પુત્ર સિવાય કોઇ બીજાએ કર્યો છે અને ગેર કુફ્વ અથવા મહરે મિસ્લમાં અધિક વધઘટ સાથે થયો તો સર્વથા સહીહ નથી, અને જો કુફ્વ થી મહર મિસ્લ સાથે કર્યો તો સહીહ છે, પરંતુ બાલિગ થવા પછી અને મુર્છિત ને સ્વાસ્થય થયા પછી અને મુઅતુવા (અબુધ) ને આકિલ (બુધ્ધિમાં) થવા પછી ફસ્ખનો ઇખ્તેયાર હશે, જો કે એકાંત બલ્કે સમાગમ થઇ ગયું હોય અર્થાત જો નિકાહ થવું પહેલાથી ખબર છે તો બ્રિક, બાલિગ થતાં જ તુરતજ અને જો ખબર ન હતી તો જે સમયે ખબર પડી જ સમયે તુરતજ ફસ્ખ કરીશકે છે. જો કાંઇપણ વિલંબ થયો તો ફસ્ખનો અખત્યાર જતો રહ્યો એવું થશે નહી કે મજલિસના : અંત સુધી અખત્યાર બાકી રહે, પરંતુ નિકાહ ફસ્ખ તે સમયે થશે જ્યારે કાઝી ફસ્ખનો હુકમ પણ આપી દે. માટે એજ સમયમાં કાઝીના હુકમ પહેલાં જો એકનો ઇન્તેકાલ થઇ ગયો તો બીજો વારિસ થશે, અને પૂરી મહેર લાઝિમ થશે. (દુર્રેમુખ્તાર, ખાનિયહ, જવહરહ વિગેરે)

**મસ્અલા (૪૭) :** ઔરતને ખિયારે બુલૂગ (બાલિગ થતા- પસંદગી) પ્રાપ્ત હતું, જે સમયે બાલિગ થઇ એજ સમયે તેને એ ખબર પણ મળી કે ફલાણિ મિલ્કત વેચાણી જેનો શુફઆ (સફીલહક્ક-ખરીદ-વેચાણમાં તે કરી શકે છે. એવી હાલતમાં જોશુફઆ કરવું જાહેર કરે છે તો ખ્યારે બુલૂગ જાય છે અને પોતાના નફસને અખત્યાર કરે છે તો શુફઆ જાય છે અને ઇચ્છે છે કે બંને પ્રાપ્ત થાય માટે તેની રીત એ છે કે, કહે કે હું બંને હક તલબકરૂછું, પછી તફસીલમાં પ્રથમ "ખેયારે બુલૂગ" નો ઉલ્લેખ કરે અને સૌને એવો મામલો પેશ આવેતો શુફઆને પ્રધાનતા આપે અને તેના કારણે "ખેયારે બુલૂગ" બાતલ થશે નહી (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૪૮) :** ઔરત જે સમયે બાલિગ થઇ એજ સમયે કોઇને ગવાહ બનાવે કે હું હમણાં બાલિગ થઇ અને પોતાના નફસને અખત્યાર કરૂંછું અને જોતેને રાતમાં હૈઝ આવ્યું તો એજ સમયે પોતાના નફસને અખત્યાર કરે અને સવારે ગવાહો સમક્ષ પોતાનુ બાલિગ થવું અને અખત્યાર કરવું બયાન કરે, પરંતુ એ ન કહેકે રાતમાં બાલિગ થઇ બલ્કે એ કહેકે હું અત્યારે બાલિગ થઇ અને પોતાના નફસને અખત્યાર કર્યો અને આ શબ્દથી એ મુરાદ લે કે હું અત્યારે બાલિગ છું કે જેથી જૂઠ ન થાય. (બઝ્ઝાઝીયા વિગેરે)

**મસ્અલા (૪૯) :** ઔરતને એ ખબર ન હતી કે તેને ખેયારે બુલૂગ પ્રાપ્ત છે. તે કારણે તેણે તેના પર કાર્યવાહી પણ નકરી, હવે તેને આ મસ્અલો સમજાયો તો હવે કાંઇ કરી શકતી નથી કે તેના માટે અજ્ઞાનતા તે ઉઝર નથી. અને લોંડી-દાસી કોઇના નિકાહમાં છે હવે આઝાદ થઇ તો તેને ખયારે ઇત્ક (આઝાદ થવા માટેની પસંદગી) પ્રાપ્ત છે કે આઝાદી પછી ઇચ્છેતો તેના નિકાહમાં બાકી રહે કે રદ કરીલે, તેના માટે આ અજ્ઞાનતા તે ઉઝર છે. કેમકે

દાસીઓને મસાઇલ શીખવાનો મોકો મળતો નથી અને આઝાદ ને પ્રતિપળ એમોકો પ્રાપ્ત છે, અને ન શીખવું ખૂદ તેનો પોતાનો વાંક છે. માટે માઝૂરીના યોગ્ય નથી. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા (૫૦) :** છોકરો અથવા સૈયિબ બાલિગ થયા તો મૌનતાથી ખેયારે બુલૂગ બાતલ થશે નહી. જ્યાં સુધી સ્પષ્ટ રીતે પોતાની રઝા અથવા કોઇ એવો ફેલ જે રજા પર દલાલત કરે (દા.ત. બોસો લેવુ, સ્પર્શવું, મહેર લેવું, આપવું, સમાગમ પર રાજી થવું) ની જોવામાં ાવે, મજલિસમાંથી ઉઠી જવું પણ "ખેયાર" ને બાતલ કરતું નથી કે તેનો સમય મર્યાદિત નથી, વયભર તેનો સમય છે. (ખાનિયાહ) રહ્યું એ કાર્ય કે, ફસ્ખેનિકાહ થી મહેર લાઝિમ થશે કે નહી જો તેનાથી સંભોગ ન થયો તો મહેરપણ નથી, જો કે વિચ્છેદ પત્ની તરપથી હોય અને સંભોગ થઇ ગયો છે તો મહેર લાઝિમ થસે, જો કે વિચ્છેદ પત્ની તરફથીહોય. (જવહરહ)

**મસ્અલા (૫૧) :** જો સમાગમ થઇ ગયો છે તો ફસ્ખ પછી ઔરત માટે ઇદ્દત પણ છે, નહી તો ઇદ્દત નથી, અને તે ઇદ્દતના સમયમાં જો પતિ તેને તલાક આપે તો ઘટિત થશે નહી, અને આ ફસ્ખ તલાક નથી માટે જો ફરી એજ બંનેનો પરસ્પર નિકાહ થાય તો પતિ ત્રણ, તલાકનો માલિક થશે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૫૨) :** સૈયિબનો નિકાહ થયો તે પછી પતિના ત્યાંથી કાંઇ તોહફો (ભેટ) આવ્યો, તેણે લઇ લીધો, રઝા સાબિત થઇ નહી. એવીજ રીતે જો તેના ત્યા ખાણું ખાધું અથવા તેની ખિદમત કરી અને પહેલાં પણ ખિદમત કરતી હતી તો રઝા નથી. (આલમગીરી)

**મસ્અલા (૫૩) :** ના બાલિગ ગુલામનો નિકાહ ના બાલિગ દાસી થી તેમના માલિકે કરી દીધો. પછી તેમને આઝાદ કરી દીધા, હવે બાલિગ થયા તો તેમને અખત્યારે બુલૂગ પ્રાપ્ત નથી અને દાસીને આઝાદ કરવા પછી નિકાહ કર્યો તો બાલિગ થયા પછી તેને ખેયાર પ્રાપ્ત છે. (આલમગીરી)

## "કુફ્વ" નું બયાન

તિરમિઝી, હાકિમ તથા ઇબ્નેમાજા અબૂ હુરૈરહ રદી યલ્લાઓ અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જ્યારે એવો શખ્સ પૈગામ મોકલે જે આચાર તથા દીનને પસંદ કરતા હોય તો નિકાહ કરી દો, જો ન કરશો તો ધરતીમાં ફિત્નો અને મહા ફસાદ થશે. તિરમિઝીશરીફ માં મૌલા અલી રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું. હે અલી ! ત્રણ ચીઝો માં વિલંબ ન કરો. (૧) નમાઝ નો જ્યારે સમય આવી જાય (૨) જનાઝો જ્યારે હાજર હોય (૩) પતિ વગરની સ્ત્રીનો જ્યારે કુફ્વ (સમકક્ષ) મળે, કુફ્વનો અર્થ છે કે પુરૂષ સ્ત્રીથી નસબ વિગેરેમાં એટલો ઉણો ન હોય કે તેનાથી નિકાહ ઔરતના વાલીઓ માટે ક્ષોભરૂપ હોય, સમકક્ષતા (કિફાઅત) કેવળ પુરૂષ પ્રતિથી (મુસ્તબર માન્ય)છે. સ્ત્રી જો કે ઓછા દરજ્જાની હોય તેનો એતબાર નથી. (આમ્મતુલ કુતૂબ)

**મસ્અલા (૧) :** બાપ દાદા સિવાય કોઇ બીજા વલીએ નાબાલિગ છોકરીનો નિકાહ ગેર કુફ્વથી કરી દીધો તો નિકાહ સહીહ નથી અને બાલિગ ખૂદ પોતાનો નિકાહ કરવા ઇચ્છે તો ગેર કુફ્વ સ્ત્રીથી કરી શકે છે કે સ્ત્રી તરફથી તે સ્વરૂપમાં સમકક્ષતા પ્રમાણિત નથી અને ના બાલિગમાં બંને તરફથી સમકક્ષતાનો એતબાર છે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૨) :** કિફાઅત (સમકક્ષતા) માં છ ચીઝોનો એતબાર છે. (૧) નસબ (વંશ) (૨) ઇસ્લામ (૩) હરફહ (ઉદ્યોગ) (૪) હુરિયત (ગુલામીમાં ના હોવું) (૫) દયાનત (૬) માલ, કુરૈશમાં જેટલા ખાનદાન છે તે સૌ પરસ્પર "કુફ્વ" છે, ત્યાં સુધી કે કુરૈશી ગેરહાશમી હાશમી નો કુફ્વ છે, ત્યાં સુધી કે કુરૈશી ગેરહાશમી હાશમી નો કુફ્વ છે અને કોઇ ગૈર કુરેશી કુરૈશનો કુફ્વ નથી, કુરૈશ સ્વાય અરબની તમામ કોમો એક બીજાની કુફ્વ છે. અન્સાર તથા મુહાજેરીન સૌ તેમાં બરાબર છે. અજમી નસ્લવાળો અરબીનો કુફ્વ નથી, પરંતુ આલિમેદીન કે તેની શરાફત નસબની શરાફત પર શ્રેષ્ઠતા ધરાવે છે. (ખાનિયહ-આલમગીરી)

**મસ્અલા (૩) :** જે ખૂદ મુસલમાન થયો અર્થાત તેના બાપદાદા મુસલમાન નહતા, તે તેનો કુફ્વ નથી જેનો બાપ મુસલમાન હોય અને જેનો કેવળ બાપ મુસલમાન હોય તેનો કુફ્વ નથી. જેનો દાદો પણ મુસલમાન હોય, અને બાપ દાદા બે પેઢીથી મુસલમાન હોય તો હવે બીજી તરફ જોકે અધિક પેઢીઓથી ઇસ્લામ હોય, કુફ્વ છે પરંતુ બાપ દાદાના ઇસ્લામ નો એતબાર ગેર અરબમાં છે. અરબી માટે ખૂદ મુસલમાન થયો અથવા બાપ દાદાથી

ઇસ્લામ ચાલ્યો આવે છે. સૌ બરાબર છે. (ખાનિયહ, રદદુલમુહતાર)

**મસ્અલા (૪)** : મુરતદ (ઇસ્લામથી ફરીગએલ) જો ઇસ્લામ લાવ્યોતોતે એ મુસલમાન નો કુફ્વ છે. જે મુરતદ થયો ન હતો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૫)** : ગુલામ, આઝાદનો કુફ્વ નથી, નતે જે આઝાદ કરવામાં આવેલ અસલી આઝાદનો કુફ્વ છે અને જેનો બાપ આઝાદ કરવામાં આવ્યો તે તેનો કુફ્વ નથી જેનો દાદા આઝાદ કરવામાં આવ્યો. અને જેનો દાદા આઝાદ કરવામા આવ્યો તે તેનો કુફ્વ છે જેની આઝાદી કેટલીએ પેઢીઓથી છે. (ખાનિયહ)

**મસ્અલા (૬)** : જે લોંડી (દાસી) ના આઝાદ કરવાવાળા અશરફ (ઉચ્ચ સંસ્કારવાળા) હોય તેમનો કુફ્વ તે નથી જેના આઝાદ કરવાવાળા ગૈર અશરાફ હોય. (આલમગીરી)

**મસ્અલા (૭)** : ફાસિક શખ્સ, મુત્તકી (પરહેઝગાર) ની છોકરીનો કુફ્વ નથી, જો કે તે છોકરી પોતે મુત્તકી ન હોય. (દુર્રેમુખ્તાર વિગેરે) અને જાહિર (બાહ્ય)નું એતેકાદી ફિસ્ક, અમલીફિસ્કથી છેલ્લા દરજ્જાનું બદતર છે. માટે સુન્ની સ્ત્રીનો કુફ્વ તે બદમઝહબ થઇ શકતો નથી જેની બદ મઝહબી કુફ્રની હદ સુધી પહોંચી ન હોય અને જે બદમઝહબ એવા છે કે તેમની બદમઝહબી કુફ્ર ની હદે પહોંચી હોય તેમના થી તો નિકાહ જ થઇ શકતો નથી કે તે મુસલમાન જ નથી. કુફ્વ થવું તો મોટી વાત છે. જેવા કે રાફઝી તથા વહાબી. જેમના અકાઇદ તથા અકવાલ નું બયાન ભાગ પહેલામાં આવી ગયું છે.

**મસ્અલા (૮)** : માલમાં કિફાઅતનો એ અર્થ છે કે પુરૂષ પાસે એટલો માલ હોય કે મહેર મુઅજ્જલ અને નફકો આપવા માટે શક્તિમાન હોય, જો ધંધો ન કરતો હોય તો એક મહીના નો નફકો (ભરણપોષણ) આપવા માટે શક્તિમાન હોય, નહીતો દરરોજની મજુરી એટલી હોય કે સ્ત્રીનો રોજનો ખર્ચ દરરોજ આપી શકે, તેની જરૂરત નથી કે માલમાં તે તેના બરાબર હોય (ખાનિયહ, દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૯)** : પુરૂષ પાસે માલ છે પરંતુ જેટલી મહેર છે એટલોજ છે, તેના પર કરજ પણ છે અને માલ એટલો છે કે કરજ અદા કરીદે અથવા મહેર આપે તો કુફ્વ છે. (રદદુલમુહતાર)

**મસ્અલા (૧૦)** : ઔરત મોહતાજ છે અને તેના બાપદાદા પણ એવાજ છે તો તેનું કુફ્વ પણ માલની હેસિયતથી એજ થશે મહેર મુઅજ્જલ (રોકડ) અને નફકો આપવા પર શક્તિમાન હોય. (ખાનિયહ)

**મસ્અલા (૧૧)** : માલદાર શખ્સનો ના બાલિગ છોકરો જો કે તે પોતે માલ નો માલિક નથી પરંતુ માલદાર ઠેરવવામાં આવશે કે નાના બાળકો બાપ દાદાની માલદારીથી માલદાર કહેવાય છે. (ખાનિયાહ વગેરે)

**મસ્અલા (૧૨)** : મોહતાજે નિકાહ કર્યો અને ઔરતે મહેર માફ કરી દીધી તો તે કુફ્વ થઇ જશે નહી. કેમકે કિફાલતનો એતબાર અકદ (નિકાહ)નો સમય છે અને અકદના સમયે તે કુફ્વ ન હતો. (આલમગીરી)

**મસ્અલા (૧૩)** : નફકા પર શક્તિ કુફ્વ થવામાં તે સમયે જરૂરી છે કે ઔરત સમાગમના યોગ્ય હોય, નહીતો જ્યાં સુંધી તેના યોગ્ય ન હોય પતિ પર તેનો નફકો (ભરણપોષણ) વાજિબ નથી માટે તેના પર શક્તિમાન હોવું પણ જરૂરી નથી કેવળ મહેર મુઅજ્જલ પર શક્તિમાન હોવું કાફી છે. (આલમગીરી)

**મસ્અલા (૧૪)** : જે લોકોના ધંધા ઝલીલ (તિરસ્કૃત) સમજવામાં આવતા હોય તેઓ સારા ધંધાવાળાઓના કુફ્વ નથી, દા.ત. બુટ બનાવનાર, ચામડું પકવનાર, ઘોડા ચરાવનાર, તેઓ તેમના કુફ્વ નથી જેઓ કપડું વેચે છે. અત્તર વેચે છે. વેપાર કરે છે અને જો પોતે બુટ ન બનાવતો હોય બલ્કે કારખાનાદાર છે કે તેના ત્યાં લોકો નોકર છે જે આ કામ કરે છે અથવા દુકાનદારના જ બનાવેલા બુટ ખરીદે-વેચે છે. તો વેપારી વિગેરે કુફ્વ છે. એવીજ રીતે બીજા કામોમાં પણ. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૧૫)** : ના જાઇઝ ખાતાઓની નોકરી કરનાર અથવા તે નોકરીઓ જેમાં ઝાલિમોનું અનુસરણ કરવું હોય છે જો કે આ સૌ ધંધાઓ કરતાં દુષ્ટ ધંધો છે અને અગાઉના ઉલ્માઓએ એજ ફતવો આપ્યો હતો કે ભલે તે કેટલાએ માલદાર હોય, વેપારી વિગેરેના કુફ્વ નથી પરંતુ સમકક્ષતા નો આધાર દુન્યાવી પ્રસિધ્ધિપર છે અને આ જમાનામાં તકવા તથા દયાનત ઇઝઝતનો આધાર નથી બલ્કે હવે તો દુન્યાવી દેખાવ જોવામાં આવે છે અને આ

લોકો કેમકે પ્રસિધ્ધીમાં માન મર્યાદા વાળા કહેવાય છે માટે પાછળના ઉલ્માઓએ તેમના કુફ્વ હોવાનો ફતવો આપ્યો જ્યારે કે તેમની નોકરીઓ ઓળખમાં તિરસ્કૃત ન હોય. (રદદુલમુહતાર)

**મસ્અલા (૧૬)** : અવકાફ (વકફો)ની નોકરી પણ ઉપરોક્ત ધંધા પૈકી છે જો તિરસ્કૃત કામ પર ન હોય તો વેપારી વિગેરેનો કુફ્વ થઇ શકે છે એવીજ રીતે ઇલ્મી ફઝીલત તો સઘળી ફઝીલતો પર ગાલિબ છે, કે વેપારી વિગેરે આલિમના કુફ્વ નથી, (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૧૭)** : નિકાહના સમયે કુફ્વ હતો પાછળથી સમકક્ષતા જતી રહી તો નિકાહ ફસ્ખ કરવામાં આવશે નહી. અને જો પહેલાં કોઇ નો ધંધો ઓછા દરજ્જાનો હતો જેના કારણે કુફ્વ ન હતું અને તેણે તે કામને ત્યજી દીધું જો હાલત બાકી છે તો અત્યારે પણ કુફ્વ નથી નહીતો છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૮)** : કેફાઅત (સમકક્ષતા) માં શહેરી અને ગામડીઓ હોવું ગણનાપાત્ર નથી, જયારેકે મજકૂર શરતો જોવામાં આવે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૯)** : સૌંદર્યનો એતબાર નથી પરંતુ ઔલિયા (વાલી) એ એવાતનો પણ ખ્યાલ કરી લેવો જોઇએકે પાછળથી કોઇ ખરાબી ઘટિત થાય નહી. (આલમગીરી)

**મસ્અલા (૨૦)** : બીમારીઓ તથા ઐબ (ખામીઓ) દા:ત. જુઝામ, પાગલપણું, કોઢ, ભૂંડીવાણી વિગેરેનો એતબાર નથી. (રદદુલમુહતાર)

**મસ્અલા (૨૧)** : કોઇએ પોતાનો નસબ (વંશ) છુપાવ્યો અને બીજો નસબ બતાવ્યો પાછળથી ખબર પડી તો જો એટલા ઓછા દરજાનો છે કે કુફ્વ નથી તો સ્ત્રી અને તેના વાલીઓને નિકાહ ફસ્ખ કરવાનો હક છે અને જો એટલો ઓછો નથી કે કુફ્વ ન થાય તો વાલીને હક્ક નથી. સ્ત્રીને છે, અને જો તેનો નસબ તેનાથી વધીને છે જે બતાવ્યો તો કોઇને હક્ક નથી. (આલમગીરી)

**મસ્અલા (૨૨)** : સ્ત્રીએ પતિને ધોકો આપ્યો અને પોતાનો નસબ બીજો બતાવ્યો તો પતિને ફસ્ખનો હક નથી. ભલે રાખે કે તલાક આપીદે. (આલમગીરી)

**મસ્અલા (૨૩)** : જો ગેર કુફ્વ સ્ત્રી પોતે અથવા તેના વલીએ નિકાહ કરી દીધો પરંતુ તેનું ગેર કુફ્વ હોવું ખબર ન હતી અને કુફ્વ હોવું તેણે જાહેર પણ કર્યું ન હતું તો ફસ્ખનો અખત્યાર નથી. પ્રથમ સુરતમાં સ્ત્રીને નથી બીજીમાં કોઇને નથી. (ખાનિયહ, આલમગીરી)

**મસ્અલા (૨૪)** : અજ્ઞાનિત નસબવાળી (મજહુલતુન્નસબ) સ્ત્રીથી કોઇ ગેર શરીફે નિકાહ કર્યો. પાછળથી કોઇ કુરૈશીએ દાવો કર્યો કે, આ મારી છોકરી છે અને કાઝીએ તેની પુત્રી હોવાનો હુકમ આપી દીધો તો તે શખ્સને નિકાહ ફસ્ખ કરવાનો ઇખ્તયાર છે. (આલમગીરી)

## નિકાહની વકાલતનું બયાન

**મસ્અલા (૧)** : નિકાહની વકાલત (વકીલપણા) માં ગવાહ શરત નથી (આલમગીરી) ગવાહો વગર વકીલ કર્યો અને તેણે નિકાહ પઢાવી દીધો તો નિકાહ થઇ ગયો, ગવાહોની જરૂરત એટલા માટે છે કે જો ઇન્કાર કરી દીધો કે મેં તેનો વકીલ બનાવ્યો ન હતો તો હવે વકાલત સાબીત કરવા માટે ગવાહોની જરૂરત છે.

**મસ્અલા (૨)** : સ્ત્રીએ કોઇને વકીલ બનાવ્યો કે તુ જેનાથી ઇચ્છે મારો નિકાહ કરાવી દે, તો વકીલ ખૂદ પોતાના નિકાહમાં તેને લાવી શકતો નથી, એવીજ રીતે પુરૂષે સ્ત્રીને વકીલ બનાવી તો તે સ્ત્રી પોતાનો નિકાહ તેનાથી કરી શકતી નથી. (આલમગીરી)

**મસ્અલા (૩)** : પુરૂષે સ્ત્રીને વકીલ બનાવી કે તુ પોતાની સાથે નિકાહ કરી દે અથવા સ્ત્રીએ પુરૂષને વકીલ બનાવ્યો કે મારો નિકાહ પોતાની સાથે કરીલે, તેણે કહ્યું મેં ફલાણી સ્ત્રી (મુવક્કિલનું નામ લઇને) થી પોતાનો નિકાહ કર્યો તો નિકાહ થઇ ગયો. કબૂલની પણ હાજત નથી. (આલમગીરી)

**મસ્અલા (૪)** : કોઇને વકીલ બનાવ્યો કે, ફલાણી સ્ત્રીથી આટલી મહેર પર મારો નિકાહ કરી દે, વકીલે તે મહેર પર પોતાનો નિકાહ તે સ્ત્રીથી કરી લીધો તો એજ વકીલ નો નિકાહ થયો. પછી વકીલે તેને મહીના સુધી રાખીને દખૂલ (સમાગમ) પછી તેને તલાક આપી દીધી અને ઇદ્દત પૂરી થયા પછી મુવક્કિલ થી નિકાહ કરી દીધો તો મુવક્કિલ નો નિકાહ જાઇઝ થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા (૫)** : વકીલને કહ્યું કોઇ સ્ત્રીથી મારો

નિકાહ કરી દે, તેણે દાસી સાથે નિકાહ કરાવ્યો તો નિકાહ સહીહ થયો નહી. એવીજ રીતે પોતાની બાલિગ અથવા ના બાલિગ બહેન અથવા ભત્રીજી થી નિકાહ કરાવી દીધો જેનો તે વલી છે તો નિકાહ સહીહ થયો નહી અને જો બાલિગ બહેન અથવા ભત્રીજી થી કર્યો તો સહીહ છે. એવીજ રીતે સ્ત્રીના વકીલે તેનો નિકાહ પોતાના બાપ અથવા પુત્રથી કરી દીધો તો સહીહ થયો નહી. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૬)** : સ્ત્રીએ પોતાના કામોમાં તસર્રૂફાત (અધિકાર) નો કોઇને વકીલ બનાવ્યો, તેણે તે વકાલત ના આધારે પોતાનો નિકાહ તેનાથી કરી લીધો, સ્ત્રી કહે છે મેં તો ખરીદ-વેચાણ માટે વકીલ બનાવ્યો હતો, નિકાહનો વકીલ બનાવ્યો ન હતો તો નિકાહ સહીહ થયો નહી કે, જો નિકાહ નો વકીલ હોત તોપણ તેને ક્યારે અધિકાર હતો કે પોતાના સાથે નિકાહ કરી લે (આલમગીરી)

**મસ્અલા (૭)** : વકીલ ને કહ્યું ફલાણી સ્ત્રીથી મારો નિકાહ કરી દે તેણે બીજી સ્ત્રી સાથે કરી દીધો અથવા આઝાદ થી કરી દે તેણે દાસીથી કરી દીધો અથવા દાસીથી કરવા કહ્યું હતું આઝાદ સ્ત્રીથી કર્યો અથવા જેટલી મહેર બતાવી હતી તેના કરતા વધારે બાંધી અથવા સ્ત્રીએ નિકાહનો વકીલ બનાવી દીધો તેણે ગેર કુફ્વ થી નિકાહ કરી દીધો. આ સધળી હાલતોમાં નિકાહ સહીહ થયો નહી (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા (૮)** : સ્ત્રીના વકીલે તેણીનો નિકાહ કુફ્વ થી કર્યો પરંતુ આંધળો, લુલો-લંગડો અથવા ખોડ વાળો છે તો નિકાહ થઇ ગયો તેવીજ રીતે પુરૂષના વકીલે આંધળી અથવા લંગડી અથવા ગાંડી અથવા નાબાલિગથી નિકાહ કરી દીધો તો નિકાહ સહીહ થઇ ગયો અને જો ખૂબસૂરત સ્ત્રી સાથે નિકાહ કરવાનું કહ્યું હતું, તેણે કાળી હબશણથી કરી દીધો અથવા તેનું ઉલ્ટું તો થયો નહી. અને આંધળી થી નિકાહ કરવા કહ્યું હતુ, વકીલે આંખોવાળીથી કરી દીધો તો સહીહ છે. (આલમગીરી)

**મસ્અલા (૯)** : વકીલને કહ્યું કોઇ સ્ત્રીથી મારો નિકાહ કરાવી દે તેણે તે સ્ત્રીથી કર્યો જેના સંબંધે મુવક્કલે કહી દીધું હતું કે તેનાથી નિકાહ કરૂતો તેને તલાક છે. તો નિકાહ થઇ ગયો અને તલાક પડી ગઇ. (આલમગીરી)

**મસ્અલા (૧૦)** : વકીલને કહ્યું કોઇ સ્ત્રીથી નિકાહ કરીદે, વકીલે તે સ્ત્રીથી નિકાહ કર્યો જેને મુવક્કલ વકીલ કરવાથી પહેલા ત્યજી ચુક્યો છે. જો મુવક્કલે તેના ખરાબ સ્વભાવ વિગેરેની શિકાયત વકીલથી કહી ન હોય તો નિકાહ થઇ જશે અને જો જેનાથી નિકાહ કર્યો તેને વકીલ બનાવવા પછી ત્યજી છે તો નિકાહ થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૧૧)** : કોઇએ વકીલને કહ્યું ફલાણી અથવા ફલાણીથી મારો નિકાહ કરી દે તો તેઓ પૈકી જે એકથી નિકાહ કરશે નિકાહ થઇ જસે અને જો બંનેથી એક અકદમાં કર્યો તો કોઇથી નિકાહ થયો નહી. (ખાનિયહ)

**મસ્અલા (૧૨)** : કોઇએ વકીલને કહ્યું એક સ્ત્રીથી નિકાહ કરી દે તેણે બેથી એક અકદમાં નિકાહ કર્યો તો કોઇથી લાગુ થયો નહી. પછી જો મુવક્કલ તેઓમાંથી એકને જાઇઝ કરીદે તો જાઇઝ થઇ જશે. અને બંનેને જાઇઝ કરશે તો બંને જાઇઝ થશે. અને જોબે અકદમા બંનેથી નિકાહ કર્યો તો પ્રથમ લાઝિમ થઇ જશે અને બીજો મુવક્કલની ઇજાઝત પર આધારિત રહેશે. અને જો બે સ્ત્રીઓથી એક અકદ સાથે નિકાહ કરવા માટે કહ્યું હતું, તેણે એકથી કર્યો અથવા બેથી બે અકદમાં કર્યો તો જાઇઝ થઇ ગયો અને જો એમ કહ્યું હતું કે ફલાણીથી કરીદે. હવે જો વકીલે તેની સાથે એક બીજી સ્ત્રી મેળવીને બંનેથી એક અકદમાં કર્યો તો જેને બતાવી દીધી હતી તેનો થઇ ગયો. (દુર્રેમુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૩)** : કોઇએ વકીલને કહ્યું તેનાથી મારો નિકાહ કરીદે પાછળથી ખબર પડી કે તેણી પતિવાળી છે, પછી તે સ્ત્રીના પતિનું મૃત્યુ થયું અથવા તેણે તલાક આપી દીધી અને ઇદ્દત પણ પુરી થઇ ગઇ, હવે વકીલે તેનાથી નિકાહ કરી દીધો તો નિકાહ થઇ ગયો. (ખાનિયહ)

**મસ્અલા (૧૪)** : કોઇએ વકીલને કહ્યું મારી કોમની સ્ત્રીથી નિકાહ કરી આપ, તેણે બીજી કોમની સ્ત્રીથી કર્યો, જાઇઝ થયો નહિ. (આલમગીરી)

**મસ્અલા (૧૫)** : કોઇએ વકીલને કહ્યું આટલી મહેર પર નિકાહ કરાવી આપ અને તેમાં આટલી મુઅજ્જલ હોય, વકીલે મહેર તો એજ રાખી પરંતુ મુઅજ્જલ ની માત્રા વધારી દીધી તો નિકાહ પતિની ઇજાઝત પર

અવલંબિત રહ્યો. અને જો પતિને જાણ થઇ ગઇ અને સ્ત્રીથી સમાગમ કર્યો ઇજાઝત નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૬)** : કોઇએ કોઇને મોકલ્યો કે ફલાણી સ્ત્રી સાથે મારી મંગણી (સગાઇ) કરી આવો, વકીલે જઇને તેનાથી નિકાહ કરી દીધો તો નિકાહ થઇ ગયો અને જો વકીલ ને કહ્યું ફલાણાંની છોકરીથી મારી સગાઇ કરી દે, તેણે છોકરીના બાપને કહ્યું તારી છોકરી મને આપ, તેણે કહ્યું આપી, હવે વકીલ કહે છે મેં તે શબ્દથી મારા મુવક્કલનો નિકાહ ભાવાર્થ લીધો હતો તો જો વકીલનો શબ્દ સગાઇ ની રીતે હતો અને છોકરીના બાપ નો જવાબ પણ એકદની રીતે ન હતો તો નિકાહ થયો નહી. અને જો જવાબ અકદની રીતે હતો તો નિકાહ થઇ ગયો, પરંતુ વકીલથી થયો, મુવિકકલથી થયો નહી, અને જો વકીલ અને છોકરીના બાપમાં મુવકિકલ થી નિકાહ વિષે વાતચીત થઈ ગયા પછી છોકરીના બાપે કહ્યું મૈં પોતાની છોકરાનો નિકાહ આટલી મહેર પર કરી દીધો. એ ન કહ્યું કે કોનાથી, વકીલથી કે મુવકિકલથી, મુવકિકલે કહ્યું મૈં કબુલ કરી તો છોકરીનો નિકાહ તે વકીલથી થઈ ગયો. (આલમગીરી)

**મસ્અલા (૧૭)** : એ વાત તો પહેલાં બતાવી દેવામાં આવી છે કે નિકાહના વકીલને એ અખત્યાર નથી કે, તે બીજીથી નિકાહ પઢાવી દે, હા જો સ્ત્રીએ વકીલને કહી દીધું કે તુ જે કાંઈ કરે મને મંઝૂર છે તો હવે વકીલે બીજાને વકીલ બનાવી શકે છે અર્થાત બીજાથી પઢાવી શકે છે અને જો બે શખ્સોને પુરૂષ અથવા સ્ત્રીએ વકીલ બનાવ્યા, તેઓ પૈકીના એકે નિકાહ કરી દીધો તો જાઈઝ નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૮)** : ઔરતે નિકાહનો કોઈને વકીલ બનાવ્યો પછી તેણે જાતે નિકાહ કરી દીધા તો વકીલની વકાલત જતી રહી, વકીલને તેની જાણ થઈ કે ન થઈ અને જો તેણે વકાલત થી પદચ્યુત કર્યો તો જયાં સુધી કે પદચ્યુત (બરતરફ) કરવા પછી વકીલને ખબર થઈ ન હતી, તેણે નિકાહ કરી દીધો તો નિકાહ થઈ ગયો અને જો પુરૂષે કોઈ ખાસ સ્ત્રીથી નિકાહનો વકીલ બનાવ્યો હતો પછી મુવકિકલે તે સ્ત્રીની માં અથવા પુત્રીથી નિકાહ કરી લીધો તો વકાલત નષ્ટ થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા (૧૯)** : જેના નિકાહમાં ચાર સ્ત્રીઓ મૌજૂદ છે તેણે નિકાહનો વકીલ બનાવ્યો તો આ વકાલત રદબાતલ રહેશે, જયારે તેઓમાંથી કોઈ એક પત્ની બાઈન તલાક વાળી થઈ જાય તે સમયે વકીલ પોતાની વકાલત થી કામ લઈ શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૨૦)** : કોઈની જીભ બંધ થઈ ગઈ. તેને કોઈએ પુછયું તારી છોકરી ના નિકાહનો વકીલ બની જાઉં, તણે કહ્યું, હાં, હા. તે સિવાય કાંઈ કહ્યું નહી અને વકીલે નિકાહ કરી નાંખ્યા તો નિકાહ સહીહ થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૨૧)** : જે મજલિસમાં ઈજાબ થયો જો તેમાં જ કબૂલ ન થયું તો તે ઈજાબ બાતલ થઈ ગયો, મજલિસ પછી કબૂલ કરવું બેકાર છે અને આ હુકમ નિકાહની સાથે ખાસ નથી બલ્કે ખરીદ-વેચાણ વિગેરે સઘળાં વહેપારનો એજ હુકમ છે. દા.ત. પુરૂષે લોકોને કહ્યું ગવાહ થઇ જાવ, મૈં ફલાણી સ્ત્રીથી નિકાહ કર્યો અને તે સ્ત્રીને ખબર પહોંચી, તેણે જાઈઝ કરી દીધું તો નિકાહ થયો નહી અથવા સ્ત્રીએ કહ્યું ગવાહ થઈ જાવ કે મૈં ફલાણા શખ્સથી જે હાજર નથી નિકાહ કર્યો અને તેને જયારે ખબર પહોંચી તો જાઈઝ કરી દીધો તો નિકાહ થયો નહી. (દર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૨)** : પાંચ હાલતો (સ્થિતિઓ)માં એક શખ્સનો 'ઈજાબ', 'કબૂલ' ના સ્થાને પણ થશે, (૧) બંનેનો વલી હોય. દા.ત. એમ કહે કે મૈં પોતાના પુત્રનો નિકાહ મારી ભત્રીજી થી કરી દીધો અથવા પૌત્રનો નિકાહ પૌત્રીથી કરી દીધો (૨) બંનેનો વકીલ હોય, દા.ત. મૈં પોતાના મુવકિકલનો નિકાહ પોતાની મુવકિકલાથી કરી દીધો અને એ સૂરતમાં થઈ શકે છે કે જે બે ગવાહ પુરૂષના વકીલ કરવાના હોય એજ સ્ત્રીના વકીલ બનાવવાના હોય અને એજ નિકાહના પણ ગવાહ હોય, (૩) એકના તરફથી અસીલ બીજીના તરફ થી વકીલ. દા.ત. સ્ત્રીએ તેને વકીલ બનાવ્યો કે મારો નિકાહ તુ પોતાની સાથે કરી લે, તેણે કહ્યું મૈ/ પોતાની મુવકિકલા નો નિકાહ પોતાની સાથે કર્યો. (૪) એકના તરફથી અસીલ હોય બીજીના તરફથી વલી. દા.ત. ના બાલિગ પિત્રાઈ બહેનથી પોતાનો નિકાહ કરે અને તે છોકરીનો એજ નિકટનો વલી છે અને જો બાલિગ હોય અને ઈજાઝત વગર તેણીથી નિકાહ કર્યો તો જો કે છોકરી જાઈઝ કરી દે તો પણ નિકાહ બાતલ છે. (૫) એકના તરફથી વલી હોય અને બીજાના તરફથી વકીલ દા.ત. પોતાની પુત્રીનો નિકાહ પોતાના મુવકિકલથી કરે

અને જો (૧) એક શખ્સ બંને તરફથી કુઝૂલી હોય અથવા (૨) એકના તરફથી કુઝૂલી હોય અને બીજા તરફથી વકીલ અથવા (૩) એક તરફથી કુઝૂલી હોય બીજા તરફથી વલી અથવા (૪) એક તરફથી કુઝૂલી હોય બીજી તરફથી અસીલ તો આ ચારે હાલતોમાં ઈજાબ તથા કબૂલ બંને કરી શકતો નથી જો કર્યો તો નિકાહ થયો નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૩) :** કુઝૂલીએ ઈજાબ કર્યો અને કુબૂલ કરનાર કોઈ બીજો છે જેણે કબૂલ કર્યું, ભલે તે અસીલ હોય કે વકીલ અથવા વલી કે કુઝૂલી તો આ અકદ ઈજાઝત પર અવલંબિત રહ્યો. જેના તરફથી કુઝૂલીએ ઈજાબ અથવા કુબૂલ કર્યું તેણે જાઈઝ કરી દીધું તો જાઈઝ થઈ ગયું અને રદ કરી દિધું તો બાતલ થઈ ગયું. (આલમગીરી)

**મસ્અલા (૨૪) :** કુઝૂલી એ જે નિકાહ કર્યો તેની ઈજાઝત કોલ અને ફેલ (વાણી અને વર્તન) બંનેથી થઈ શકે છે. દા.ત. કહે, તમે સારૂ કર્યું અથવા અલ્લાહ અમારા માટે મુબારક કરે, અથવા કહે કે તે સારૂ કર્યું અને જો તેની વાણી થી સાબિત થાય છે કે ઈજાઝત ના શબ્દો મઝાક ની રીતે કહે છે તો ઈજાઝત નથી. ઈજાઝત ફઅલી દા.ત. મોકલી દેવું, તેના સાથે એકાંત કરવું વિગેરે (આલમગીરી)

**મસ્અલા (૨૫) :** કુઝૂલીએ નિકાહ કર્યો અને મરી ગયો, તેના મરવા પછી જેની ઈજાઝત પર અવલંબિત હતું તેણે ઈજાઝત આપી તો નિકાહ સહીહ થઈ ગયો. જો કે બંને તરફથી બેકુઝૂલીઓએ ઈજાબ તથા કુબૂલ કર્યું હોય અને કુઝૂલીએ વિક્રય કર્યો હોય તો તેના મૃત્યુ પછી જાઈઝ નથી કરી શકતો. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૨૬) :** કુઝૂલી પોતાના કરેલા નિકાહને ફસ્ખ કરવા ઈચ્છે તો કરી શકતો નથી, નકોલથી ફસ્ખ કરી શકે છે. દા.ત. કહે કે મૈં ફસ્ખ કરી દીધો. ન ફેલથી કરી શકે છે, દા.ત. એજ શખ્સનો નિકાહ તે સ્ત્રીની બહેનથી કરી દીધો તો પહેલો નિકાહ ફસ્ખ થશે નહી. અને જો કુઝૂલી એ પુરૂષની ઈજાઝત વગર નિકાહ કરી દીધો, તે પછી તે શખ્સે આ કુઝૂલીને વકીલ બનાવ્યો કે મારો નિકાહ કોઈ સ્ત્રી સાથે કરી દે. તેણે તે પ્રથમ સ્ત્રીની બહેનથી નિકાહ કર્યો તો પ્રથમ નિકાહ ફસ્ખ થઈ ગયો અને જો એમ કહે તો કે મેં ફસ્ખ કર્યો તો ફસ્ખ થતો નહી. (ખાનિયહ)

**મસ્અલા (૨૭) :** કુઝૂલીએ ચાર સ્ત્રીઓથી એક અકદમાં કોઈનો નિકાહ કરી દીધો, તેણે તેઓ પૈકી એકને તલાક આપી દીધી તો બાકીઓના નિકાહની ઈજાઝત થઈ ગઈ અને જે પાંચ સ્ત્રીઓથી વિભિન્ન અકદ સાથે નિકાહ કર્યો તો પતિને અખત્યાર છે કે તેઓ પૈકી ચારને અખત્યાર કરી લે અને એકને ત્યજી દે. (આલમગીરી)

**મસ્અલા (૨૮) :** ગુલામ અને દાસીનો નિકાહ માલિકની ઈજાઝત પર અવલંબિત રહે છે, તે જાઈઝ કરે તો જાઈઝ, રદ કરે તો બાતલ, ભલે મુદબર હોય કે મકાતિબ અથવા ઉમ્મે વલ્દ (તે દાસી જેની પોતાના માલિકથી ઔલાદ પૈદા થઈ હોય) અથવા તે. ગુલામ જેમાંનો થોડોક ભાગ આઝાદ થઈ ગયો અને દાસીને જે મહેર મળશે તેનો માલિક, માલિક છે પરંતુ, મકાતિબહ અને જે દાસીનો કેટલોક ભાગ આઝાદ થયો છે તેમની જે મહેર મળશે તેમની જ થશે. (ખાનિયહ)

## મહેરનું બયાન

**અલ્લાહ અઝ વ જલ્લ ફરમાવે છે**

**ફમસ્તમ્તઅતુમ બિહિ મિન્હુન્ન ફઆતુહુન્ન ઓજૂરહુન્ન ફરીદત, વલા જોનાહા અલૈકુમ ફીમા તરાદૈતુમ બેહિ મિમ્બઅદીલ ફરીદતે, ઈન્નલ્લાહા કાના અલીમન હકીમા.**

**તરજૂમો :** જે ઔરતોથી નિકાહ કરવા ઈચ્છો તેમની મકર્રર શુદા મહેર તેમને આપો અને ઈકરારદાદ પછી તમારે પરસ્પર જે રઝામંદી થઈ જાય તેમાં કાંઈ ગુનોહ નથી, બેશક અલ્લાહ ઈલ્મ તથા હિકમત વાળો છે. અને ફરમાવે છે.

**વઆતુન્નિસાઆ સદોકાતેહિન્ન.......(આખર સુધી)**

**તરજૂમો :** ઔરતોને તેમના હમર ખુશીથી આપો પછી જે તે ખુશદિલીથી તેમાંથી કાંઈક તમને આપી દે તો તેને ખાવ, રચતું-પચતું અને ફરમાવે છે.

**લા જુનાહા અલૈયકુમ ઈન તલ્લકતો મુન્નિસાઅ માલમ તસમ્મૂહુન્ન અવ તફરેદૂલ હુન્ન ફરીદત.... (છેલ્લે સુધી)**

**તરજૂમો :** તમારા પર કાંઈ માંગણી નથી જો તમે ઔરતોને તલાક આપો જેયાં સુધી તમોએ હાથ ન લગાવ્યો

હોય અથવા મહેર મુકર્રર કરી ન હોય અને તેમને કાંઇ વર્તવા માટે આપો (તેમની સાથે વર્તાવ કરો) માલદાર પર તેના યોગ્ય અને નિર્ધન પર તેના યોગ્ય નિયમાનુસાર વર્તવા ની ચીઝ વાજિબ છે, ભલાઇવાળાઓ પર અને જો તમોએ ઔરતો ને હાથ લગાવવાથી પહેલા તલાક આપી દીધી અને તેમના માટે મહેર મુકર્રર કરી લીધી હતી તો જેટલું મુકર્રર કર્યું હોય તેનું અર્ધું વાજિબ છે. પરંતુ એ કે ઔરતો માફ કરી દે અથવા તે અધિક આપે જેના હાથમાં નિકાહ ની ગાંઠ છે અને પરસ્પર અહેસાન (ઉપકાર) કરવું ન ભૂલો બેશક અલ્લાહ તમારા કાર્ય જોઇ રહ્યો છે.

**હદીસ (૧) :** સહીહ મુસ્લિમ શરીફમાં છે અબૂ સલમહ કહે છે મેં ઉમ્મુલ મોમેનીન સિદ્દીકા રદીયલ્લાહો અન્હા ને પૂછયું કે, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મહેર કેટલી હતી. આપે ફરમાવ્યું :- હુઝૂરની મહેર પવિત્ર પત્નીઓ માટે સાડા બાર ઉકીયા હતી અર્થાત પાંચસો દિરહમ.

**હદીસ (૨) :** અબૂદાઉદ તથા નિસાઇ ઉમ્મુલમોમેનીન ઉમ્મે હબીબા રદીયલ્લાહો અન્હા થી રાવી કે નજ્જાશી એ (હબ્શનો બાદશાહ) તેમનો નિકાહ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની સાથે કર્યા અને ચાર હજાર મહેરના હુઝૂર તરફથી પોતે અદા કર્યો અને શુરહબીલ હસના (રદીયલ્લાહો અન્હો) ની સાથે તેમને હુઝૂરની ખિદમતમાં મોકલી દીધાં.

**હદીસ (૩) :** અબૂદાઉદ, તિરમીઝી, નિસાઇ તથા દારોમી રાવીકે અબ્દુલ્લાહ બિન મસઉદ (રદીયલ્લાહો અન્હો) ને પૂછવામાં આવ્યું કે, એક શખ્સે નિકાહ કર્યો અને કાંઇ મહેર બાંધી નહી અને દખૂલ (સમાગમ) થી પહેલા તેનો ઇન્તેકાલ થઇ ગયો. ઇબ્ને મસઉદ રદીયલ્લાહો અન્હો એ ફરમાવ્યું: ઔરતને મહેરે મિસ્લ મળશે, ન ઓછી ન વધુ, અને તેના પર ઇદ્દત છે અને તેને મિરાસ (વારસો) મળશે, મઅકલબિન સેનાન અશજઇ રદીયલ્લાહો અન્હો એ કહ્યું કે બોરૂઅ બિન્તે વાશિક સંબંધે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એવોજ હુકમ ફરમાવ્યો હતો, આ સાંભળી ઇબ્ને મસઉદ (રદીયલ્લાહો અન્હો) ખૂશ થયા.

**હદીસ (૪) :** હાકિમ તથા બયહકી ઉકબાબિન આમિર રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝૂરે ફરમાવ્યુ, "ઉત્તમ તે મહેર છે જે સરળ હોય"

**હદીસ (૫) :** અબૂ યઅલા તથા તિબ્રાની સુહૈબ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝૂરે ફરમાવ્યું "જે શખ્સ નિકાહ કરે અને નૈયિત એ હોય કે ઔરતને મહેર માંથી કાંઇ આપશે નહી તો જે દિવસે મરશે ઝાની (વ્યભિચાર) મરશે અને જે શખ્સ કોઇથી કાંઇ વસ્તું ખરીદે અને એ નૈયિત હોય કે કીંમતમાં થી તેને કાંઇ આપશે નહી તો જે દિવસે મરશે ખાઇન (વિશ્વાસઘાતક-ખયાનત કરનાર-ઉચાપત કરનાર) મરશે અને ખાઇન જહન્નમમાં છે.

**મસાઇલેફિકહીયા :** મહેર ઓછામાં ઓછી દસદિરમ છે. તેનાથી ઓછી થઇ શકતી નથી, જેની માત્રા આજકાલની ગણનાએ વીસમાસાં પાંચરતી ચાંદી થાય છે, જો દિરમ સિવાય કોઇ બીજી વસ્તુ મહેર ઠરી તો તેની કીમત અકદના સમયે દસ દિરહમ થી ઓછી ન હોય અને જો તે સમયે તો એજ કીમતની હતી પરંતુ પાછળથી કીંમત ઓછી થઇ ગઇ તો ઔરતે એજ પામશે, પાછી આપવાનો તેને હક નથી અને જો તે સમયે દસ દિરહમ થી ઓછી કીમતની હતી અને જે દિવસે કબ્જો કર્યો કીમત વધી ગઇ તો અકદના દિવસે જે ઉણપહતી તેલે. દા.ત. તે દિવસે તેની કીમત આઠ દિરહમ હતી અને આજે દસ દિરહમ છે તો ઔરત તે વસ્તુ લેશે અને બે દિરહમ પણ લેશે...અને જો તે વસ્તુમાં કાંઇ મુકસાન આવી ગયું તો ઔરતને અખત્યાર છે કે દસ દિરહમ લે અથવા તે વસ્તુ લે. (આલમગીરી)

**મસ્અલા (૧) :** નિકાહમાં દસ દિરહમ અથવા તેનાથી ઓછી મહર બાંધવામાં આવી તો દસ દિરહમ વાજિબ અને વધારે બાંધી હોય તો જે મુકર્રર થઇ તે વાજિબ, (મતૂન)

**મસ્અલા (૨) :** વતી (સમાગમ) અથવા સહીહ એકાંત અથવા બંનેમાંથી કોઇનું મૃત્યુ થયું, આ સઘળા થી મેહર તાકીદી થઇ જાય છે કે જે મહેર છે હવે તેમાં કમી થઇ શકતી નથી, એવીજ રીતે જો ઔરતને બાઇન તલાક આપી હતી અને ઇદ્દતની અંદર તેનાથી ફરી નિકાહ કરી લીધો તો આ મહેર સમાગમ વિગેરે વગર બંધનકારક થઇ જસે, હા જો હકદારે કુલ અથવા થોડોક ભાગ માફ કરી દિધો તો માફ થઇ જશે અને મહેર બંધન કારક થઇ ન હતી અને પતિએ તલાક આપી દિધી તો અર્ધુ વાજિબ થશે અને જો તલાકથી પહેલા પૂરી મહર આપી દિધી હતી તો અર્ધીતો ઔરતની થઇ ગઇ છે અને અર્ધી પતિ ને પાછી મળશે પરંતુ તેના પાછી આપવામાં એ શરત છે કે, ઓરત પોતાની

ખૂશીથી પાછી આપી દે અથવા કાઝીએ પાછી આપી દેવાનો હુકમ આપી દીધો હોય અને આ બંને વાતો ન હોય તો પતિનો કોઇ અધિકાર તેમાં લાગું પડશે નહી. દા.ત. તેને વેચવા, ભેટ આપવા, નિછાવરકરવા ઇચ્છેતો કરી શકતો નથી અને જો તે મહેર ગુલામ છે તો પતિ તેને આઝાદ કરી શકતો નથી અને કાઝીના હુકમથી પહેલા ઔરત તેમાં દરેક પ્રકારનો અધિકાર કરીશકે છે તો પતિ તેને આઝાદ કરી શકતો નથી અને કાઝીના હુકમથી પહેલા ઔરત તેમાં દરેક પ્રકારનો અધિકાર કરી શકે છે, પરંતુ કાઝીના હુકમ પછી તેની અર્ધી કીંમત આપવી પડશે અને જો મહેરમાં અધિકતા થાય દા.ત. ગાય, ભેંસ વિગેરે કોઇ જાનવર મહેર માં હતુ તેને બચ્ચુ થયું અથવા વૃક્ષ હતું તેમાં ફળ આવ્યા અથવા કપડું હતું રંગવામાં આવ્યું અથવા મકાન હતું તેમાં કાંઇ નવું બાંધકામ થયું અથવા ગુલામ હતો તેણે કોઇ કમાણી કરીતો જો પત્ની ના કબ્જાથી અગાઉ તે મહેરમાં અધિકતા ઉકપત્તિ છે. તેના અર્ધાની ઔરત માલિક છે અને અર્ધાનો પતિ, નહિતો કુલ અધિકતા ની પણ ઔરતજ માલિક છે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩) :** જે ચીઝ માલે મતકૂમ નથી તે મહેર નથી થઇ શકતી અને મહેર મિસ્લ વાજિબ થશે. દા.ત., મહેર એ નક્કી થઇ કે, આઝાદ પતિ ઔરત (પત્ની) ની વર્ષભર સુધી ખિદમત કરશે અથવા એકે તેને કુર્આન મજીદ અથવા દીની ઇલ્મ શીખવશે અથવા હજ્જ તથા ઉમરો કરાવી દેશે અથવા મુસલમાંન પુરૂશનો નિકાહ મુસલમાન સ્ત્રીથી થયો અને મહેરમાં લોહી અખવા શરાબ અથવા ખિઝીર (સુવ્વર) નો ઉલ્લેખ થયો અથવા એ કે પતિ પોતાની પ્રથમ પત્ની ને તલાક આપી દે તો આ સઘળી સુરતો (હાલતો) માં મહેર મિસ્લ વાજિબ થશે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪) :** જો પતિ ગુલામ છે અને એક ચોક્કસ મુદ્દત સુધી પત્ની ની ખિદમત કરવું મહેર નક્કી થયું અને માલિકે તેની ઇજાઝત પણ આપી દીધી હોય તો સહીહ છે નહી તો અકદ-નિકાહ નથી. આઝાદ શખ્સે પત્નીના માલિક અથવા વલીની ખિદમત કરશે અથવા પતિનો ગુલામ અથવા તેની દાસી પત્નીની ખિદમત કરશે તો આ મહરે સહીહ છે. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા (૫) :** જો મહેરમાં કોઇ બીજા આઝાદ શખ્સનું ખિદમત કરવું નક્કી થયું તો જો ન તેની ઇજાઝત થી એવું થયું, ન તેણે જાઇઝ ઠેરવ્યું તો આખિદમતની કીમત મહેર છે અને જો તેના હુકમ થી થયું અને ખિદમત એ છે કે ખિદમત ન લે બલ્કે તેની કીમત લે અને જો તે ખિદમત એવી નથી તો ખિદમત લઇ શકે છે.

**મસ્અલા (૬) :** શેઆર અર્થાત એક શખ્સે પોતાની પુત્રી અથવા બહેન નો નિકાહ તેનાથી કરી દીધો અને દરેકની મહેર બીજો નિકાહ છે તોએવું કરવું ગુનોહ તથા મના છે અને મહેરે મિસ્લ વાજિબ થશે, (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૭) :** કોઇ શખ્સ પ્રતિ ઇશારો કરીને કહ્યું કે મેં આ ગુલામના બદલામાં નિકાહ કર્યો, જોકે તે આઝાદ હતો અથવા માટલા પ્રત્યે ઇશારો કરીને કહ્યું કે તે સિર્કાના બદલે નિકાહ કર્યો, અને તે શરાબ છે તો મહેર મિસ્લ વાજિબ છે. એવીજ રીતે જો કપડાં અથવા જાનવર અથવા મકાન ના બદલે કહ્યું અને પ્રકાર બયાન કર્યો નહી અથવા એમ કહ્યું નથી કે, ફલાણાં પ્રકારનું કપડુ અથવા ફલાણું જાનવર તો મહેર મિસ્લ વાજિબ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૮) :** નિકાહમા મહેરનો ઉલ્લેખ ન થયો અથવા મહેરનો નકાર કરી દીધો કે મહેર વગર નિકાહ કર્યો તો નિકાહ થઇ જશે અને જો ખિલવત (એકાંત) સહીહ થઇ ગઇ અથવા બંને માંથી કોઇ મૃત્યું પામ્યું તો મહેરેમિસ્લ વાજિબ છે એ શરતે કે અકદ (નિકાહ) પછી પરસ્પર કોઇ મહેર નક્કી ન થઇ હોય અને જો નક્કી થઇ ગઇ છે તો એજ નિશ્ચિત છે. એવીજ રીતે જો કાઝી એ મુકર્રર કરી દીધી તો નિયુક્ત કરી દીધી તે છે. અને આ બંને હાલતોમાં મહેર જે વસ્તુથી દ્રઢ થાય છે. દ્રઢ થઇ જશે. અને જો દ્રઢ ન થયું બલ્કે સહીહ એકાંતથી પહેલા તલાક થઇ ગઇ તો આબંને હાલતોમાં પણ એક જોડ વસ્ત્ર વાજિબ છે. અર્થાત કુર્તો અથવા પાયજામો, ઓઢણું જેની કીંમત મહેર મિસ્લના અર્ધા કરતા અધિક ન હોય અને અધિક હોય તો મહેરમિસ્લ નું અર્ધું આપવામાં આવે. જો પતિ માલદાર હોય અને એવો જોડો પણ ન હોય જે પાંચ દિરહમ (ચાંદીના) થી ઓછી કીંમત નો હોય, જો પતિ મોહતાજ (નિર્ધન) હોય. જો પુરૂષ તથા સ્ત્રી બંને માલદાર હોય તો જોડો ઉચ્ચ પ્રકારનો હોય અને બંને મોહતાજ હોય તો સાધારણ પ્રકાર નો અને એક માલદાર હોયે ક મોહતાજ તો મધ્યમ પ્રકારનો

હોય. (જવહરહ, દુર્રેમુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૯) :** જોડો આપવું તે સમયે વાજિબ છે જ્યારે વિચ્છેદ પતિ તરફથી થયો હોય. દા.ત. તલાક, ઇલા-લેઆન, નામર્દ હોવું, પતિનું મુરતદ (ઇસ્લામથી ફરીજવું) હોવું, પત્ની ની માં અથવા પુત્રને શહવત (કામવાસના) સાથે ચુંબન કરવું અને જો વિચ્છેદ પત્ની તરફથી થાય તો વાજિબ નથી. દા.ત. પત્નીનું મુરતદ થઇ જવું અથવા પતિના પુત્રને શહવત થી ચુંબન કરવું, શોક્યને દુધ પીવડાવી દેવું, બાલિગ પણા અથવા આઝાદી પછી પોતાના નફસને અખત્યાર કરવું, એવીજ રીતે જો પત્ની દાસી હતી, પતિએ અથવા તેના વકીલે માલિકથી ખરીદી લીધી તો હવે તે જોડો રદ થઇ ગયો અને જો માલિકે કોઇ બીજાને વેચી, તેનાથી ખરીદી તો વાજિબ છે. (આલમગીરી)

**મસ્અલા (૧૦) :** જોડાની જગ્યાએ જો કીંમત આપી દેતો એમ પણ થઇ શકે છે અને પત્ની ને સ્વીકાર કરવા માટે મજબૂર કરવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા (૧૧) :** જે સ્ત્રીની મહેર નિશ્ચિત છે અને એકાંત થી પહેલાં તેને તલાક આપી દેવામાં આવી તેને જોડો આપવું મુસ્તહબ પણ નથી અને સંભોગ પછી તલાક થઇ તો મહેર નિશ્ચિત (નક્કી કરેલ) હોય કે ન હોય, જોડો ાપવું મુસ્તહબ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૨) :** મહેર મકર્રર થઇ ગઇ હતી પાછળથી પતિ અથવા તેના વલીએ થોડીક માત્રા વધારી દીધી તો આ માત્રા પણ પતિ પર વાજિબ થઇ ગઇ. એ શરતે કે એજ બેઠકમાં સ્ત્રીએ અથવા ના બાલિગ હોય તો તેના વલીએ કબૂલ કરી લીધી હોય અને અધિકતાની માત્રાની ખબર હોય અને જો વધારાની માત્રા નિશ્ચિત કરી હોય તો કાંઇ નથી. દા.ત. કહ્યું કે મેં તારી મહેરમાં વધારો કરી દીધો અને એ ન બતાવ્યું કે કેટલો વધારો કર્યો. તેના સહીહ હોવા માટે સાક્ષીઓની પણ હાજત નથી. હા, જો પતિ ઇન્કાર કરી દેતો સાબીતી માટે સાક્ષીઓની જરૂરત પડશે. જો ઔરતે મહેર માફ કરી દીધી અથવા હેબા (બક્ષીસ) કરી દીધી છે તો પણ વધારો થઇ શકે છે. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા (૧૩) :** પ્રથમ ગુપ્ત નિકાહ થયો અને એકહજાર ની મહેર બાંધી પછી એલાનીયા (પ્રત્યક્ષ) એક હજાર પર નિકાહ થયો તો બે હજાર વાજિબ થઇ ગયા અને જો કેવળ સાવધાની ખાતર નિકાહનું પુનરાવર્તન કર્યું તો ફરીથી નિકાહ ની મહેર વાજિબ થઇ નહી. અને જો મહેર અદા કરી દીધી હતી પછી પત્ની એ હેબા કરી દીધી, પછી તેના પછી પતિએ સ્વીકાર કર્યો કે તેનું મારા પર આટલું લેણું છે તો આ માત્રા લાજિમ થઇ ગઇ. ભલે આ સ્વીકાર વધારાની માત્રાના ઇરાદાથી હોય કે ન હોય. (દુર્રેમુખ્તાર, ખાનિયહ)

**મસ્અલા (૧૪) :** મુકર્રરશુદામહેર પર પતિએ વધારો કર્યો પરંતુ સહીહ એકાંત થી પહેલા તલાક આપી તો મૂળ મહેરનું અર્ધું સ્ત્રીને મળશે. આ વધારાનું પણ અર્ધું લેવા ઇચ્છે તો મળશે નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૫) :** સ્ત્રી, સઘળી મહેર અથવા થોડોક અંશ માફ કરે તો માફ થઇ જશે, એ શરતે કે પતિએ ઇન્કાર કરી દીધો હોય. (દુર્રેમુખ્તાર) અને જો તે સ્ત્રી નાબાલિગ છે અને તેનો બાપ માફ કરવા ઇચ્છે છે તો નથી કરી શકતો અને બાલિગ છે તો તેની ઇજાઝત પર માફી આધારિત છે. (રદ્દુલમુહતાર)

## સહીહ ખિલ્વત (એકાંત) કેવી રીતે થશે

**મસ્અલા (૧૬) :** સહીહ એકાંત એ છે કે, પતિ-પત્ની એક મકાનમાં ભેગા થાય અને કોઇ વસ્તુ સંભોગ ના નિરોધક ન હોય. આ એકાંત સંભોગના જ હુકમમાં છે અને નિરોધક ત્રણ છે. (૧) હિસ્સી (ઇન્દ્રિક) (૨) શરઇ (શરીઅતથી ) (૩) તબઇ (પ્રાકુતિક), હિસ્સી નિરોધક જેવું બીમારી કે પતિ બીમાર છે તો સર્વથા સહીહ એકાંત ન થશે અને પત્ની બીમાર હોય તો એટલી હદની બીમારી હોય કે વતી (સંભોગ) થી નુકશાનનો સહીહ અંદેશો (શંકા) હોય અને એવી બીમારી ન હોય તો સહીહ એકાંત થઇ જશે, તબઇ નિરોધક દા.ત. ત્યાં ત્રીજાનું હોવું, જો કે તે સુઇ રહેલો હોય અથવા આંધળો હોય અથવા તેની બીજી પત્ની હોય અથવા બંનેમા કોઇની દાસી હોય, હા જો એટલું નાનું બાળક હોય કે કોઇના આગળ બયાન ન કરી શકશે તો તેનું હોવુ નિકોધક નથી અર્થાત સહીહ એકાંત થઇ જશે. ગાંડો તથા મુઅતુવ્વહ, બાળકના હુકમ માં છે, જો થોડીક બુધ્ધિ ધરાવે છે તો એકાંત ન થશે. નહી તો થઇ જશે અને જો તે શખ્સ બેહોશી માં છે એકાંત થઇ જશે જો ત્યાં સ્ત્રીનું કુતરૂં છે તો સહીહ એકાંત ન થશે અને જો

પુરૂષનું છે અને કટખના છે તો પણ થશે નહી. નહીતો થઇ જશે. શરઇ-નિરોધક દા.ત. સ્ત્રી હૈઝ (માસિક) અથવા નિફાસં (પ્રસુતિ) માં છે અથવા બંનેમાં કોઇ મેહરિમ (એહરામવાળા) હોય એહરામ ફરજનો હોય કે નિફલનો હજ્જનો હોય કે ઉમરાનો અથવા તેમનાંમાં કોઇનો રમઝાન નો અદા રોઝો હોય કે, ફરઝ નમાઝમાં હોય, આ સઘળી હાલતોમાં ખિલવત (એકાંત) સહીહ થશે. અને જો નિફલ અથવા નઝર અથવા કફફારા અથવા કઝાનો રોઝો હોય અથવા નફલી નમાઝ હોય તો આ ચીઝો સહીહ એકાંતથી નિરોધક નથી અને જો બંને એક સ્થળે એકાંત માં ભેગા થયા પરંતુ કોઇ શરઇ અથવા તબઇ અથવા હિસ્સી નિરોધક જોવામાં આવે છે તો ખિલવત ફાસિદ (રદ) છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા (૧૭)** : સ્ત્રી પુરૂષ પાસે એકાંતમાં ગઇ, પુરૂષે તેને ઓળખી નહી. થોડોક સમય થોભીને ચાલી આવી અથવા પુરૂષ, સ્ત્રીની પાસે ગયો અને તેને ઓળખી નહી, ચાલ્યો આવ્યો તો ખિલવત સહીહ ન થઇ માટે જો સ્ત્રી સહીહ એકાંતનો દાવો કરે અને પુરૂષ આ ઉઝર (કારણ) રજુ કરે તો માની લેવામાં આવશે. અને જો પુરૂષે ઓળખી લીધી અને સ્ત્રીએ ન ઓળખ્યો તો ખિલવત સહીહ થઇ ગઇ. (જવહરહ)

**મસ્અલા (૧૮)** : છોકરો જે એના યોગ્ય નથી કે સોહબત કરી શકે પરંતુ પોતાની સ્ત્રી સાથે એકાંતમાં રહ્યો અથવા પત્ની એટલી નાંની છે કે તેના યોગ્ય નથી, તેના સાથે તેનો પતિ રહ્યો તો બંને હાલતોમાં ખિલવત સહીહ ન થઇ. (આલમગીરી)

**મસ્અલા (૧૯)** : સ્ત્રીની યોનિમાં કોઇ એવી વસ્તુ પૈદા થઇ જેના કારણે વતી (સંભોગ) થઇ શકતો નથી. દા.ત. ત્યાં માંસ આવી ગયું અથવા તે સ્થળ સંધાઇ ગયું અથવા હાડકું પૈદા થયું અથવા ગદ્દુદ (ગાંઠ) થઇ ગઇ તો આ હાલતોમાં ખિલવત સહીહ નથી થઇ શકતી (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૨૦)** : જે જગ્યાએ સંમેલન થયું તે સ્થળ એના યોગ્ય નથી કે ત્યાં વતી કરવામાં આવે તો ખિલવત સહીહ ન થશે. દા.ત. મસ્જિદ, ભલે અંદરથી બંધ હોય અને રસ્તો અને મેદાન અને હમામમાં જયારેકે તેમાં કોઇ હોય અથવા તેનો દરવાજો ઉઘાડો હોય અને જો બંધ હોય તો ખિલવત થઇ જશે અને જે છત પર પડદાની દીવાલ ન હોય અથવા ટાટ વિગેરે જાડી વસ્તુ નો પડદો ન હોય અથવા છે પરંતુ એટલો નીચો છે કે જો કોઇ ઉભો થાય તો તે બંનેને જોઇ લે તો તેના પર પણ ખિલવત ન થશે, નહીતો થઇ જશે અને જો મકાન એવું છે જેનો દરવાજો ઉઘાડો છે કે જો કોઇ બહાર ઉભો હોય તો આ બંનેને દેખી શકે અથવા એ શંકા હોય કોઇ આવી જશે તો ખિલવત સહીહ ન થશે. (જવહરહ, દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૨૧)** : તંબુમાં થઇ જશે એવીજરીતે બાગમાં જો દરવાજો છે અને તે બંધ છે તો થઇ જસે, નહી તો થશે નહી, અને જો સ્થળ એના લાયક છે કે તેમાં સોહબત થઇ શકે તો થઇ જસે નહીતો થશે નહી. (જવહરહ, આલમગીરી)

**મસ્અલા (૨૨)** : પતિનું લીંગ કપાયેલું છે અથવા કપુરીયા (અંડકોષ) કાઢી નાખવામાં આવ્યા છે, અથવા નામર્દ છે અથવા હીજડો છે અને તેનું મર્દ હોવું જાહેર થઇ ગયું તો આ સઘળી હાલતમાં એકાંત સહીહ થઇ જશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૨૩)** : સહીહ એકાંત પછી ઔરતને તલાક આપી તો પુરી મહેર વાજિબ થશે, જયારેકે નિકાહ પણ સહીહ હોય અને જો નિકાહ ફાસિદ છે અર્થાત નિકાહની કોઇ શરત લુપ્ત છે, દા.ત. ગવાહો વગર નિકાહ થયા અથવા બે બહેનોથી એક સાથે નિકાહ કર્યો અથવા પત્ની ની ઇદ્દતમાં તેની સાથે નિકાહ કર્યો અથવા ચોથી પત્નીની ઇદ્દતમાં પાંચમીથી નિકાહ કર્યો અથવા આઝાદ સ્ત્રી નિકાહમાં હોવા છતા દાસીથી નિકાહ કર્યો તો આ સઘળી હાલતોમાં કેવળ એકાંતથી વાજિબ નથી બલ્કે જો સંભોગ થયો તો મહેર મિસ્લ વાજિબ થશે અને મહેર નક્કી ન હતી તો સહીહ એકાંતના આ અહેકામ પણ છે, (૧) તલાક આપી તો ઔરત પર ઇદ્દત વાજિબ છે બલ્કે ઇદ્દતમાં ભરણ પોષણ અને રહેવા માટે મકાન આપવું પણ વાજિબ છે, બલ્કે નિકાહે સહીહીમાં ઇદ્દત તો સર્વથા એકાંતથી વાજિબ થાય છે, સહીહ હોય કે ફાસિદ અલબત નિકાહ ફાસિદ હોય તો સંભોગ વગર ઇદ્દત વાજિબ નથી. (૨) એકાંતનો એ હુકમ પણ છે કે જયાં સુધી ઇદ્દત માંછે તેણીની બહેન થી નિકાહ કરી શક્તો નથી (૩) અને તે સિવાય ચાર સ્ત્રીઓ નિકાહમાં થઇ શકતી નથી. (૪) જો તે આઝાદ છે તો તેની ઇદ્દત છે તો

તેની ઇદ્દતમાં દાસીથી નિકાહ કરી શકતો નથી અને (૫) તે સ્ત્રીને જેનાથી સહીહ એકાંત થયું તે સમયમાં તલાકઆપે જે મોતૃવ્વહના તલાકનો સમય છે અને (૬) ઇદ્દતમાં તેને તલાકે બાઇન આપીશકે છે પરંતુ તેમાંથી રજઅત (પ્રત્યાગમન) કરી શકતો નથી ન તલાકે રજઇ આપવા પછી કેવળ સહીહ એકાંતથી રજઅત થઇ શકે છે. અને તેની ઇદ્દતના સમયમાં પતિ મરીગયો તો વારિસ થશે નહિ. (૭) એકાંતથી જ્યારે મહેર બંધનકારક થઇ ગઇ તો હવે રદ ન થશે, ભલે ને જુદાઇ ઔરત તરફથી હોય (જવહરહ, આલમગીરી, દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા (૨૪) :** જો પતિ-પત્નીમાં વિચ્છીન્નતા (જુદાઇ) થઇ ગઇ, પુરૂષ કહે છે સહીહ એકાંત થયું નથી, સ્ત્રી કહે છે થઇ ગયું છે તો સ્ત્રીનુ કથન વિશ્વાસપાત્ર છે. અને જો એકાંત થયું પરંતુ સ્ત્રી, પુરૂષના કાબુમાં આવી નહી, જો કુવાંરી છે તો પુરી મહેર વાજિબ થઇ જશે અને સૈયિબ છે તો મહેર બંધન કારક ન થઇ. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૨૫) :** જે રકમ મહેરની નક્કી થઇ તે પતિએ સ્ત્રીને આપી દીધી, સ્ત્રીએ કબ્જો કર્યા પછી પતિને ભેટ આપી દીધી અને સંભોગ પહેલા તલાક થઇ તો પતિ તે રકમ નું અર્ધુ સ્ત્રીથી વસુલ કરશે. અને જો કબ્જો કર્યા વગર તમામને હબા પ્રદાન કરી દીધી અથવા કેવળ અર્ધાપર કબ્જો કર્યો અને તમામને પ્રદાન કરી દીધુ અથવા બાકીના અર્ધાનેતો હવે કાંઇ લઇ શકતો નથી. એવીજ રીતે જો મહેરે અસબાબ હતી, કબ્જો કરવા પછી અથવા કબ્જા વગર પ્રદાન કરી દે તો હરહાલતમાં કાંઇ લઇ શકતો નથી, હા, જો કબ્જો કરવા પછી તેને એબદાર કરી દીધું અને ઐબ (ખામી) પણ બહુ છે, તેના પછી હેબા (પ્રદાન) કર્યું તો જે દિવસે કબ્જો કર્યો તે દિવસે તે વસ્તુની જે કીમત હતી તેનું અર્ધું પતિ વસુલકરશે અને જો સ્ત્રીએ પતિને વસ્તુ વેચી નાખી તો પણ અર્ધી કીંમત લેશે. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા (૨૬) :** એકાંતથી પહેલા પતિ તથા પત્ની માંથી એક બીજાને અથવા કોઇ બીજાએ તેઓ પૈકા કોઇને મારી નાખ્યું અથવા પતિએ આત્મહત્યા કરી લીધી અથવા આઝાદ પત્નીએ આત્મહત્યા કરી લીધી તો પુરી મહેર વાજિબ થશે અને જો પત્ની દાસી હતી તેણે આત્મહત્યા કરી લીધી તો વાજિબ નથી, એવીજ રીતે જો તેના માલિકે જે આકિલબાલિગ છે તે દાસીને મારી નાખી તો મહેર રદ થઇ જશે અને જો નાબાલિગ અથવા પાગલ હતો તો રદ થશે નહી.

## મહેરે મિસ્લનું બયાન :

**મસ્અલા (૨૭) :** ઔરતના ખાનદાન ની તેના જેવી ઔરતનું જે મહેર હોયતે તેના માટે મહેરે મિસ્લ છે. દા.ત. તેની બહેન, ફોઇ, કાંકાની પુત્રી વિગેરેની મહેર, તેની માની મહેર તેના માટે મહેરે મિસ્લ નથી જ્યારેકે તે બીજા ઘરાનાની હોય અને જો તેની માં એજ ખાનદાનની હોય દા.ત. તેના બાપની પિત્રાઇ બહેન છે તો તેની મહેર તેના માટે મહેરે મિસ્લ છે. અને તે ઔરત જેની મહેર તેના માટે મહેરે મિસ્લ છે તે ક્યા નિયયોમાં તેના જેવી હોય તેની વિગત આ છે. (૧) વય (૨) સૌંદર્ય (૩) માલમાં અનુરૂપ હોય (૪) બંને એક શહેરમાં હોય (૫) એક સમય (પીરીયડ) હોય (૬) બુધ્ધિ તથા (૭) તમીઝ તથા (૮) દયાનત તથા (૯) પવિત્રતા તથા (૧૦) ઇલ્મ તથા (૧૧) અદબમાં સમાન હોય (૧૨) બંને કુંવારી હોય અથવા બંને વૃધ્ધ (૧૩) ઔલાદ હોવા ન હોવામા બંને સમાન હોય કે આ વસ્તુઓના મતભેદથી મહેરમાં મતભેદ થાય છે. પતિ નો હાલ પણ દ્રુષ્ટિગત હોય છે. દા.ત. જવાન અને વૃધ્ધની મહેર માં તફાવત હોય છે. નિકાહના સમયે આ વિષયોમાં સમાનતા હોવાનો એતેબાર છે, પાછળથી કોઇ વાતની વધઘટ થઇ તો તેનો એતબાર નથી. દા.ત. એકનો જ્યારે નિકાહ થયો હતો તે સમયે જે હેસિયતની હતી બીજી પણ પોતાના નિકાહના સમયે એવીજ હેસિયતની છે પરંતુ પહેલીમાં પાછળથી કમી થઇ ગઇ અને બીજીમાં અધિકતા અથવા તેનાથી ઉલ્ટું થયું તો તેનો એતબાર નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૨૮) :** જો તે ખાનદાનમાં કોઇ એવી ઔરત ન હોય જેની મહેર તેના માટે મહેરે મિસ્લ થઇ શકે તો કોઇ બીજું ખાનદાન જે તેના ખાનદાન જેવું છે તેમાં કોઇ ઔરત તેના જેવી હોય તેની મહેર તેના માટે મહેરે મિસ્લ થશે. (આલમગીરી)

**મસ્અલા (૨૯) :** મહેરેમિસ્લની સાબીતી માટે બે પુરૂષ અને બે સ્ત્રીઓ આદિલ (ફાસિકના હોયતેઓ)

ગવાહ જોઇએજે શહદત (સાક્ષી)ના શબ્દોથી બયાન કરે અને ગવાહ ન હોય તો પતિનો કોલ સોગંદ સાથે વિશ્વાસ પાત્ર છે. (આલમગીરી)

**મસ્અલા (૩૦)** : હજાર રૂપીયાની મહેર બાંધવામાં આવી એ શરતે કે આ શહેરમાંથી પત્નીને લઇ જશે નહી અથવા તેની ઉપસ્થિતિમા બીજો નિકાહ (શાદી) કરશે નહી તો જો શરત પૂરી કરી તો તે હજાર મહેરના છે. અને જો શરત પૂરી ન કરી બલ્કે તેને અહીંયાથી લઇ ગયો અથવા તેની ઉપસ્થિતિ માં બીજો નિકાહ કરી લીધો તો મહેરે મિસ્લ છે અને જો એ શરત છે કે અહીંયા રાખે તો એક હજાર મહેર અને બહાર લઇ જાય તો બે હજાર મહેર અને અહીંજ રાખી તો એજ એક હજાર મહેર છે અને બહાર લઇ ગયો તો મહેરેમિસ્લ વાજિબ પરંતુ મહેરેમિસ્લ જો બે હજાર થી વધુ છે તો બે હજાર જ મેળવશે, અધિક નહી અને જો મહેરે મિસ્લ એક હજારથી ઓછી છે તો પૂરા એકહજાર લેશે ઓછા નહી, અને જો દખૂલ (સંભોગ) થી પહેલા તલાક થઇ તો દરેક હાલતમાં જે નક્કી થયું તેનું અર્ધું મેળવશે અર્થાત અહીંયા રાખી તો પાંચસો અને બહાર લઇ ગયો તો એક હજાર, એવીજ રીતે જો કુંવારી અને સૈયિબ (જે કુંવારીના રહી હોય તે) માં બે હજાર અને એક હજાર નો ભેદભાવ હતો તો સૈયિબ માં એકહજાર મહેર રહેશે અને કુંવારી સાબીત થઇ તો મહેરે મિસ્લ, એશરત છે કે ખૂબ સૂરત છે તો બે હજાર અને બદ સૂરત (કદરૂપી) છે તો એક હજાર, તો જો ખૂબસૂરત (સૌંદર્યવાન) છે તો બે હજાર પામશે અને કદરૂપી છે તો એક હજાર. આ હાલતમાં મહેરે મિસ્લ નથી. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા (૩૧)** : ફાસિદનિકાહમાં જ્યાં સુધી સંભોગ ન થાય મહેર લાઝિમ નથી અર્થાત સહીહ એકાંત કાફી નથી અને સંભોગ થઇ ગયો તો મહેરે મિસ્લ વાજિબ છે જે મુકર્રર મહેરથી વધુન હોય અને જો તેના કરતાં વધુ છે તો જે નક્કી થયું એજ અપાશે અને ફાસિદ નિકાહનો હુકમ એ છે કે તેઓમાં દરેક પર ફસ્ખ (રદ) કરી દેવું વાજિબ છે. તેની પણ જરૂરત નથી કે બીજા સમક્ષ ફસ્ખ કરે અને જો પોતે ફસ્ખ ન કરે તો કાઝી પર વાજિબ છે કે વિચ્છેદ કરી દે અને વિચ્છેદ થઇ ગયો અથવા પતિ મરી ગયો તો ઔરત પર ઇદ્દત વાજિબ છે જ્યારેકે સંભોગ થઇ ગયો હોય પરંતુ મૃત્યું માં પણ ઇદ્દત એજ ત્રણ હૈઝ (માસિક) છે ચાર મહીના દસ દિવસ નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૨)** : ફાસિદનિકાહમાં વિચ્છેદ અથવા મુતારહક (ત્યકતા) ના સમયથી ઇદ્દત છે. ભલે ઔરતને તેની ખબર ન હોય. મુતારકહ એ છે કે તેને ત્યજી દે, દા.ત. એ કહે કે મેં તેને ત્યજી અથવા ચાલીજા અથવા નિકાહ કરી લે અથવા કોઇ બીજો શબ્દ તેના જેવોજે કહે અને કેવળ આવવું-જવું ત્યજવાથી મુતારકહ થશે નહી જ્યાં સુધી જીભથી ન કહે અને તલાક શબ્દથી પણ મુતારકહ થઇ જશે. પરંતુ આ તલાકથી એમ ન થશે કે જો ફરીથી તેનાથી સહીહ નિકાહ કરે તો ત્રણ તલાક નો માલિક (હકદાર) નરહે બલ્કે સહીહ નિકાહ કરવા પછી ત્રણ તલાકનો તેને અખત્યાર રહેશે, નિકાહનો ઇન્કાર કરી દીધો મુતારિહનથી અને જોકે વિચ્છેદ વિગેરેમાં તેનું ત્યાં હોવુ જરૂરી નથી અને પરંતુ કોઇનું જાણવુ જરૂરી છે, જો કોઇએ જાણ્યું નહી તો ઇદ્દત પૂરી થશે નહી. (આલમગીરી, દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા (૩૩)** : ફાસિદનિકાહમાં નફકો (ખાધાખોરાકી) વાજિબ નથી, જો નફકાપર સમાધાન થયું તો પણ નહી. (આલમગીરી)

**મસ્અલા (૩૪)** : આઝાદપુરૂષે દાસીથી નિકાહ કરીને પછી પોતાની પત્ની ને ખરીદી લીધી તો નિકાહ ફાસિદ થઇ ગયો અને ઇજાઝત આપેલ ગુલામે પોતાની પત્ની ને ખરીદીં તો નિકાહ ફાસિદ થયો નહી. (આલમગીરી)

## -: મહેરે મુસમ્માના પ્રકાર :-

**મસ્અલા (૩૫)**: મહેરે મુસમ્મા ત્રણ પ્રરકારની છે, (૧) મજહુલુલજિન્સ દા.ત. કપડું અથવા જાનવર અથવા મકાન અથવા દાસી ના પેટમાં જે બાળક છે અથવા બકરીના પેટમાં જે બચ્ચું છે અથવા આ વર્ષે બગીચામાં જેટલાં ફળ આવશે તે સૌમા મહરે મિસ્લ વાજિબ છે. (૨) માલમુહલજિન્સ મજહુલવસ્ફ દા.ત. ગુલામ અથવા ઘોડા અથવા ગાય અથવા બકરી આ સૌમાં મધ્યમ દરજાનું વાજિબ છે અથવા તેની કીમત (૩) જિન્સે વસ્ફ બંનેને જો ખબર હોય તો જે કહ્યું એજ વાજિબ છે (આલમગીરી વિગેરે)

## મહેરની જમાનત

**મસ્અલા (૩૬)** : ઔરતનો વલી તેની મહેરનો જામીન થઇ શકે છે. જો કે નાબાલિગ હોય, જો કે ખુદ વલીએ નિકાહ પઢાવ્યો હોય પરંતુ શરત એ છે કે તે વલી મૃત્યું રોગમાં ગ્રસ્ત ન હોય. જો મૃત્યું રોગમાં છે તો બે સ્વરૂપ છે. તે ઔરત તેની વારસ છે તો જમાનત સહીહ નથી અને જો વારસ ન હોય તો પોતાના ત્રીજા ભાગના માલમાં જમાનત કરી શકે છે. અને તેમાં પણ એજ શરત છે અને એજ સ્વરૂપો છે અને તેમાં પણ એજ શરત છે અને એજ સ્વરૂપો છે અને એ પણ શરત છે કે ઔરત અથવા તેનો વલી અથવા ફઝુલી એજ મજલિસમાં કબૂલ પણ કરી લે તો જામીનગીરી સહીહ થશે નહિ. અને ઔરત બાલિગ હોય તો જેનાથી ઇચ્છે માંગણી કરે, પતિથી અથવા જામીનથી. જો જામીનથી માંગણી કરી અને તેણે આપી દીધી તો જામીન પતિથી વસુલ કરે. જો તેના હુકમથી જમાનત કરી હોય અને જો પોતાની જાતે જામીન થઇ ગયો તો લઇ શકતો નથી અને જો પતિનાબાલિગ છે તો જ્યાં સુધી બાલિગ (પુખ્તવયનો) ન થાય તેનાથી માંગણી કરી શકતી નથી અને ના બાલિગ પતિના બાપે- જામીનગીરી અને મહેર આપી દીધી તો પુત્ર પાસેથી વસુલ કરી શકતો નથી, હા જો જામીન થવાના સમયે આ શરત લગાવી દીધી હતી કે વસુલ કરી લેશે તો હવે લઇ શકે છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૭)** : ઝૈદે પોતાની પુત્રીનો નિકાહ અમ્રથી બે હજાર પર કર્યો, એવી રીતે કે હજાર હું આપીશ અને હજાર અમ્ર આપશે અને અમ્ર એ સ્વીકારી પણું લીધું તો બંને હજાર અમ્રના માથે છે અને ઝૈદ હજારનો જામીન ઠેરવવામાં આવશે. જો ઔરતે પોતાના બાપ ઝૈદથી લઇ લીધા તો ઝૈદ અમ્રથી વસુલ કરી લે અને જો ઔરતે ઝૈદના મૃત્યુ પછી તેના તરકામાં (છોડેલ મિલ્કત) થી હજાર લઇ લીધા તો ઝૈદના વારસદાર અમ્રથી વસુલ કરે. (આલમગીરી)

**મસ્અલા (૩૮)** : પતિના બાંપના કહેવાથી કોઇ અજાણ્યાએ જામીનગીરી કરી લીધી પછી અદા કરવાથી પહેલા બાપ મરી ગયો તો ઔરતને અખત્યાર છે પતિથી લે અથવા તેમા બાપના તરકાથી, જો તરકાથીલીધું તો બાકીના વારસદારો પતિથી વસુલ કરે. (આલમગીરી)

**મસ્અલા (૩૯)** : નિકાહના વકીલે મહેરની જમાનત કરી લીધી, જો પતિના હુકમથી છે તો જમાનત પાછી લઇ શકે છે. નહિ તો લઇ શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા (૪૦)** : પતિ નાબાલિગ મોહતાજ છે, તો તેના બાપથી મહેરની માંગણી થઇ શકતી નથી અને જો માલદાર છે તો એ માંગણી થઇ શકે છે કે, છોકરાના માલથી મહેર અદાકરીદે. એમ નહિ કે, પોતાના માલથી અદાકરે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૪૧)** : બાપે બેટાની મહેર અદાકરી દીધી અને જામીન ન હતો તો જો આપતા સમયે સાક્ષી બનાવી લીધા કે પાછી લઇ લેશે તો લઇ શકેછે, નહિ તો લઇ શકતો નથી. (રદદુલમુહતાર)

## મહેરના પ્રકાર

**મસ્અલા (૪૨)** : મહેર ત્રણ પ્રકારની છે (૧) મુઅજ્જલ કે ખિલ્વત(એકાંત) પહેલા. મહેર આપવું નક્કી થયું છે. અને (૨) મુવજ્જલ જેના માટે કોઇ અવધિ (સમય મર્યાદા) મુક્કર હોય અને (૩) મુત્લક જેમાં ન તે હોય ન આ, અને એમ પણ થઇ શકે છે કે કેટલોક ભાગ મુઅજ્જલ હોય કેટલોક મુવજ્જલ અથવા મુતલક મુવઅજ્જલ અને કેટલાક મુવજ્જલ અને કેટલાક મુતલક મહેર મુઅજ્જલ વસૂલ કરવા માટે ઔરત પોતાને પતિથી રોકી શકે છે અર્થાત એ અધિકાર છે કે સંભોગ તથા સંભોગના પુર્વના મામલાથી અટકાવે ભલે તમામ મુઅજ્જલ હોય કે કેટલોક અને પતિ માટે હલાલ નથી કે પત્નીને મજબૂર કરે. જો કે તેમાથી અગાઉ ઔરતની રજા મંદીથી સંભોગ તથા એકાંત થઇ ગયું હોય અર્થાત આ હક ઔરતને હંમેશા પ્રાપ્ત છે, જ્યાં સુધી કે વસુલ ન કરી લે, તેવીજ રીતે જો પતિ પ્રવાસમાં લઇ જવા ઇચ્છે છે તો મહેરે મુઅજ્જલ વસુલ કરવા માટે જવાનો ઇન્કાર કરી શકે છે, તેવીજ રીતે જો મહેર મુતલક હોય અને ત્યાંનો રીવાજ છેકે એવા મહેરમાં થોડુક એકાંતથી પેહલા અદા કરવામાં આવે છે તો તેના ખાનદાનમાં જેટલું અગાઉ અદા કરવાનો રિવાજ છે તેનો હુકમ મહેરે મુઅજ્જલનો છે અર્થાત તે વસુલ કરવા માટે સંભોગ તથા પ્રવાસથી મના કરી શકે છે અને જો મહેર મુવજ્જલ અર્થાત મીઆદી છે અને અવધિ અજ્ઞાત છે તો પણ તત્કાળ આપવું

વાજિબ છે, હા, જો મુવજ્જલ છે અને સમાન ઠર્યું. કે મૃત્યું અથવા તલાક પરવસુલ કરવાનો હક છે તો જ્યાં સુધી તલાક અથવા મોત ઘટિત ન થાય વસુલ કરી શકતી નથી જેવું કે સામાન્યત ભારતમાં એજ પ્રચલિત છે કે મહેર મુવજ્જલથી એવુંજ સમજે છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા** (૪૩) : પત્ની નાબાલિગ છે તો તેના બાપ અથવા દાદા ને અખત્યાર છે કે મહેરે મુઅજ્જલ લેવા માટે રૂખસતી (વિદાયગીરી) ન કરે, અને પત્ની ખુદ પોતાને પતિનાં કબ્જામાં આપી શકતી નથી. અને બાપ અથવા દાદો રૂખસત કરી શકે છે, તેમના સિવાય બીજા કોઇ વલીને અખત્યાર નથી કે, રૂખસત કરી દે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા** (૪૪) : ઔરતે જ્યારે મહેરે મુઅજ્જલ મેળવી લીધી તો હવે પતિ પરદેશ પણ તેણીને લઇ જઇ શકે છે. ઔરતને હવે ઇન્કારનો હક નથી અને જો મહેરે મુઅજ્જલમાં એક રૂપીયો પણ બાકી છે તો સંભોગ તથા પ્રવાસથી રોકાઇ શકે છે. એવીજ રીતે જો ઔરત નો બાપ કુટુંબ સહીત પરદેશ જવા ઇચ્છે અને પોતાની સાથે પોતાની જવાન છોકરીને લઇ જવા ઇચ્છે છે કે જેની શાદી થઇ ગઇ છે અને પતિએ મહેર મુઅજ્જલ અદા કરી નથી તો લઇ જઇ શકે છે અને મહેરવસુલ થઇ ગઇ છે તો પતિની ઇજાઝત વગર લઇ જઇ શકતો નથી, જો મહેર મુઅજ્જલ તમામ અદા થઇ ગઇ છે, કેવળ એક દિરહમ બાકી છે તો લઇ જઇ શકે છે અને પતિ એમ ઇચ્છે છે કે જે આપ્યું છે પાછું મેળવીલે તો પાછું લઇ શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા** (૪૫) : નાબાલિગની રૂખસતી થઇ ગઇ, પરંતુ મહેરે મુઅજ્જલ વસૂલ થઇ નથી તો તેનો વલી રોકી શકતો નથી. જ્યા સુધી મહેરે મુઅજ્જલ અદા ન કરી દે. (આલમગીરી)

**મસ્અલા** (૪૬) : બાપ જો છોકરીની મહેર પતિથી વસુલ કરવા ઇચ્છે તો તેની જરૂરત નથી કે છોકરી પણ ત્યાં હાજર હોય, પછી જો પતિ છોકરીના બાપથી રૂખસત કરી દે અને જો ત્યાં ન હોય અને મોકલવા પર પણ શક્તિમાન ન હોય તો મહેર પર કબ્જો કરવાનો પણ તેને હક્ક નથી. જો પતિ આપવા માટે તૈયાર છે પરંતુ એમ કહે છે કે, છોકરીનો બાપ છોકરીને આપશે નહિ, પોતે લઇ લેશે તો કાઝી હુકમ આપશે કે છોકરી નો બાપ જામિન આપે કે મહેર અદાકરી દે. (આલમગીરી)

**મસ્અલા** (૪૭) : મહેરે મુવજ્જલ અર્થાત મીઆદી નિશ્ચિત સમય ની હતી, અને સમય પુરો થઇ ગયો તો ઔરત પોતાને રોકી શકે છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા** (૪૮) : જો મહેરે મુવજ્જલ (જેની મુદ્દત મૃત્યુ અથવા તલાક હતી.) અથવા સર્વથા (મોઘમ) હતી અને તલાક અથવાં મૃત્યું થયું તો હવે તે પણ મુવજ્જલ થઇ જશે, અર્થાત અત્યારે માંગણી કરી શકે છે ભલે રજઇ તલાક હોય, પરંતુ રજઇમાં રૂજૂઅ પછી ફરી મુવજ્જલ થઇ ગઇ, અને જો મહેરે મનજ્જમ છે અર્થાત હપ્તાવાર તો વસુલ કરશે અને તલાક થઇ તો હવે પણ હપ્તાવાર, લેશે. (આલમગીરી, રદ્દુલમુહતાર)

**મસ્અલા** (૪૯) : મહેરે મુઅજ્જલ લેવા માટે ઔરત જો સંભોગ નો ઇન્કાર કરે, તો તેના કારણે ભરણ પોષણ રદ ન થશે. અને આ હાલતમાં પતિની ઇજાઝત વગર ઘરમાંથી બહાર બલ્કે પ્રવાસમાં પણ જઇ શકે છે, જયારેકે જરૂરતથી હોય અને પોતાના પીયર વાળાઓથી મળવા માટે પણ વગર ઇજાઝતે જઇ શકે છે. અને જ્યારે મહેર વસુલ કરી લીધી તો હવે ઇજાઝત વગર જઇ શકતી નથી પરંતુ કેવળ મા બાપ ની મુલાકાત માટે દરેક અઠવાડીયે એક વખત દિવસ ભર માટે જઇ શકે છે, અને મહેરમના ત્યાં વર્ષ ભરમાં એક વખત અને મહેરમ સિવાય બીજા સગો અથવા પારકા ઓના ત્યાંગમી (શોક) અથવા શાદી ના કોઈ પ્રસંગમાં જઇ શકતી નથી. પતિ આ પ્રસંગો પર જવાની ઇજાઝત આપે. જો ઇજાઝત આપી તો બન્ને ગુનહેગાર થયા. (દુર્રે મુખ્તાર)

## મેહરમાં મતભેદના સ્વરૂપો

**મસ્અલા** (૫૦) : મહેરમાં મતભેદ થાય તો તેના કેટલાંક સ્વરૂપો છે, એક એ કે નફસે મહેરમાં મતભેદ થયો એક કહે છે મહેર બાંધી હતી બીજો કહે છે નિકાહના સમયે મહેરનો ઉલ્લેખ થયો નથી, તો જે કરે છે મેહર બાંધી હતી, ગવાહ રજુ કરે, રજુ ન કરી શકે તો ઈન્કાર કરવાવાળને હલફ (સોગંદ) આપવામાં આવે, જો હલફ (સપથ) લેવાનો ઈન્કાર કરે તો મુદઈ (વાદી) નો દાવો સાબિત અને સપથ લઈ લે તો મહેરે મિસ્લ વાજિબ થશે. અર્થાત જયારે કે નિકાહ બાકી હોય, અથવા એકાંત પછી તલાક થઈ હોય અને જો ખિલવત (એકાંત) થી પહેલા તલાક

થઈ તો કપડાંનો જોડો વાજિબ થશે. તેનો હુકમ આગળ બયાન થઈ ગયો છે. બીજું સ્વરૂપ એ કે માત્રામાં મતભેદ હોય તો જો મહેરે મિસ્લ એટલિ છે જેટલી ઔરત બતાવે છે અથવા વધારે તો ઔરતની વાત સોગંદ પુર્વક માનવામાં આવે અને જો મહેરે મિસ્લ પતિના કહેવા અનુસાર છે અથવા ઓછી તો સોગંદ સાથે પતિની વાત માનવામાં આવે અને જો મહેરે મિસ્લ જે પણ હોય તો જો બંનેએ ગવાહ રજુ કર્યો તો જેનો કોલ મહેરે મિસ્લ વિરૂધ્ધ છે તેમા ગવાહ મકબુલ (સ્વીકૃત) છે. અને જો મહેરે મિસ્લ બંને દાવાઓની વચ્ચે છે દા.ત. પતિનો દાવો એક હજારનો છે અને ઔરતનો દાવો બે હજારનો અને મહેરે મિસ્લ દોઢ હજાર છે તો બંનેને સોગંદ ખવડાવીશું, જે સોગંદ ખાઇ લે તેનો કોલ વિશ્વાસ પાત્ર છે. અથવા જે ગવાહ રજુ કરે તેનો કોલ માનવામાં આવે અને જો બંને સોગંદખાય અથવા બંને ગવાહ રજુ કરે તો મહેરે મિસ્લ પર ફેસલો થશે. આ તફસીલ (વિવરણ) તે સમયે છે કે નિકાહ બાકી હોય, દુખૂલ (સંભોગ) થયો હોય કે ન થયો હોય અથવા બંનેમાથી એકનુ મૃત્યું થઇ ગયું હોય. એવીજ રીતે તે હાલતમાં કે સંભોગ પછી તલાક આપી દીધી હોય તો મુતએ મિસ્લ (અર્થાત જોડો) જેના કોલના અનુસાર હોય સોગંદ સાથે તેનો કોલ વિશ્વાસ પાત્ર છે. અને જો મુતાએ મિસ્લ બંને વચ્ચે હોય તો બંને પર હલફ (સપથ) મુકો જે સપથ લઈ લે તેની વાત વિશ્વાસ પાત્ર છે. અને બંને સપથ લઇ લે તો મુતાએ મિસ્લ અપાશે. અને જો કોઇ ગવાહ રજુ કરે તો તેનો કોલ પ્રમાણિત છે. અને બંને એ રજુ કર્યો તો જેના કોલ મુતાએ મિસ્લના વિરૂધ્ધ છે તે પ્રમાણિત છે. અને જો બંનેનુ અવસાન થઇ ગયું અને બંનેના વારસદારોમાં મતભેદ હતો અથવા ન હતો તો મહેરે મિસ્લ પર ફેસલો થશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૫૧) :** પતિજો મહેરનો દસ્તાવેજ લખવાનો ઈન્કાર કરે તો મજબુર ન કરવામાં આવે, અને જો મહેર રૂપીયાની બાંધમાં આવી તો પતિ પર રૂપીયા વાજિબ છે, પરંતુ કાઝી, અશરફીઓ અપાવશે, જ્યારેકે તેને ખબર ન હોય કે રૂપીયાની મહેર બાંધી હતી. (આલમગીરી)

## પતિનું ઔરતના ત્યાં કાંઇ મોકલવું

**મસ્અલા (૫૨) :** પતિએ કોઇ વસ્તુ ઔરત (પત્ની) નાં ત્યાં મોકલી જો એમ કહી દીધું કે હદિયો છે તો હવે કહી શક્તો નથી કે તે મહેરમાં હતી અને જો કાંઇ કહ્યું ન હતું અને હવે કહે છે કે મહેરમાં મોકલી હતી અને ઔરત કહે છે કે હદિયો (ભેટ) છે અને વસ્તુ ખાવાના પ્રકારની છે દા.ત. રોટી ગોશ્ત(માંસ) હલ્વો, મિઠાઇ વિગેરે તો ઔરતથી સોગંદ લઇ ને તેનો કોલ માનવામાં આવે અને જો ખાવાના પ્રકારની અર્થાત બાકી રેહનાર વસ્તુ હોય દા.ત. કપડાં, બકરી, ઘી, મધ વિગેરે તો પતિને હલફ (સોગંદ સપથ)આપવામાં આવે, સોગંદ ખાઇલે તો તેની વાતમાનો અને ઔરત ને અખત્યાર હશે. કે જો તે વસ્તુ મહેરના પ્રકારની નથી અને બાકી રહે તેવી છે તો પાછી આપી દે અને પોતાની મહેર વસુલ કરે, (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૫૩) :** પતિએ પત્નીના ત્યાં કોઇ વસ્તુ મોકલી અને પત્નીના બાપે પતિના ત્યાં કાંઇ મોકલ્યું. પતિ કહે છે તે વસ્તુ મે મહેરમાં મોકલી હતી, તો સોગંદ પૂર્વક તેનો કોલ માની લેવામાં આવશે અને પત્નીને અખત્યાર હશે કે તે વસ્તુ પાછી મોકલે અથવા મહેરમાં ગણના કરે અને પત્નીના બાપે જે મોકલ્યું હતું. જો તે વસ્તુ નષ્ટ થઇ ગઇ તો કાંઇ પાછું લઇ શક્તો નથી અને હાજર છે તો પાછું લઇ શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૫૪) :** જે છોકરીથી મંગની (સગાઇ) થઇ તેના પાસે છોકરીના ત્યાંથી ખાંડ અને મેવા વગેરે આવે પછી કોઇ કારણો સર નિકાહ ન થયો તો જો તે વસ્તુઓ વહેંચાઇ ગઇ અને મોકલનારે વહેંચવાની ઇજાઝત પણ આપી દીધી હતી તો પાછું લઇ શકતો નથી. નહીતો પાછું લઇ શકે છે. (આલમગીરી) વહેચણીની ઇજાઝત સ્પષ્ટતાથી હોય અથવા પ્રચલિત દા.ત. હિન્દુસ્તાનમાં આ પ્રસંગે આ વસ્તુો એટલામાટે જ મોકલે છે કે છોકરીવાળા પોતાના કુટુંબ અને સગાઓમાં વહેચશે. આ વસ્તુઓ એટલામાટે નથી હોતી કે રાખી લેશે અથવા પોતે ખાઇ જશે.

(બહારે શરીઅત-ઉર્દુ ભાગ-૯ પેઇજ ૬૯)

**મસ્અલા (૫૫) :** પતિએ પત્નીના ત્યાં ઇદી મોકલી પછી એમ કહે છે કે પોતે રૂપીયા મહેરમાં મોકલ્યા હતા,

તેનો આ કોલ માનવામાં આવશે નહિ. (આલમગીરી)

**મસ્અલા (૫૬)** : પત્ની મરીગઇ, પતિએ ગાય, બકરી વિગેરે કોઇ જાનવર મોકલ્યું કે ઝુબ્હ કરીને ત્રીજામાં ખવડાવવામાં આવે અને તેની કીંમત બતાવી ન હતી તો લઇ શકતો નથી અને કીંમત બતાવી હતી તો લઇ શકે છે અને જો મતભેદ હોય કે તે કહે છે કે બતાવી દીધી હતી અને છોકરી વાળો કહે છે કે બતાવી ન હતી, તો જો છોકરીવાળો સોગંદ ખાઇ લે તો તેની વાત માની લેવામાં આવશે (આલમગીરી)

**મસ્અલા (૫૭)** : કોઇ ઔરત ઇદ્દતમા હતી, તેને એ આશાએ ખરચ આપતો રહ્યો કે ઇદ્દત પછી તેનાથી નિકાહ કરશે. જો નિકાહ થઇ ગયો તો જે કાંઇ ખરચ કર્યું છે પાછુ લઇ શકતો નથી અને નિકાહનો ઇન્કાર કરી દીધો તો તેને જે કાંઇ બતોર તમ્લીક (માલિક બનાવવા) તરીકે આપ્યું છે પાછું લઇ શકે છે અને જો વિવેક (ઔચિત્ય) તરીકે આપ્યું છે દા.ત. તેના ત્યાં ખાણું ખાતી રહી તો પાછું લઇ શકતો નથી. (તનવીર)

**મસ્અલા (૫૮)** : છોકરીને જે કાંઇ જહેઝ (દહેઝ) માં આપ્યું છે તે પાછું લઇ શકતો નથી અને વારસદારોને પણ અખત્યાર નથી જ્યારે કે મરણ રોગમાં ન આપ્યુ હોય. એવીજ રીતે જે કાંઇ સામાન નાબાલિગ છોકરી માટે ખરીધ્યો, જો કે હજુ આપ્યો ન હોય અથવા મરણ રોગમાં આપ્યો, તેની માલિક પણ છોકરી એકલીજ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૫૯)** : છોકરીવાળાઓએ નિકાહ અથવા વિદાયગીરી વખતે પતિ પાસેથી કાંઇ લીધું હોય અર્થાત લીધા વગર નિકાહ અથવા વિદાયગીરીથી ઇન્કાર કરતા હોય અને પતિએ આપીને નિકાહ અથવા રૂખસતી કરાવી તો પતિ તે વસ્તુઓને પાછી લઇ શકે કે આરિશ્વત (લાંચ) છે. (બહર) વિદાયગીરી સમયે જે વસ્ત્રો મોકલ્યા જો બતોરે તમ્લીક (માલિક તરીકે) છે તો, જેવું હિન્દુસ્તાનમાં સામાન્યત રિવાજ છે કે ડાલબરી (બરી) માં જોડા મોકલવામાં આવે છે અને રિવાજ એજ છે કે છોકરીને માલિક બનાવીદે છે તો તેમને પાછા લઇ શકતો નથી. અને માલિક પણું ન હોય તો લઇ શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૬૦)** : કોઈએ છોકરીને દહેજ આપ્યું પછી એમ કહ્યું છે કે મૈં કરજ તરીકે આપ્યું છે અને છોકરી અથવા તેના મૃત્યુ પછી પતિ કહે છે કે માલિક તરીકે આપ્યું છે તો જો તે વસ્તુ એવી છે કે સામાન્યત લોકો તેને દહેજમાં આપતા રહે છે તો છોકરી અથવા તેના પતિનો કોલ માનવામાં આવે છે અને જો સામાન્યતઃ એ વાત ન હોય બલ્કે કરજ તથા માલિકી બંને પ્રકારે આપવામાં આવતું હોય તો તેના બાપ અથવા વારસદારોનો કોલ વિશ્વાસ પાત્ર છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૬૧)** : જે હાલતમાં છોકરીનો કોલ શ્રિવાસપાત્ર છે તેના બાપે ગવાહ રજુ કર્યો જે એ કામની શહાદત (સાક્ષી) આપે છે કે આપતી વખતે તેણે કહી દીધું હતું કે, કરજ છે તો ગવાહોનો કોલ માની લેવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા (૬૨)** : બાલિગ છોકરીનો નિકાહ કરી દીધો અને દહેજનો સામાન પણ નિશ્ચિત કરી દીધો પરંતુ હજું આપ્યો નથી અને તે નિકાહ તુટી ગયો, પછી બીજાથી નિકાહ થયો તો છોકરી તે દહેજની બાપથી માંગણી કરી શકતી નથી. (આલમગીરી)

**મસ્અલા (૬૩)** : છોકરીએ માબાપના માલ અને પોતાની દસ્તકારી (હસ્તકલા) થી કોઈ વસ્તુ દહેજ માટે તૈયાર કરી અને તેની માં મરી ગઇ, બાપે તે વસ્તુ દહેજમાં આપી દીધી તોતેના ભાઇઓનો એ હક્ક નથી કે તે વસ્તુમાં માં તરફથી મીરાસનો દાવો કરે. એવીજ રીતે તેનો બાપ જે કપડાં લાવતો રહ્યો તેમાંથી તેણી પોતાના દહેજ માટે બનાવતી રહી અને કેટલુંએ એકત્ર કરી લીધું અને બાપ મૃત્યું પામ્યો તો સઘળો સામાન છોકરીનો છે. (આલમગીરી)

**મસ્અલા (૬૪)** : માંએ પુત્રી માટે તેના બાપના માલથી દહેજ તૈયાર કર્યું અથવા તેનો થોડીક સામાન દહેજમાં આપી દીધો અને તેને ખબર પડી અને ખામોશ રહ્યો અને છોકરી રૂખસત કરી દેવામાં આવી તો હવે બાપ તે દહજને છોકરી પાસેથી પાછું લઇ શકતો નથી. (તનવીરૂલઅબસાર)

**મસ્અલા (૬૫)** : જે ઘરમાં પતિ પત્ની રહે છે તેમાં કેટલોક સામાન છે જેનો દરેક દાવેદાર છે તો જો તેવી

વસ્તુ છે જે સ્ત્રીઓ વાપરે છે. દા.ત. દુપટ્ટો, સિંગારદાન, ખાસ સ્ત્રીઓના પહેરવાના કપડાં, તો આવી વસ્તુ ઔરતને આપી દેવામાં આવશે, હા જો પતિ સાબિતી આપેકે આ વસ્તુ તેની છે તો તેને આપી દેવાશે. અને જો તે ખાસ પુરૂષને વાપરવાની વસ્તુ છે. દા.ત. ટોપી,અમામો, અંગરખું અને હથિયાર વિગેરે તો એવી વસ્તુ પુરૂષને અપાશે પરંતુ જ્યારે ઔરત ગવાહીથી પોતાની માલિકી સાબીત કરે તો તેને અપાશે. અને જો તે વસ્તુઓ બંનેના કામની હોય દા.ત. પથારી તો તેને પણ પુરૂષને જ આપો, પરંતુ જ્યારે પત્ની ગવાહ રજુ કરે તો તેને આપી દો અને જો આ બંનેમાથી એકનુ અવસાન થઇ ગયું છે. તેના વારસદારો અને તેનામાં મતભેદ થયો તો પણ એજ તફસીલ છે, પરંતુ જે વસ્તુ બંનેના વાપરવાની હોય તો તેને આપો જે જીવંત છે. વારસદારને નહિ. અને જો મકાનમાં વેપારનો માલ છે અને મશહુર છે કે તે શખ્સ તે વસ્તુનો વેપાર કરતો હતો તો પુરૂષને આપો. (આલમગીરી)

**મસ્અલા (૬૬)** : જે વસ્તુમુસલમાનના નિકાહમાં મહેર થઇ શકે છે તે કાફિરના નિકાહમાં પણ થઇ શકે છે, અને જે મુસલમાનના નિકાહમાં મહેર નથી થઇ શકતી તે કાફિરના નિકાહમાં પણ થઇ શકતી નથી સિવાય શરાબ તથા સુવ્વરના, કે આ કાફિરની મહેરમાં થઇ શકે છે. મુસલમાન માટે નહી (આલમગીરી)

**મસ્અલા (૬૭)** : કાફિરનો નિકાહ મહેર વગર થયો અર્થાત મહેરનો ઉલ્લેખ ન થયો અથવા કહ્યું કે મહેર આપવામાં આવશે નહિ અથવા મુરદાર (હરામ વસ્તુ) ની મહેર બાંધી અને આ તેમના ધર્મમા જાઇઝ (ઉચિત) પણ હોય અર્થાત આ સ્વરૂપમાં તેમના ત્યાં મહેર મિસ્લનો હુકમ ન આપવામાં આવતો હોયતો આ હાલતમાં ઔરતને મહેર મળશે નહિ; ભલે સંભોગ થઇ ગયો હોય કે સંભોગથી પહેલા તલાક થઇ ગઇ હોય, અથવા પતિ મરી ગયો હોય, જો કે તે બંને હવે મુસલમાન થઇ ગયા અથવા મુસલમાનો પાસે તેનો મુકદમો રજુ કર્યો હોય, હા બાકીના "એહકામે નિકાહ" સાબિત થશે દા.ત. ભરણ પોષણનું વ્યાજપણું, તલાક પ્રકટ થવું, ઇદ્દત, નસબ, બાલિગ પણા વિગેરે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૬૮)** : નાબાલિગે વલીની ઇજાઝત વગર નિકાહ કર્યો અને સંભોગ પણ કરી લીધો પછી વલીએ આ નિકાહ રદ કરી દીધો તો મહેર લાજિમ નથી. (ખાનિયહ)

**મસ્અલા (૬૯)** : નાબાલિગ ના બાપને હક્ક છે કે પોતાની પુત્રીની મહેરે મઅજલ પતિથી તલબ કરે (માંગે) અને જો છોકરી સંભોગને લાયક છે તો પતિ રૂખસત (બાપ પાસેથી છુટી) કરાવી શકે છે, અને તેના માટે કોઇ વયની વિશેષતા નથી અને જો તેના યોગ્ય નથી ભલે બાલિગ હોય તો રૂખસત પર બળજબરી કરી શકતી નથી (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

## લોંડી-ગુલામના નિકાહનું બયાન

**અલ્લાહ અઝઝ વજલ્લફરમાવે છે.**

**વ મનલમ્ યસ્તતિઅ મિન્કુમ તૌલન યન્કેહલ-મુહસનાતિલ-મુઅ-મિનાતિ મિમ્મા મ-લ-કત ઐમાનુકુમમિન ફતયાતિકુમુલ મુઅમિનાતિ, વલ્લાહુ અઅલમો ઇમાનિકુમ બઅદ્કુમ મિમ્બઅ દિન ફન કિહુ હુન્ન બિઇઝની અહલ્લિહન્ન વઆતુહુન્ન ઓજૂરહુન્ન બિલમઅરૂફિ.**

**તરજુમો** : અને તમારામાં શક્તિ હોવાના કારણે જેના નિકાહમાં આઝાદ ઔરતો મુસલમાન ન હોય તો તેનાથી નિકાહ કરે જેને તમારા હાથ માલિક છે ઇમાનવાળી દાસીઓ અને અલ્લાહ તમારા ઇમાનને સારી રીતે જાણે છે, તમારામા એક બીજાથી છે તો તેમનાથી નિકાહ કરો તેમના માલિકોની ઇજાઝતથી અને નિયમનુસાર તેમની મહેર તેમને આપો, ઇમામ અહમદ, અબૂદાઉદ, તિરમિઝી તથા હાકિમ જાબિર રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું - "જે ગુલામ માલિકની ઇજાઝત વગર નિકાહ કરે તે ઝાની (વ્યભીચારી) છે. અબૂદાઉદ ઉબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝૂરે ફરમાવ્યું જ્યારે ગુલામે માલિકની પરવાનગી વગર નિકાહ કર્યો તો તેનો નિકાહ બાતિલ (રદ) છે. ઇમામશાફેઇ તથા બયહકી હઝરત અલી રદીયલ્લાહો અન્હોથી રાવી, તેમણે ફરમાવ્યું" ગુલામ બે ઔરતોથી નિકાહ કરી શકે છે તેનાથી વધારે નહી.

**મસ્અલા (૧)** : લોંડી (દાસી) ગુલામે જો પોતે નિકાહ કરી લીધો અથવા તેમનો નિકાહ કોઇ બીજાએ કરાવી દીધો તો આ નિકાહ માલિકની ઇજાઝત પર આધારિત છે. જો

જાઇઝ કરી દેશે લાગુ થઇ જશે, રદ કરી દેશેતો બાતિલ (વ્યર્થ) થઇ જશે. પછી જો સંભોગ પણ થઇ ગયો અને માલિકે રદ કરી દીધો તો જ્યાં સુધી આઝાદ ન થાય દાસી પોતાની મહેર તલબ કરી શકતી નથી. ન ગુલામથી માંગણી થઈ શકે છે અને જો સંભોગ થયો નથી. તો તે મહેર વાજિબ જ થઇ નહિ. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર) અહીંયા માલિકથી ભાવાર્થ તે છે જેને તેના નિકાહની વિલાયત પ્રાપ્ત છે. દા.ત. માલિક નાબાલિગ હોય તો તેનો બાપ અથવા દાદો અથવા કાઝી અથવા વસી(જેને વસીયત કરી હોય તે) અને લોંડી ગુલામથી મુરાદ આમ છે. મુદબ્બિર, મકાતિબ, માઝુન(ઇજાઝત આપવામાં આવેલ) ઉમ્મુવલ્દ અથવા તે જેનો થોડોક ભાગ આઝાદ થઇ ગયો, સૌને શામેલ છે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૨)** : મકાતિબ પોતાની લોડીંનો નિકાહ પોતાના ઇઝન (પરવાનગી) થી કરી શકે છે, અને પોતાનો અથવા પોતાના ગુલામનો કરી શકતો નથી ને માઝુન, ગુલામ લોંડીનો પણ કરી શકતો નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૩)** : મૌલા (માલિક) ની ઇજાઝતથી ગુલામે નિકાહ કર્યો તો મહેર તથા ભરણ પોષણ ખુદ ગુલામ પર વાજિબ છે, મૌલાપર નહિં અને મરી ગયો તો મહેર તથા ભરણ પોષણ બંને સાકિત (રદ) અને ગુલામ ખાલિસ મહેર તથા નુફકાના કારણે વેચી નાખવામાં આવશે અને મુદબ્બિર મકાતિબ વેચવામાં આવે નહિ. બલ્કે તેમને હુકમ આપવામાં આવે કે, કમાણી કરીને અદા કરતા રહે, હા મકાતિબ જો કિતાબ તથા બદલથી વિવશ હોય તો હવે મકાતિબ રહેશે નહી અને મહેર તથા નફકા (ભરણ પોષણ)માં વેચવામાં આવશે અને ગુલામનું વેચાણ તેનો મૌલા કરે, જો તે ઇન્કાર કરે તો તેના સામે કાઝી વેચાણ કરી દેશે અને એ પણ થઇ શકે છે કે જે કિંમતે વેચાઇ રહ્યો છે મૌલા પોતાની પાસેથી તેટલી કીંમત આપીદે અને તે વેચવા ન દે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૪)** : મહેરમાં વેચાણ થયો પરંતુ તે કીંમત મહેરની અદાયગી માટે પુરતી ન હોય તો હવે બીજી વખત વેચવામા ન આવે બલ્કે બાકીની મહેર આઝાદી પછી તલબ કરી શકે છે અને જો તે ઔરત ના હાથમાં વેચવામાં આવે તો બાકીની મહેર સાકિત (રદ) થઇ ગઇ અને નુફકામાં વેચવામાં આવ્યો અને કીંમતોથી નુફકો અદા થયો નહી તો બાકીની આઝાદી પછી લઇ શકે છે અને વેચાણ પછી ફરી બીજો નુફકો વાજિબ થયો તો ફરીથી વિક્રય થાય તેમાં પમ જો કાંઇ બાકી રહ્યું તો આઝાદી પછી થી લઇ શકે છે અને બાકીનામાં વિક્રય થઇ શકતો નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૫)** : કોઇએ પોતાના ગુલામનો નિકાહ પોતાની દાસીથી કરી દીધો તો હકીકત એ છે કે મહેર વાજિબ જ થઇ નહી અર્થાત જ્યારે દાસીમાજૂનહ, મધ્યુનહ ન હોય નહી તો મહેરમાં વેચવામાં આવશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૬)** : ગુલામનો નિકાહ તેના મૌલાએ કરી દીધો પછી વેચી નાખ્યો તો મહેર ગુલામની ગર્દનથી જોડાએલી છે. અર્થાત ઔરત જ્યારે ઇચ્છે તેને વેચાવી મહેર વસુલ કરે ઔરતને પણ હક છે કે પ્રથમનું વેચાણ ફસ્ખ (રદ) કરાવીદે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૭)** : મૌલાને પોતાના ગુલામ અને લોડીં પર જબરી વિલાયત (વાલીપણું) છે અર્થાત જેનાથી ઇચ્છે નિકાહ કરી દે, તેમને ઇન્કારનો કોઇ હક નથી પરંતુ મકાતિબ તથા મકાતિબનો નિકાહ ઇજાઝત નગર નથી કરી શકતો ભલે નાબાલિગ હોય. કરી દેશે તો તેમની ઇજાઝત પર આધારિત રહેશે અને જો નાબાલિગ મકાતિબ તથા મકાતિબ્હા એકિતાબતના બદલો અદાકરી દીધો અને આઝાદ થઇ ગયા તો હવે મૌલાની ઇજાઝત પર આધારિત છે. જ્યારે કે કોઇ બીજા વારસદાર ન હોય કે આ નાબાલિગી ના કારણે ઇજાઝતના યોગ્ય નથી અને જો કિતાબતનો બદલો અદા કરવાથી વિવશ છે તો મકાતિબ ગુલામનો નિકાહ મૌલાની ઇજાઝત પર અવલંબે છે અને મકાતિબાનો તો બાતલ થશે. (આલમગીરી)

**મસ્અલા (૮)** : ગુલામે માલિક ની ઇજાઝત (રજા) વગર નિકાહ કર્યો, હવે માલિકથી ઇજાઝત માંગી, તેણે કહ્યું રજઇ તલાક આપીદે તો ઇજાઝત થઇ ગઇ અને પહેલો નિકાહ સહીહ થઇ ગયો અને કહ્યું તલાક આપીદે અથવા તેને અલગ કરીદે તો આ ઇજાઝત નથી બલ્કે નિકાહ રદ થઇ ગયો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૯)** : માલિકથી નિકાહની ઇજાઝત લીધી અને નિકાહ ફાસિદ કર્યો તો ઇજાઝત ખંતમ થઇ ગઇ અર્થાત ફરી સહીહ નિકાહ કરવા ઇચ્છે તો ફરીથી ઇજાઝત લેવી પડશે અને ફાસિદ નિકાહમાં સંભોગ કરી લીધો છે

તો મહેર ગુલામ પર વાજિબ છે અર્થાત ગુલામ મહેરમાં વેચી શકાય છે અને જો ઇજાઝત આપવામાં મૌલાએ નિકાહે સહીહની નિય્યત કરી હતી તો તેની નિય્યતનો એતબાર થશે અને જો નિકાહ ફાસિદ ની ઇજાઝત આપી તો એજ નિકાહે સહીહની ઇજાઝત છે. એથી વકીલથી ઉલ્ટું કે જો તેણે પહેલી હાલતમાં નિકાહ ફાસિદ કરી દીધો તો હજું વકાલત ખતમ થઇ નહીં ફરીથી સહીહ નિકાહ કરી શકે છે અને જો તેને ફાસિદનો વકીલ બનાવ્યો તો સહીહ નિકાહનો વકીલ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૦)** : ગુલામને નિકાહની ઇજાઝત આપી દીધી હતી, તેણે અકદમાં બે ઔરતથી નિકાહ કર્યો તો કોઇનો નિકાહ થયો નહિ. હા, જો ઇજાઝત એવા શબ્દોમાં આપી જેનાથી આમ ઇજાઝત સમજવામાં આવે છે તો નિકાહ થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા (૧૧)** : કોઇએ પોતાની છોકરીનો નિકાહ પોતાના મકાતિબથી કરી દીધો પછી મરી ગયો તો નિકાહ ફાસિદ થશે નહિ. હા જો મકાતિબ કિતાબનો બદલ અદા કરવાથી વિવિશ થયો તો હવે ફાસિદ થઇ જશે, છોકરી તેની માલિક થઇ ગઇ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨)** : મકાતિબ અથવા મકાતિબાએ નિકાહ કર્યો ને માલિક મરી ગયો તો વારસદારની ઇજાઝતથી નિકાહ સહીહ થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા (૧૩)** : લોંડી (દીસી) નો નિકાહ થયો તો જે કાંઇ મહેર છે માલિકને મળશે. ભલે નિકાહથી મહેર વાજિબ થઇ હોય કે દુખૂલ (સંભોગ) થી દા.ત. ફાસિદ નિકાહ કે તેમાં નફસે નિકાહથી મહેર વાજિબ થતી નથી પરંતુ મકાતિબા અથવા જેનો કેટલોક ભાગ આઝાદ થઇ ગયો છે કે તેમની મહેર તેમને જ મળશે માલિકને મળશે નહી દાસીનો નિકાહ કરી દીધો હતો પછી આઝાદ કરી દીધી હવે તેના પતિએ મહેરમાં થોડોક વધારો કર્યો તો તે માલિકને જ મળશે (આલમગીરી)

**મસ્અલા (૧૪)** : માલિકની ઇજાઝત વગર નિકાહ કર્યો અને ઇજાઝતથી પહેલા તલાક આપી દીધો તો જો કે આ તલાક નથી. પરંતુ હવે માલિકની ઇજાઝતથી પણ જાઇઝ થશે નહી. (આલમગીરી)

**મસ્અલા (૧૫)** : દાસિએ માલિકની ઇજાઝત વગર નિકાહ કર્યો હતો અને માલિકે તેણીને વેચી નાંખી અને સંભોગ થઇ ગયો છે તો ખરીદનારની ઇજાઝત થી સહીહ થશે નહી તો સહીહ થશે નહી અને જો ખરીદનાર એવો શખ્સ હોય કે તે દાસીથી સંભોગ તેના માટે હલાલ ન હોય તો જો કે સંભોગ થયો ન હોય તો ઇજાઝત વગર નિકાહ કર્યો હતો માલિકે તેને વેચી નાખ્યો અને ખરીદનારે જાઇઝ ઠેરવી દીધો અથવા માલિક મરી ગયો અને વારસદારે જાઇઝ કરી દીધું તો નિકાહ થઇ ગયો અને આઝાદ કરી દીધો તો પોતે જ સહીહ થઇ ગયો. ઇજાઝતની હાજતજ (જરૂરત) રહી નહી. (આલમગીરી)

**મસ્અલા (૧૬)** : લોંડીએ માલિકની ઇજાઝત વગર નિકાહ કર્યો હતો અને માલિકે ઇજાઝત આપી દીધી તો મહેર તેના માલિકને મળશે ભલે ઇજાઝત પછી આઝાદ કરી દીધો હોય. ભલે આઝાદી પછી સોહબત થઇ હોય અને જો માલિકે ઇજાઝત થી પહેલા આઝાદ કરી દીધી અને તે બાલિગ છે તો નિકાહ જાઇઝ થઇ ગયો. પછી જો આઝાદીથી પહેલા સોહબત થઇ ગઇ છે. તો મહેર માલિકને મળશે નહિ તો લોંડીને મળશે અને જો નાબાલિગ છે તો આઝાદી પછી ઇજાઝત માલિક પર આધારિત છે. જ્યારે કે કોઇ બીજું 'અસબા' ન હોય. નહી તો તેની ઇજાઝત પર આધારિત છે. (આલમગીરી)

**મસ્અલા (૧૭)** : ગવાહો વગર નિકાહ થયો અને મૌલાએ ગવાહો સમક્ષ જાઇઝ કર્યું તો નિકાહ સહીહ થયો નહી (આલમગીરી)

**મસ્અલા (૧૮)** : બાપ અથવા વસિયતદારે ના બાલિગની કનીઝ (દાસી)નો નિકાહ તેના ગુલામથી કર્યો તો સહીહ થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૧૯)** : લોંડીએ મૌલાની ઇજાઝત વગર નિકાહ કર્યો તે પછી મૌલાએ સંભોગ કર્યો અથવા શહવત (વાસના) થી ચુંબન કર્યું તો નિકાહ ફસ્ખ (રદ) થઇ ગયો. મૌલાને નિકાહની ખબર હોય કે ન હોય તો પણ (આલમગીરી)

**મસ્અલા (૨૦)** : કનીઝ ખરીદી અને કબ્જાથી પહેલા તેનો નિકાહ કરી દીધો તો જો વિક્રય (બૈઅ) પૂર્ણ થઇ ગયો તો નિકાહ થઇ ગયો અને વિક્રય (બૈઅ) ફસ્ખ થઇ ગયો તો નિકાહ પણ બાતલ થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા (૨૧)** : બાપની દાસીના પુત્રે નિકાહ કરી દીધો પછી બાપ મરી ગયો તો હવે આ નિકાહ પુત્રની

ઇજાઝત પર આધારિત છે. રદ કરી દેશેતો રદ થઇ જશે. અને જો પુત્રે બાપના મૃત્યું પછી પોતાનો નિકાહ તેની દાસીથી કર્યો તો સહીહ થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૨૨) :** મકાતિબે પોતાની પત્ની ને ખરીદી તો નિકાહ ફાસિદ થયો નહિ અને જો તલાકે બાઇન આપી દીધી પછી નિકાહ કરવા ઇચ્છે તો ઇજાઝત વગર કરી શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા (૨૩) :** લૌંડીનો નિકાહ કરી નાખ્યો તો મૌલા પર એ વાજિબ નથી કે તેને પતિના હવાલે કરી દે અને ખિદમત નલે (તેને તબ્વુયહ) કહે છે. હા જો પતિ પાસે આવે જાય છે અને મૌલાની સેવા પણ કરે છે તો એમ કરી શકે છે અને પતિને પ્રસંગ સાંપડે તો સંભોગ કરી શકે છે અને પતિએ મહેર અદા કરી દીધી છે. તો મૌલા પર એ જરૂરી છે કે એટલુ કહી દે છે કે જો તને મૌકો મળે તો સંભોગ કરી શકે છે અને જો નિકાહમાં તબ્વુયહ ની શરત હતી તો પણ મૌલા પર વાજિબ નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૨૪) :** જો કનીઝને તેના પતિના હવાલે કરી દીધી તો પણ મૌલાને અખત્યાર છે કે જ્યારે ઇચ્છે તેનાથી ખિદમત લે અને તબ્વુયહના જમાનામાં નુફકા (ભરણ પોષણ) અને રહેવા માટે મકાન પતિના માથે છે અને જો મૌલા પાછી લે તો મૌલા પર છે, પતિ પરથી સાકિત (રદ) થઇ ગયું. અને જો પોતે કોઇ કોઇવાર પોતાના માલિકનું કામ કરી જાય છે. મૌલાએ હુકમ આપ્યો નથી. તો નફકો વિગેરે પતિ પરજ છે. એવી જ રીતે જો મૌલા દિવસમાં કામ લે છે પરંતુ રાત્રે પતિના ઘેર મોકલી દે છે. તો પણ નફકો પતિ પર છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૨૫) :** તબ્બૂયહના જમાનામાં બાઇન તલાક આપી દીધી તો નફકો વિગેરે પતિના માથે છે અને પાછી લીધી પછી આપી તો મૌલા પર છે. (આલમગીરી)

**મસ્અલા (૨૬) :** જે કનીઝનો નિકાહ કરી દીધો તેને પ્રવાસમાં લઇ જવા ઇચ્છે છે તો સર્વથા તેને અખત્યાર છે, ભલે પતિ મના કરે બલ્કે જો કે પતિ પૂરી મહેર આપી દીધી હોય તો પણ. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૭) :** જે કનીઝથી સંભોગ કરે છે હવે તેનો નિકાહ કરવા ઇચ્છે તો ઇસ્તિબરા (શુધ્ધિ) વાજિબ છે. જો નિકાહ કરી દીધો અને ૭ મહીનાથી ઓછામાં બાળક પૈદા થયું તો બાળક મૌલાનું ઠેરવવામાં આવશે અર્થાત જ્યારેકે તે કનીઝ ઉમ્મુલવલ્દ (તે દાસી જેને પોતાના માલિકથી ઔલાદ થઇ હોય) હોય અને મૌલાએ ઇન્કાર કર્યો હોય અને ઉમ્મુલવલ્દ ન હોય તો તે બાળક મૌલાનું તે સમયે છે જ્યારે તેણે દાવો કર્યો હોય. અને જો અજાણતામાં નિકાહ કર્યો તો દરેક હાલતમાં નિકાહ ફાસિદ છે. પતિ 'વતી' (સંભોગ) કરી છે તો મહેર વાજિબ છે. નહીતો નથી. અને જાણી જોઇને નિકાહ કરી દીધો તો નિકાહ થઇ જશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૮) :** કનીઝ (દાસી) નો નિકાહ કરી દીધો તો તેનાથી જે બાળક પૈદા થશે તે આઝાદ નથી પરંતુ જ્યારેકે નિકાહ માં આઝાદીની શરત લગાવી દીધો હોય તો આ નિકાહ થી જેટલા બાળકો પૈદા થયા આઝાદ છે. અને જો તલાક આપીને ફરીથી નિકાહ કર્યો તો આ સાની નિકાહની ઔલાદ આઝાદ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૯) :** કનીઝનો નિકાહ કરી દીધો અને વતી (સંભોગ) થી પહેલા મૌલાએ તેને મારી નાખી, જો કે કસૂરથી કતલ ઘટિત થયું તો મહેર સાકિત (રદ) થઇ ગઇ જ્યારેકે તે મૌલા આકિલ બાલિગ હોય અને જો લૌંડીએ આત્મહત્યા કરી અથવા મુરતદ થઇ ગઇ અથવા તેણે પોતાના પતિના પુત્રનું સહવત (વાસના) સાથે ચુંબન કર્યું અથવા પતિના વતી પછી મૌલાએ કતલ કરી તો આ સ્વરૂપોમાં મહેર સાકિત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૦) :** વતી કરવામા જો ઇન્ઝાલ (વીર્યપાત) બહાર કરવા ઇચ્છે છે તો તેમાં ઇજાઝતની જરૂરત છે, જો સ્ત્રી આઝાદ અથવા મકાતિબ છે તો ખુદ તેની ઇજાઝત થી અને બાલિગ કનીઝ છે તો મૌલાની ઇજાઝત થી અને પોતાની કનીઝથી વતી કરી તો ઇજાઝત હાજત નથી, (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૩૧) :** કનીઝ જે કોઇના નિકાહ મા છે જો કે તેનો પતિ આઝાદ હોય, જ્યારે તે આઝાદ થશે તો તેને અખત્યાર છે કે પોતાના નફસને અખત્યાર કરે તો નિકાહ ફસ્ખ (રદ) થઇ જશે અને વતી ન થઇ હોય તો મહેર પણ નથી અને ઇચ્છે કે પતિને અખત્યાર કરે તો નિકાહ યથાવત રહેશે. અને નાબાલિગ છે તો બાલિગ થવાના સમયે તેને એ અખત્યાર હશે કે પોતાના નફસને અખત્યાર કરે અથવા પતિને, (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૨) :** ખયારે ઇત્ક (આઝાદ થવાનો આપ્યો) હોય અખત્યાર થી નિકાહ ફસ્ખ થવું કાઝીના હુકમ પર આધારિત નથી અને જો આઝાદી ની ખબર સાંભળીને મૌન રહી તો તે ખેયાર ન થવું તેની પસંદગી (આઝાદ થવું નાથવું) બાતૅલ ન થશે જ્યાં સુધી કોઇ ફૈલ કૃત્ય એવો ન જોવામાં ાવે, અને મજલિસમાંથી ઉભી થઇ ગઇ તો હવે અખત્યાર રહ્યો નથી. અને જો હવે એમ કહે છે કે મને આ મસ્અલાની ખબર નહતી કે આઝાદી પછી અખત્યાર મળે છે તો તેની આ અજ્ઞાનતા ઉઝર ઠેરવવામાં આવશે, માટે મસ્અલો જાણ્યા પછી પોતાના નફસને અખત્યાર કર્યો નિકાહ રદ થઇ ગયો. અને એ અખત્યાર કેવળ બાંદી (દાસી) માટે છે. ગુલામને નથી અને ખેયાર બુલુગ અર્થાત નાબાલિગ નો નિકાહ જો તેના બાપ અથવા દાદા સિવાય કોઇ બીજા વલીએ કર્યો હોય તો બાલિગ થવાના સમયે તેને નિકાહ ફસ્ખ કરવાનો અખત્યાર મળે છે, પરંતુ ખેયારે બુલુગ થી નિકાહ ફસ્ખ થવું કાઝીના હુકમ પર આધારિત છે. અને બાલિગ થતા સમયે જો મૌન રહી તો ખેયાર જતો રહ્યો, જ્યારે નિકાહની ખબર હોય અને આ મજલિસનાં અંત સુધી નથી રહેતો બલ્કે તત્કાળ ફસ્ખ કરે તો ફસ્ખ થશે. નહી તો ફસ્ખ થશે. નહી અને તેમાં અજ્ઞાનતા ઉઝર નથી અને ખેયાર ઔરત તથા પુરૂષ બંને માટે પ્રાપ્ત છે. (ખાનિયહ વિગેરે)

**મસ્અલા (૩૩) :** નિકાહ કનીઝની ખૂશીથી થયો હતો તો પણ ખિયારે ઇત્ક તેને પ્રાપ્ત છે. અને જો મૌલાની ઇજાઝત વગર કર્યો હતો અને મૌલાએ ન ઇજાઝત આપી ન રોક્યો અને આઝાદ કરી દીધી તો નિકાહ સહીહ થઇ ગયો, અને ખિયારે ઇત્ક નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૪) :** પુત્રીની દાસીથી નિકાહ કર્યો અને તેનાથી ઔલાદ થઇ તો આ ઔલાદ પોતાના ભાઇ તરફથી આઝાદ થઇ છે પરંતુ તે દાસી "ઉમ્મેવલ્દ" થઇ નહી એવીજ રીતે જો બાપની દાસીથી નિકાહ કર્યો તો ઔલાદ બાપના તરફથી આઝાદ થશે અને દાસી ઉમ્મેવલ્દ નથી (આલમગીરી)

**મસ્અલા (૩૫) :** પુત્રીની દાસી સાથે વતી કરી અને ઔલાદ ન થઇ તો અકર વાજિબ છે અને વતી હરામ છે. અને અકર એ છે કે કેવળ સૌંદર્યની ગણનાએ જે તેના જેવીની મહેર હોવી જોઇએ તે આપવી પડશે. અને ઔલાદ થઇ અને બાપે તેનો દાવો કર્યો અને તે બાપ મુસ્લિમ, અકિલ (બુધ્ધિવાળો) હોય તો નસબ (વંશ) સાબીત થઇ જશે. એ શરતે કે વતીના સમયથી દાવાના સમયસુધી પુત્ર તેદાસીનો માલિક રહે અને દાસી બાપની ઉમ્મેવલ્દ થઇ જશે અને ઔલાદ આઝાદ ગણાશે, અને બાપ દાસીની કીમત પુત્રને આપે. અકર અને ઔલાદની કીંમત નથી, અને જોતે દરમિયાન છોકરાએ તે દાસીને પોતાના ભાઇ ને વેચી દીધો તો પણ નસબ સાબીત થશે અને એજ અહકામ થશે. છોકરાએ પોતાની ઉમ્મેવલ્દની ઔલાદ નો નકાર કરી દીધો અર્થાત એકે આ ઔલાદ મારી નથી અને બાપે દાવો કર્યો કે આ મારી ઔલાદ છે અથવા છોકરીના મુદબેરા અથવા મકાતિબારની ઔલાદનો બાપે દાવો કર્યો તો આ સઘળાં સ્વરૂપોમાં કેવળ બાપ નો દાવો કરવાથી નસબ સાબિત થશે નહી, જ્યાં સુધી છોકરો બાપની તસ્દીક (પુષ્ટિ) નકરે. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા (૩૬) :** દાદો, બાપના હુકમમાં છે જ્યારેકે બાપ મરી ગયો હોય અથવા કાફિર અથવા ગાંડો અથવા ગુલામ હોય. એ શરતે કે ઉલુક સમયથી, દાવાના સમય સુધી દાદાને વિલાયત (વાલીપણું) પ્રાપ્ત હોય. (દુર્રે મુખ્તાર)

## કાફિરના નિકાહનું બયાન :

**ઇમામ ઝુહરીએ** મુરસલન રિવાયત કરી કે, હુઝૂરના ઝમાનામાં કેટલીક સ્ત્રીઓ ઇસ્લામ લાવી અને તેમના પતિ કાફિર હતા. પછી જ્યારે પતિ મુસલમાન થઇ ગયા તો એજ પહેલા નિકાહ સાથે તે સ્ત્રીઓ તેમને પાછી ફેરવવામાં આવી, અર્થાત નવો નિકાહ કરવામાં આવ્યો નહી.

**મસ્અલા (૧) :** જે પ્રકારનો નિકાહ મુસલમાનો માં જાઇઝ છે જો તેવી રીતે કાફિર નિકાહ કરે તોતેમનો નિકાહ પણ સહીહ છે, પરંતુ કેટલાક એવા પ્રકારના નિકાહ છે જે મુસલમાનો માટે નાજાઇઝ (અનુચિત) અને કાફિર કરી લે તો થઇ જશે, તેનું સ્વરૂપ એ છે કે નિકાહની કોઇ શરત વિલુપ્ત હોય, દા.ત. ગવાહ વગર નિકાહ થયો અથવા ઔરત કાફિરની ઇદ્દતમાં હતી તેનાથી નિકાહ કર્યો પરંતુ શરત એ છે કે કુફ્ફાર એવા નિકાહ નાજાઇઝ હોવાનો માનનારા હોય, પછી એવા નિકાહ પછી જો બંને

મુસલમાન થઇ ગયા તો એજ પાછલા નિકાહ પર બાકી રાખવામાં આવે નવીન નિકાહની હાજત નથી. એવીજ રીતે જો કાઝી પાસે મુકદમો રજુ કર્યો તો કાઝી વિચ્છેદ કરશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨)** : કાફિરે મુહારિમ (એવા સગાઓ જેમની સાથિ નિકાહ જાઇઝ નથી) સાથે નિકાહ કર્યો, જો એવા નિકાહ તે લોકોમાં જાઇઝ થતો હોય તો નિકાહના લવાઝિમ (ઉપકરણો) નફકો વિગેરે સાબિત થઇ જશે, પરંતુ એક બીજાના વારસ ન થશે. અને જો બંને મુસલમાન થયા અથવા એકતો વિચ્છેદ કરી દેવામાં આવશે. એવીજ રીતે જો કાઝી અથવા કોઇ મુસલમાન પાસે બંનેએ તેનો મુકદમો રજુ કર્યો તો વિચ્છેદ કરી દેશે અને એકે કર્યો તો વિચ્છેદ થશે નહી. (આલમગીરી)

**મસ્અલા (૩)** : બે બહેનો સાથે એક લગ્નમાં નિકાહ કર્યો પછી એકને જુદી કરી દીધી પછી મુસલમાન થયો તો જે બાકી છે તેનો નિકાહ સહીહ છે. એજ નિકાહ પર યથાવત રાખવામાં આવે, અને જુદી નકરી હોય તો બંને બાતિલ છે અને જો બે અકદ સાથે નિકાહ થયો તો પહેલી નોસહી છે અને બીજીનો બાતિલ છે. (આલમગીરી)

**મસ્અલા (૪)** : કાફિરે સ્ત્રીને ત્રણ તલાકો આપી દીધી પછી તેની સાથે નિયમનુસાર રહેતો રહ્યો, ન તેનાથી બીજાએ નિકાહ કર્યો ન તેણે ફરીથી નિકાહ કર્યો અથવા સ્ત્રીએ ખુલાઅ (મહેર માફ કરાવી તલાક લેવું) કરાવ્યું અને ખુલાઅ પછી ફરીથી નિકાહ વગર નિયમનુસાર રહેતા રહ્યા તો આ બંને હાલતોમાં કાઝી વિચ્છેદ કરી દેશે. જોકે ન મુસલમાન થયો ન કાઝીની પાસે મુકદમો આવ્યો ને જો ત્રણ તલાકો આપવા પછી સ્ત્રીનો બીજાથી નિકાહ થયો નહી પરંતુ તે પતિ એ નિકાહનું પુનરાવર્તન કર્યું તો વિચ્છેદ ન કરવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા (૫)** : કિતાબીયા (અહલેકિતાબ યહુદી તથા ખ્રિસ્તી) થી મુસલમાને નિકાહ કર્યો હતો અને તલાક આપી દીધી, હજુ ઇદ્દત ખતમ થઇ ન હતી કે તેનાથી કોઇ કાફિરે નિકાહ કર્યો તો વિચ્છેદ કરી દેવામાં આવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૬)** : પતિ તથા પત્ની બંને કાફિર ગેર કિતાબી હતા, તેમાંથી એક મુસલમાન થયો તો કાઝી બીજા પર ઇસ્લામ પેશ કરે. જો મુસલમાન થઇ ગયો તો સારૂં અને ઇન્કાર અથવા મૌન રાખ્યું તો વિચ્છેદ કરી દે. મૌનની હાલતમાં સાવધાની એ છે કે, ત્રણ વખત પેશ કરે, એવીજ રીતે જો કિતાબી (મૂળ-યહુદી-મૂળ ઇસાઇ) સ્ત્રી સ્ત્રી મુસલમાન થઇ ગઇ તો પુરૂષપર ઇસ્લામ પેશ કરવામાં આવે. ઇસ્લામ કબૂલ ન કર્યો તો વિચ્છેદ કરી દેવામાં આવે અને જો બંને કિતાબી છે અને પુરૂષ મુસલમાન થયો તો સ્ત્રી નિયમનુસાર તેની પત્ની છે. (આમ્મકુતુબ)

**મસ્અલા (૭)** : ના બાલિગ છોકરો અથવા છોકરી સમજદાર હોય. તો તેમનો પણ એજ હુકમ છે અને નાસમજ હોય તો પ્રતિક્ષા કરવામાં આવે જ્યારે તમીઝ (ઓળખ) આવી જાયતો ઇસ્લામ પેશ કરવામાં આવે અને જો પતિ મજનુન (મુર્છિત) છે તો તેનો ઇન્તેઝાર ન કરવામાં આવેકે હોશમાં આવે તો તેના પર ઇસ્લામ રજુ કરે બલ્કે તેના બાપ-માં પર ઇસ્લામ પેશ કરો. તેઓમાંથી જે કોઇ મુસલમાન થઇ જાય તે પાગલ તેના તાબે છે અને મુસલમામ ઠેરવવામાં આવશે અને જો કોઇ મુસલમાન ન થયું તો વિચ્છેદ કરી દો અને જો તેના માં બાપ ન હોય તો કાઝી કોઇને તેના બાપનો વસી ઠેરવી વિચ્છેદ કરી દે. આ સઘળી તફસીલ જુનૂને અસલી (મુર્છા)માં છે અને જો તે પહેલા મુસલમાન હતો તો તે મુસલમાનજ છે. ભલે ને તેનાં માં-બાપ કાફિર હોય. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા (૮)** : પતિ મુસલમાન થઈ ગયો અને પત્ની મજુસી (અગ્નિપૂજક) પારસી હતી અને યહુદી અથવા નસરાની (ખ્રિસ્તી) થઈ ગઈ તો વિચ્છેદ નથી, એવીજ રીતે જો યહુદી હતી હવે નસરાની બની ગઈ અથવા તેનાથી ઉલ્ટુ તો નિયમાનુસાર પત્ની છે. એવીજ રીતે જો મુસલમાનની પત્ની નસરાની હતી યહુદી બની ગઈ અથવા યહુદી હતી નસરાની બની ગઈ તો નિયમાનુસાર તેની પત્ની છે. એવીજ રીતે જો નસરાની ની પત્ની મજૂસી થઈ ગઈ તો તે તેની પત્ની છે. (રદ્દુલમુહતાર)

**મસ્અલા (૯)** : આ સઘળી હાલતો તે સમયે છે કે "દારૂલ ઇસ્લામ" માં ઇસ્લામ કબૂલ કર્યો હોય અને જો "દારૂલ હર્બ" માં મુસલમાન થયો તો પત્ની ત્રણ હૈઝ (માસિક) પસાર થઇ ગયા પછી નિકાહથી ખારિજ થઇ ગઇ, અને હૈઝ ન આવ્યું હોયતો ત્રણ મહિના ગુજરવા પર ઓછાવયની હોવાના કારણે હૈઝ ન આવતું હોય અથવા વૃધ્ધ થઇ ગઇ કે હૈઝ બંધ થઇ ગયું અને હામેલા (સગર્ભા)

હોયતો બાળક જન્મથી નિકાહ જતો રહ્યો અને આ ત્રણ હૈઝ અથવા ત્રણ મહીના ઇદ્દતના નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૦)** : જો સ્થળ એવું હોય કે ન દારૂલ ઇસ્લામ હોય ન દારૂલ હર્બ તો તે દરૂલ હર્બના હુકમમાં છે. (દુર્રે મુખ્તાર) અને જો તે સ્થળ દારૂલ ઇસ્લામ હોય પરંતુ કાફિરનું તસલ્લુત (અધિપત્ય) હોય તો આ મામલામાં તે પણ દારૂલ હર્બના હુકમમાં છે અર્થાત ત્રણ હૈઝ અથવા ત્રણ મહીના પસાર થવા પર નિકાહથી નિકળી જશે. (નોંટ : "દારૂલ ઇસ્લામ" અને "દારૂલ હર્બ" ની વધુ તપસીલ જાણવા માટે સુન્ની મુફતી સાહેબનો સંપર્ક સાધો અનુવાદકો)

**મસ્અલા (૧૧)** : એક શખ્સ દારૂલ ઇસ્લામમાં આવીને રહેવા લાગ્યો, બીજો દારૂલ હર્બમાં રહ્યો તો પણ પત્ની નિકાહમાંથી નિકળી જશે, દા.ત. મુસલમાન થઇ ને અથવા ઝિમ્મી બનીને દારૂલ ઇસ્લામ માં આવ્યો અથવા અહીં આવીને મુસલમાન અથવા ઝિમ્મી થયો અથવા કેદ કરીને દારૂલ હર્બથી દારૂસ ઇસ્લામમાં લાવવામાં આવ્યો તો નિકાહથી નિકળી ગઇ અને બંને એક સાથે કેદ કરીને લાવવામાં આવ્યાં અથવા બંને એકસાથે મુસલમાન અથવા ઝિમ્મી બનીને ત્યાંથી આવ્યા અથવા ઝિમ્મો સ્વીકારી લીધો તો નિકાહથી નિકળ્યા નહી અથવા હર્બી અમન લઇને દારૂલ ઇસ્લામમાં આવ્યો અથવા મુસલમાન અથવા ઝિમ્મી દારૂલ હર્બમાં અમનલઇને ગયો તો પત્ની નિકાહથી નિકળશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨)** : બાગીની હુકૂમત માંથી નિકળીને ઇમામે બરહકની હુકૂમતમાં આવ્યો અથવા તેનાથી ઉલ્ટુ કર્યું તો નિકાહ પર કોઇ અસર થતી નથી.(આલમગીરી)

**મસ્અલા (૧૩)** : **મુસલમાન અથવા ઝિમ્મીએ દારૂલ હર્બમાં હરબી કિતાબીથી નિકાહ કર્યો હતો તે ત્યાં થી કેદ કરીને લાવવામાં આવી તો નિકાહ થી ખારિજ થઇ નહી એવીજ રીતે જો તે પતિથી પહેલા ખૂદ આવી તો પણ નિકાહ બાકી છે અને જો પતિ પહેલા આવ્યો અને પત્ની પાછળથી** તો નિકાહ તુટી ગયો. (આલમગીરી)

**મસ્અલા (૧૪)** : હિજ્રરત કરીને દારૂલ ઇસ્લામમાં આવી, મુસલમાન થઇ ને અથવા ઝિમ્મી બનીને અથવા અહીંયા આવીને મુસલમાન અથવા ઝિમ્મી બની. તો જો હામેલા ન હોય તો તત્કાળ નિકાહ કરી શકે છે અને હામેલા હોય તો બાળકના જન્મ પછી, પરંતુ પ્રસવ (સુવાવડ) તેના માટે ઇદ્દત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૫)** : કાફિરે, સ્ત્રી અને તેની પુત્રી બંનેથી નિકાહ કર્યો, હવે મુસલમાન થયો, જો એક નિકાહમાં નિકાહ થયો તો બંનેનો નિકાહ બાતિલ છે. અને અલગ અલગ નિકાહ કર્યો અને કોઇના સાથે દુખૂલ (સંભોગ) ન થયો તો પહેલો નિકાહ સહીહ છે બીજો બાતિલ છે અને બંનેથી વતી (સંભોગ) કરી લીધો છે તો બંને નિકાહ બાતિલ છે. અને જો પ્રથમ એકથી નિકાહ થયો અને દુખૂલ પણ થઇ ગયો, તે પછી બીજીથી નિકાહ કર્યો તો પહેલો જાઇઝ છે અને બીજો બાતિલ છે અને જો પહેલીથી સોહબત કરી નહી પરંતુ બીજીથી સોહબત કરી તો બંને બાતિલ છે પરંતુ જ્યારે કે પહેલી સ્ત્રી માં હોય અને બીજી તેની પુત્રી અને કેવળ આ બીજીથી વતી કરી તો તે છોકરીથી ફરીથી નિકાહ કરી શકે છે અને તેની માંથી નથી કરી શકતો. (આલમગીરી)

**મસ્અલા (૧૬)** : પત્ની મુસલમાન બની અને પતિ પર ઇસ્લામ પેશ કરવામાં આવ્યો તેણે ઇસ્લામ લાવવાનો ઇન્કાર કર્યો અથવા મૌન કર્યું તો વિચ્છેદ કરવામાં આવશે, અને આ વિચ્છેદ તલાક ઠેરવવામાં આવે અર્થાત : જો પાછળથી મુસલમાન થયો અને એજ સ્ત્રીથી નિકાહ કર્યો તો હવે બેજ તલાકનો હકદાર રહેશે કે, એકંદર ત્રણ તલાકો માંથી એક પહેલા થઇ ગઇ છે અને આ તલાકે બાઇન છે જો કે દુખૂલ થઇ ગયો હોય, અર્થાત જો મુસલમાન બનીને **રજ્અત કરવા ઇચ્છે** તો કરી શકતો નથી બલ્કે નવીન **નિકાહ કરવો પડસે**, અને દુખૂલ થઇ ગયો હોય તો સ્ત્રી **પર ઇદ્દત વાજિબ છે અને ઇદ્દતનો નફકો પતિથી લેશે અને પતિથી પૂરી મહેર લઇ શકે છે અને દુખૂલ (સંભોગ) થી પહેલા હોય તો અર્ધી મહેર વાજિબ થઇ અને ઇદ્દત નથી અને જો પતિ મુસલમાન થયો અને પત્નીએ ઇન્કાર કર્યો તો વિચ્છેદ તે નિકાહનુ ફસ્ખ છે કે પત્ની તરફથી તલાક થઇ શકતી નથી.** પછી જો વતી (સંભોગ) થઇ ગઇ છે તો પૂરી મહેર લઇ શકે છે નહીતો કાંઇ લઇ શકતી નથી. (દુર્રેમુખ્તાર, બહર)

**મસ્અલા (૧૭)** : પતિ પત્નીમાંથી કોઇ મુરતદ થઇ ગયું તો નિકાહ ફોરન (તત્કાળ)તુટી ગયો, અને આ ફસ્ખ છે. તલાક નથી, સ્ત્રી મૌતુઅહ (સંભોગ થએલ) છે તો મહેર પૂરી લઇ શકે છે અને ગેર મૌતુઆહ (જેણી સાથે

સંભોગ કરેલ ના હોય તે) છે તો જો પત્ની મુરતદ થઇ તો કાંઇ મળશે નહી, અને પતિ મુરતદ થયો તો અર્ધી મહેર લઇ શકે છે અને પત્ની મુરતદ થઇ અને ઇદ્દતના સમયમાં મૃત્યું પામી અને પતિ મુસલમાન છે તો તરકો (વિરસો) મેળવશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૮) :** બંને એક સાથે મુરતદ થઇ ગયા, ફરી મુસલમાન થયા તો પ્રથમનો નિકાહ બાકી રહ્યો અને જો બંનેમાં થી એક પહેલા મુસલમાન થયું પછી બીજું તો નિકાહ તુટી ગયો અને જો એ ખબર ન હોય કે પ્રથમ કોણ મુરતદ થયું તો બંનેનુ મુરતદ થવું એક સાથે ઠેરવવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા (૧૯) :** પત્ની મુરતદ થઇ ગઇ તો ઇસ્લામ સ્વીકારવા માટે મજબૂર કરવામાં આવે અર્થાત તેને કેદમાં રાખે, ત્યાં સુધી કે મૃત્યુ પામે અથવા ઇસ્લામ સ્વીકારે અને નવીન નિકાહ થાય તો મહેર ઘણી ઓછી રાખવામાં આવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૦) :** પત્નીએ જીભથી કુફ્રી શબ્દ કાઢ્યો કે જેથી પતિથી પીછો છુટે (મુક્તિમળે) અથવા એટલા માટેકે બીજો નિકાહ થશે તો તેની મહેર પણ વસૂલ કરશે તો દરેક કાઝી ને અખત્યાર છે કે ઓછામાં ઓછી મહેર પર એજ પતિ સાથે નિકાહ કરીદે, પત્ની રાજી હોય કે નારાજ અને પત્નીને એ અખત્યાર નથી કે બીજાથી નિકાહ કરીલે. (આલમગીરી)

**મસ્અલા (૨૧) :** મુસલમાનના નિકાહમાં કિતાબિયા સ્ત્રી હતી અને તે મુરતદ થઇ ગયો તો આ સ્ત્રી પણ તેના નિકાહ માંથી નિકળી ગઇ. (આલમગીરી)

**મસ્અલા (૨૨) :** બાળક પોતાના માં-બાપમાં તેના તાબે હશે જેનો દીન (ધર્મ) ઉત્તમ હોય. દા.ત. જો કોઇ મુસલમાન થયો તો ઔલાદ મુસલમાન છે, હા જો બાળક દારૂલ હર્બમાં છે અને તેનો બાપ દારૂલ ઇસ્લામમાં મુસલમાન થયો તો આ હાલતમાં તેના તાબે ન ગણાશે અને જો એક કિતાબી છે બીજો મજૂસી અથવા બુત પરસ્ત તો બાળક કિતાબી ઠેરવવાં માં આવે. (આમ્મકુતુંબ)

**મસ્અલા (૨૩) :** મુસલમાનનો કોઇ છોકરી સાથે નિકાહ થયો અને તે છોકરીના માં-બાપ મુસલમાન હતા પછી મુરતદ થઇ ગયા તો તે છોકરી નિકાહથી નિકળી ગઇ નહી અને જો છોકરીના માં-બાપ મુરતદ થઇ ને છોકરીને લઇને દારૂલ હર્બને ચાલ્યા ગયા તો હવે નિકાહ તુટી ગયો અને જો તેના બાંપ પૈકી કોઇ ઇસ્લામની હાલતમાં મરી ગયું છે અથવા મુરતદ થવાની હાલતમાં મર્યું પછી બીજો મુરતદ થઇને છોકરીને દારૂલ હર્બમાં લઇ ગયો તો નિકાહમાંથી નિકળી નહી. ખુલાસો એકે માં બાપના મુરતદ થવાથી નાના બાળકો મુરતદ થશે નહી જ્યાં સુધી બંને મુરતદ થઇને તેમને દારૂલ હર્બ માં લઇ જાય અને તાબે થવામાં એ શરત છે કે, ખૂદ તે બાળકો એના યોગ્ય ન હોય કે ઇસ્લામ તથા કુફ્રમાં તમીઝ (ઓળખ) કરી શકે અને સમઝદાર છે તો ઇસ્લામ તથા કુફ્રમાં કોઇના તાબે નથી, મજનુન (મુર્છિત) પણ બાળકોનાજ હુકમમાં છે કે, તે તાબે ઠેરવવામાં આવશે જયારેકે જુનુને અસલી હોય અને બુલૂગથી (પુખ્તવયનાં હોવું) પહેલા અથવા બલૂગ થી પછી મુસલમાન હતો પછી મજનુન થઇ ગયો તો કોઇનો તાબેનથી, બલ્કે તે મુસલમાન છે. બોહરા (ગાંડા)નો પણ એજ હુકમ છે કે અસલી છે તો તાબે અને આરઝી છે તો તાબે નથી. (આલમગીરી, દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા (૨૪) :** બાલિગ (પુખ્તવયનો) થયો અને સમજ પણ ધરાવતો હોય પરંતુ ઇસ્લામથી વાકેફ નથી તો મુસલમાન નથી અર્થાત જયારેકે ઇજમાલી (સંક્ષીપ્ત) ઇમાન પણ ન હોય.

**મસ્અલા (૨૫) :** મુરતદ પુરૂષ તથા મુરતદ સ્ત્રીનો નિકાહ કોઇથી થઇ શકતો નથી, ન મુસલમાનથી ન કાફિરથી. નમુરતદા સ્ત્રીથી ન મુરતદ પુરૂષથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૬) :** જીભથી કુફ્રી કલામ (શબ્દ) નિકળ્યો તેણે ઇસ્લામ તથા નિકાહનુ પુનરાવર્તન (તજદીદ) કર્યું જો મઆઝઅલ્લાહ (અલ્લાહની પનાહ) કેટલાએ વખત એમ જ થયું તો પણ તેને "હલાલા" ની હાજત નથી, (આલમગીરી)

**મસ્અલા (૨૭) :** નશાવાળો જેની બુધ્ધિ જતી રહી અને જીભથી કલ્મએ કુફ્ર નિકળ્યો તો પત્ની નિકાહથી નિકળી નહી. (આલમગીરી) પરંતુ તજદીદે નિકાહ કરવામાં આવે.

## વારો નિયુક્ત કરવાનું બયાન

**અલ્લાહ અઝઝવ જલ્લ ફરમાવે છે : ફઈન ખિફતુમ અલ્લા તઅદલૂ ફવાહેદતન અવ મા મલકત અયમાનો કુમ ઝાલિકા અદના અલ્લા તઊલૂ "**

(અર્થ : જો તમને ડર હોય કે ઈન્સાફ કરી શકશો નહી તો એકથીજ નિકાહ કરો, અથવા તે દાસીઓ જેમના તમે માલિક છો, તે અધિક નિંકટ છે તેનાથી કે તમારાથી અત્યાચાર ન થાય, અને ફરમાવ્યું છે. " **લન તસ્તીઊ અન તઅદેલુ બૈનન્નિસાએ વલો હરસ્તુમ વલા તમીલૂ કુલ્લલ્મૈલે ફતઝરૂહાં કલ્મઅલ્લકતે વ ઈન તુસ્લેહુ વતત્તાકુ ફઈન્નલ્લાહા કાના ગફિર રહીમા "**

(અર્થ : તમારાથી હરગીઝ થઈ શકશે નહી કે પત્નીઓને બરાબર રાખો, જો કે હિર્સ કરો, તો એ તો ન થાય કે એક તરફ પૂરા ઝૂકી જાવ અને બીજીને લટકતી મુકીદો અને જો નેકી અને પરહેઝગારી કરો તો નિશંક અલ્લાહ બક્ષનાર મહેરબાન છે.)

**હદીસ (૧) :** ઈમામ અહમદ, અબુદાઉદ, નિસાઈ તથા ઈબ્ને માજા અબુહુરૈરહ રદીયલ્લાહુ અન્હોથી રાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું **જેની બે પત્નીઓ હોય તેમનામાં એક ની પ્રત્યે આકૃષ્ઠ થાય (વધુ ઝુકાવ હોય) તો કિયામતના દિવસે એવી રીતે હાજર થશે કે તેનું અર્ધુધડ આકૃષ્ઠ (લટકેલ) થશે. તિરમીઝી અને હાકિમની રિવાયત છે કે, જો બંનેમાં અદલ-ઈન્સાફ ન કરશે તો કિયામતના દિવસે હાજર થશે. એવી રીતેકે અર્ધુ ધડ સાકિત (બેકાર) હશે.**

**હદીસ (૨) :** અબૂદાઉદ, તિરમિઝી, નિસાઈ, ઈબ્નેમાજા તથા ઈબ્ને હબ્બાને ઉમ્મુલમોમેનીન સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરી કે, 'રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ (પુનિત પત્નીઓનાં) વારામાં અદલ વર્તતા હતા અને કહેતા હતા ઈલાહી હું જેનો માલિક છું. તેમાં મૈં આ વહેચણી કરી દીધી અને જેનો તું માલિક છે. હું માલિક નથી.- (અર્થાત દિલ મહોબત) તેમાં મલામત ન ફરમાવ.

**હદીસ (૩) :** સહીહ મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હોમાંથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું. નિશંક અદલ કરનારાઓ અલ્લાહની નઝદીક રહેમાનની જમણી બાજુએ નૂરના મિમ્બર પર હશે. અને તેના બને હાથ જમણા છે. તે લોકો જે હુકમ કરે છે અને પોતાના ઘરવાળાઓમાં અદલ કરે છે.

હદીસ (૪):સહીહેન (બુખારી-મુસ્લિમ)માં ઉમ્મુલમોમેનીન બીબી આઈશા સિદ્દીકા રદીયલ્લાહો અન્હાથી મરવી છે કે, હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જયારે સફર (પ્રવાસ) નો ઈરાદો કરતા તો અઝવાજ મુત્તહરાત (પુનિત પત્નીઓ) માં કુર્રો નાખતા, જેનો કુર્રો નિકળતો તેમને પોતાની સાથે લઈ જતા.

### -: ફકીહી મસાઈલ :-

### (પત્નીઓ વચ્ચે વારી સંબંધી)

જેની બે અથવા ત્રણ અથવા ચાર પત્નીઓ હોય તેમાં અદલ ફરજછે. અર્થાત જે વસ્તુઓ અખત્યારી હોય તેમાં સૌ પત્નીઓનો સરખો લેહાઝ કરે, અર્થાત દરેકને તેનો પૂરો હકક અદા કરે, પોષાક અને ખાધા ખોરાકી અને રહેવામાં સૌના હકકો પૂરાકરેઅને જે વાત તેના અખત્યારમાં નથી તેમાં મજબૂર તથા મઅઝુર છે. દા.ત. એકની અધિક મહોબત છે, બીજીની ઓછી છે. એવી જ રીતે સંભોગ સૌની સાથે સરખો હોવું પણ જરૂર નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧) :** એક વખત સંભોગ નિર્સગીક (કઝન) વાજિબ છે અને દયાનત (સભ્યતા પુર્વક) એ હુકમ છે કે, કદી કદી કરતો રહે અને તેના માટે કોઈ હદ મુકર્રર નથી. પરંતુ એટલું તો થાય કે ઔરતની નઝર બીજાઓ પ્રત્યે ઉઠેને નહી. અને એટલી અધિકતા પણ જાઈજ નથી કે ઔરતને નુકસાન પહોંચે અને તે તેની શરીર શક્તિ ની ગણનાએ વિવિધ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨) :** એકજ પત્ની છે પરંતુ પુરૂષ તેની પાસે રહેતો નથી બલ્કે નમાઝ, રોઝામાં મશગુલ રહે છે તો પત્ની પતિથી માંગણી કરી શકે છે. અને તેને હુકમ આપવામાં આવશે કે પત્ની પાસે પણ રહ્યા કરે કે હદીસમાં ફરમાવ્યું. **વઈન્ન લેઝૌજેકા અલૈકાહકકન** અર્થ : તારી પત્ની નો તારી પર હક છે. દરરોજ રાત્રી જાગરણ અને રોઝા રાખવામાં તેનો હક ઝુંટવાય છે. રહ્યું એ કે તેની પાસે રહેવાની શું મુદ્દત છે તેના સંબંધે એક રિવાયતએ છે કે ચાર દિવસમાં એક દિવસ તેના માટે અને ત્રણ દિવસ

ઇબાદત માટે અને સહીહએ છે કે તેને હુકમ આપવામાં આવે કે, પત્નીનો પણ ખ્યાલ રાખે તેના માટે પણ થોડાક સમય આપે અને તેની માત્રા પતિના સંબંધ છે. (જવહરહ, ખાનિયહ)

**મસ્અલા (૩) :** નવી અને જુની, કુવારી અને સૈયિબ, તંદુરસ્ત અને બીમાર, હામેલા અને ગેર હામેલા અને તેનાબાલિગ જે સંભોગ યોગ્ય હોય, હૈઝ તથા નિફાસવાળા અને જેનાથી ઇલા અથવા ઝિહાર (પત્નીને માં બહેન જેવી કહેવું) કર્યું હોય અને જેને રજઇ તલાક આપી અને રજઅતનો ઇરાદો હોય અને એહરાવાળી અને તે મજનુના (પાગલ) જેનાથી ઇઝા નો ડર ન હોય, મુસ્લિમા અને કિતાબીયા સૌ બરાબર છે. સૌના વારા બરાબર હશે. એવીજ રીતે પુરૂષ ઇન્નની (ઇન્દ્રી કપાએલા) અથવા ખસ્સી, બીમાર હોય કે તંદુરસ્ત, બાલિગ હોય કે ના બાલિગ સંભોગ યોગ્ય, આ સૌનો એક હુકમ છે .(આલમગીરી)

**મસ્અલા (૪) :** એક પત્ની, કનીઝ (દાસી) છે. બીજી આઝાદ છે તો આઝાદ માટે બે દિવસ અને બેરાતો છે અને કનીઝ માટે એક દિવસ રાત અને જો તે સ્ત્રી પાસે જે કનીઝ છે એક દિવસ રાત રહી ચુક્યો હતો કે, આઝાદ થઈ ગઇ તો આઝાદની પાસે ચાલ્યો જાય એવીજ રીતે આઝાદની પાસે એક દિવસરાત રહી ચુક્યો હતો હવે કનીઝ આઝાદ થઇ ગઇ તો કનીઝ પાસે ચાલ્યો જાય કે હવે તેના ત્યાં બે દિવસ રહેવાનું કોઇ કારણ નથી. જે કનીઝ તેના માલિકી પણામા છે તેના માટે વારો નથી. (આલમગીરી)

**મસ્અલા (૫) :** વારામાં રાતનો એતબાર છે. માટે એકની રાતમાં બીજીના ત્યાં વગર જરૂરતે જઇ શકતો નથી દિવસમાં કોઇ હાજત માટે જઇ શકે છે. અને બીજી પત્ની બીમાર છે તો તેની ખબર કાઢવા રાતમાં પણ જઇ શકે છે અને બીમારી તિવ્ર છે તો તેના ત્યા પણ રહી શકે છે અર્થાત જ્યારે તેના ત્યાં એવું કાંઇ ન હોય જેનાથી તેનુ મન રાજી થાય અને તીમારદારી (સેવા-પરિચર્યા) કરે, એકનાવારામાં બીજીથી દિવસમાં પણ સંભોગ કરી શકતો નથી. (જવહરહ, નીરહ)

**મસ્અલા (૬) :** રાતમાં કામ કરે છે દા.ત. પહેરો આપવાની નોકરી છે તો વારા દિવસમાં મુકર્રર કરે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૭) :** એક પત્નીના ત્યાં સુર્યાસ્ત પછી આવ્યો બીજીને ત્યાં ઇશા ના સમય પછી આવ્યો તો વારાની વિરુધ્ધ થયું, અર્થાત રાતનો ભાગ બંને પાસે બરાબર ખરચવો જોઇએ. દિવસમાં બરાબરી જરૂરી નથી. એકની પાસે દિવસનો અધિક ભાગ વિતાવ્યો બીજી પાસે ઓછો તો તેમાં વાંધો નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૮) :** પતિ બીમાર થયો અને પત્નીઓના મકાનો ઉપરાંત પણ તેનું કોઇ મકાન છે અને એજ ઘરમાં છે તો દરેકને તેના વારા પ્રમાણે તે મકાનમાં બોલાવે અને જો તેઓ પૈકી કોઇના મકાનમાં છે તો બીજીના વારામાં તેના ઘેર ચાલ્યો જાય અને જો એટલી શક્તિ નથી કે બીજીના ત્યાં જઇ શકે તો આરોગ્ય પ્રાપ્ત થયા પછી બીજીના ત્યાં એટલાજ દિવસ થોભે જેટલા દિવસ બીમારીમાં તેણીનાં ત્યાં હતો.(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૯) :** પતિનેએ અખત્યાર છે કે એક એક દિવસનો વારો મુકર્રર કરે અથવા ત્રણ ત્રણ દિવસનો બલ્કે એક એક અઠવાડીયાના વારા પણ મુકર્રર કરી શકે છે અને એ પણ પતિનેજ અખત્યાર છે કે શરૂ કોના પાસેથી કરે. એક અઠવાડીયાથી વધુ રહે નહી અને જો એકની પાસે જે મુકર્રર કર્યું છે તેનાથી અધિક રહ્યો તો બીજીની પાસે પણ એટલાજ દિવસ રહે. (દુર્રે મુખ્તાર,રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૦) :** જ્યારે સૌ પત્નીઓના વારાપૂરા થઇ ગયા તો કેટલાક દિવસ, તેઓ પૈકી કોઇની પાસે ન રહે બલ્કે કોઇ કનીઝની પાસે રહેવા અથવા એકલા રહેવાનો પતિને અખત્યાર છે અર્થાત એ જરૂરી નથી કે નિત્ય માટે કોઇ ને કોઇ ના ત્યાં રહે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૧) :** એક પત્ની પાસે મહીના ભર રહ્યો અને બીજી પાસે ન રહ્યો તેણે દાવો કર્યો તો આઇન્દા માટે કાઝી (ન્યાયાધીસ) હુકમ આપશે કે બંને પાસે બરાબર-બરાબર રહે અને પહેલા જે એક મહીનો રહી ચુક્યો છે તેનો બદલો નથી, જો કે ઇન્સાફ ન કરવાથી ગુનેગાર થયો અને કાઝીના મના કરવા છતાં ન માને તો સજાનો હક્કદાર છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૨) :** પ્રવાસે જવામાં વારો નથી બલ્કે પતિને અખત્યાર છે જેને ચાહે પોતાની સાથે લઇ જાય અને સારૂં એ છે કે કુર્અા નાખો. જેનુ નામનિકળે તેને લઇ જાય અને

પ્રવાસથી પાછા ફર્યા પછી બીજી પત્નીઓને એ હક્ક નથી કે તેની માંગણી તરે કે જેટલા દિવસ પ્રવાસમાં રહ્યો તેટલાજ દિવસો તેણીઓની પાસે રહે બલ્કે હવેથી વારો મુકર્રર થશે. (જવહરહર) પ્રવાસથી મુરાદ સરઇ પ્રવાસ છે જેનું બયાન નમાઝ પ્રકરણમાં આવી ગયું છે. ઉર્ફે આમમાં પરદેશમા રહેવાને પણ સફર (પ્રવાસ) કહે છે એ મુરાદ નથી.

**મસ્અલા (૧૩)** : પત્નીને અખત્યાર છે કે પોતાનો વારો શોક્ય ને હિબા (ભેટ) કરીદે અને હિબા કરી દીધા પછી પાછોલેવા ઇચ્છે તોપાછો લઇ શકે છે. (જવહરહ વિગેરે)

**મસ્અલા (૧૪)** : બે સ્ત્રીઓથી નિકાહ કર્યો એ શર્તે કે એકના ત્યાં વધું રહેશે અથવા સ્ત્રીએ કેટલોક માલ આપ્યો અથવા મહેરમાંથી થોડુક ઓછું કરી દીધું કે તેની પાસે વધુ રહે અથવા પતિએ એકને માલ આપ્યો કે તેણી પોતાનો વારો શોકને આપીદે અથવા એક ઔરતે બીજીને માલ આપ્યો કે તેણી પોતાનો વારો તેને આપીદે, આ સઘળી સૂરતો બાતલ છે અને જે માલ આપ્યો છે પાછો મળશે.(આલમગીરી)

**મસ્અલા (૧૫)** : સંભોગ અથવા ચુંબન દરેક પ્રકારની લાભ પ્રાપ્તિ સૌ પત્નીી સાથે એકસરખું કરવું મુસ્તહબ છે, વાજિબ નથી. (ફતૂહુલ કદીર)

**મસ્અલા (૧૬)** : એક મકાનમાં બે અથવા કેટલીક સ્ત્રીઓને એકત્ર નકરે અને જો પત્નીઓ એક મકાનમાં રહેવા માટે પોતે રાજી હોય તો રહી શકે છે, પરંતુ એકની સામે બીજીથી સંભોગ કરે નહી, જો એવા પ્રસંગે પત્નીએ ઇન્કાર કરી દીધો તો ના ફરમાન ઠેરવવામાં આવશે નહિ. (આલમગિરિ)

**મસ્અલા (૧૭)** : પત્નીને જનાબત તથા હૈઝ તથા નિફાસ પછી નહાવા માટે મજબુર કરી શકે છે પરંતુ કિતાબીઆ પત્ની હોય તો બળજબરી નથી, ખૂશબૂનો ઉપયોગ કરવા અને નાફ (ડુંટી) ની નીચેવાળાં વાળ સાફ કરવા માટે પણ મજબૂર કરી શકે છે અને જે વસ્તુની વાસથી તેને નફરત છે દા.ત. કાચું લસણ, કાચી ડુંગરી મુળો વિગેરે ખાવા, તમાકુ ખાવા, હુક્કો પીવા માટે મનાઇ કરી શકે છે બલ્કે દરેક ઉચિત વસ્તુ જેનાથી પતિ મના કરે પત્ની એ તેનું માનવું વાજિબ છે. (આગમગીરી, રદદુલમુહતાર)

**મસ્અલા (૧૮)** : પતિ-બનાવ-શણગાર માટે કહે છે તેણી કરતી નથી અથવા તે પોતાની પાસે બોલાવે છે અને તે જતી નથી આ સ્વરૂપમા પતિને મારવાનો પણ હકક છે અને નમાઝ પઢતી નથી તો તલાક આપવું જાઇઝ છે જો કે મહેર અદા કરવા શક્તિમાન ન હોય તો પણ (આલમગીરી)

**મસ્અલા (૧૯)** : ઔરતે મસ્અલા પુછવાની જરૂરત હોય તો જો પતિ આલિમ હોય તો તેને પુછી લે અને આલિમ નથી તો તેને કહે કે તે પુછી આવે અને આ સુરતોમાં તેને પોતે આલિમના ત્યાં જવાની ઇજાઝત નથી અને આ સુરતો ન હોય તો જઇ શકે છે, (આલમગીરી)

**મસ્અલા (૨૦)** :ઔરતનો બાપ લુંલો લંગડો હોય અને તેની દેખરેખ રાખનાર કોઇ નથી તો ઔરત તેની ખિદમત માટે જઇ શકે છે ભલે પતિ મના કરતો હોય તો પણ. (આલમગીરી)

## પતિ-પત્નીની હક્કો

આજકાલ આમ શિકાયત છે કે પતિ-પત્નીમાં કુસંપ છે. પુરૂષોને સ્ત્રીની શિકાયત છે તો સ્ત્રીને પુરૂષોની. દરેક બીજાના માટે માથાનો દુ:ખાવો છે અને જ્યારે સંપ ન હોય તો જીંદગી કડવી અને પરિણાં બહુજ ખરાબ, પરસ્પરનો કુસંપ દુનિયાની ખરાબી ઉપરાંત દીનની ખરાબી-બરબાદી કરનાર હોય છે અને આ કુસંપની ખરાબ અસર તેમના સુધીજ મર્યાદીત નથી રહેતી બલ્કે ઔલાદ પર પણ અસર પડે છે. ઔલાદના દિલમાં ન બાપનો અદબ રહે છે ન માની ઇઝઝત આકુસંપનું મોટુ કારણ એ છે કે ઉભય પક્ષમા દરેક બીજાના હક્કોનો લેહાઝ રાખતા નથી. અને પરસ્પર રવાદારી (ઉદારતા)થી કામ લેતા નથી પુરૂષ ઇચ્છેછે કે પત્નીને બાંદી (દાસી) કરતા બદતર બનાવીને રાખે અને સ્ત્રી ઇચ્છે કે પુરૂષ મારો ગુલામ રહે, હું જે ઇચ્છુ તે થાય ભલે ગમે તે થઇ જાય પરંતુ વાતમાં તફાવત ન આવે (મારી વાત પુરી થવી જોઇએ) જ્યારે આવા ફાસિદ વિચારો ઉભય પક્ષમાં પૈદા થશે તો કેવી રીતે નભશે ? રાત-દિવસ ની લડાઇ અને દરેકના અખલાક તથા આદતમાં બુરાઇ અને ઘરની બરબાદી તેનુંજ પરિણામ છે. કુર્આન મજિદમાં જેવી રીતે એહુકમ આવ્યો છે કે **"અર્રિજાલો કાવ્વામુના અલન્નિસાએ"** જેનાથી પુરૂષોની મહત્તા મોટાઇ જાહેર થાય છે એવીજ રીતે એ પણ ફરમાવ્યું છે કે વ **આશિરૂ હુન્ના**

**બિલમઅ રૂફ''** જેનો સ્પસ્ટ મતલબ છે કે, ઔરતો સાથે સારી વર્તણુક કરો. આ પ્રસંગે અમે કેટલીક હદીસોનો ઉલ્લેખ કરીએ છીએ જેનાથી દરેકના હક્કોની ઓળખ પ્રાપ્ત થાય પરંતુ પુરૂષોએ જોવુ જોઇએ કે તેના માથે પત્નીના શુહક્કો છે તેને અદાકરે અને પત્ની પતિના હક્કો જુએ અને પુરાકરે. એવુ ન થાય કે દરેક પોતાના હક્કોની માંગણી કરે અને એજ ફસાદ-ઝઘડાનું મૂળ છે અને એ બહુજ જરૂરી છે કે દરેક બીજાની નિરર્થક વાતોની સહન શિલતા રાખે અને જો કાંઇ પ્રસંગે સામા પક્ષથી અન્યાય થાય તો ઝઘડા માટે તત્પર ન થાય કે એવા પ્રસંગે હઠ પૈદા થઇ જાય છે અને સુધરેલી વાત બગડી જાય છે.

**હદીસ (૧) :** હાકિમે ઉમ્મુલમોમેનીન બીબી આઇશા સિદીકા રદીયલ્લાહો અન્હાથી રિવાયત કરી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમેં ફરમાવ્યું :- **"ઔરત (પત્ની) પર સૌ આદમી ઓ કરતાં અધિક હકક તેના પતિનો છે અને પુરૂષ પર તેની માંનો.**

**હદીસ (૨ થી ૫) :** નિસાઇ અબૂહુરૈરહ રદીયલ્લાહો અન્હોથી અને ઇમામ અહમદ મઆઝથી અને હાકિમ બુરૈરહ રદીયલ્લાહો અન્હુમથી રાવી કે રસુલુલ્લાહહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : **"જો હું કોઇ શખ્સ ને કોઇ મખલુક માટે સિજદો કરવાનો હુકમ આપતો તો ઔરતને હુકમ આપતો કે તેણી પોતાના પતિ ને સિજદો કરે''** તેના જેવું જ અબુદાઉદ અને હાકિમની રિવાયત કેસબિન સઅદ રદીયલ્લાહો અન્હોથી છે. તેમાં સિજદાનું કારણ પણ બયાન કર્યું કે, અલ્લાહ તઆલાએ પુરૂષો ના હકક ઔરતોના માથે કરી દીધો છે.

**હદીસ (૬) :** ઇમામ અહમદ ઇબ્નેમાજા તથા ઇબ્ને હબ્બાન અબ્દુલ્લાહ બિનઅબી ઔફા રદીયલ્લાહો અન્હોથી રાવીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જો હુ કોઇને હુકમ આપતો કે ગેરેખુદામાટે સિજદો કરો તો હુકમ આપતો કે ઔરત પોતાના પતિને સિજદો કરે કસમ છે તેની જેના કબજએ કુદરતમાં મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો પ્રાણ છે. ઔરત પોતાના પરવરદિગારનો હકક અદા ન કરશે જ્યાં સુધી પતિના તમામ હક્ક અદાન કરે.

**હદીસ (૭) :** ઇમામ અહમદ અનસરદીયલ્લાહો અન્હોથી રાવી, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે જો આદમીનો આદમી માટે સિજદો કરવું ઠીક હોય તો હું ઔરતને હુકમ આપતો કે, પોતાના પતિને સિજદો કરે કે, તેના માથે બહુ મોટો હકક છે કસમ છે તેની જેના કબજામાં મારો પ્રાણ છે જો કદમ થી મસ્તક સુધી પતિના સઘળા શરીરમાં ઝખમ હોય, જેમાંથી પીપ અને લોહી વહેતું હોય, પછી પત્ની તેને ચાટે તો પતિ તરીકેનો હક અદા ન કર્યો.

**હદીસ (૮) :** સહીહૈનમાં અબૂહુરેયરહ રદી યલ્લાહો અન્હોથી મરવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, પતિએ પત્નીને બોલાવી, તેણે ઇન્કાર કરી દીધો અને તેણે ગુસ્સામાં રાત વિતાવી તો સવાર સુધી તે પત્ની પર ફરિશ્તા લાનત મોકલતા રહે છે. અને બીજી રિવાયતમાં છે કે જ્યાં સુધી પતિ તેનાથી રાજી ન થાય અલ્લાહ અઝવજલ્લ તે ઔરતથી નારાજ રહે છે.

**હદીસ (૯) :** ઇમામ અહમંદ તિરમીઝી તથા ઇબ્ને માજા મુઆઝ રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુ " જ્યારે ઔરત પોતાના પતિને દુનિયામાં ઇઝા આપે છે તો હુરો કહે છે. ખુદા તને કતલ કરે તેને ઇઝા ન પહોચાડ, તે તો તારા પાસે મહેમાન છે. નિકટમાંજ તારાથી જુદો થઇને અમારા પાસે આવશે.

**હદીસ (૧૦) :** તિબ્રાની મુઆઝ રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું ઔરત ઇમાનની મઝા ન પામશે જ્યાં સુધી પતિનો હક્ક અદા ન કરે.

**હદીસ (૧૧) :** તિબ્રાની મયમુના રદીયલ્લાહો અન્હાથી રાવી કે આપે ફરમાવ્યું : જે ઔરત ખુદાની ઇતાઅત (તાબેદારી) કરે અને પતિનો હક્ક અદા કરે અને તેને જે નેક કામની યાદ દેવડાવે અને પોતાની અસમત (સ્વીકાર્ય) અને તેના માલમાં ખયાનત ન કરે તો તેના અને શહીદોની વચ્ચે જન્નતમાં એક દરજ્જો ફરક હશે. પછી તેનો પતિ ઇમાન વાળો નેક આદત વાળો છે તો જન્નતમાં તેની પત્ની છે, નહી તો શોહદામાંથી કોઇ તેનો પતિ હશે.

**હદીસ (૧૨) :** અબૂદાઉદ, તયાલસી તથા ઇબ્ને અસાકિર ઇબ્ને ઉમર રદીયલ્લાહો અન્હોમાંથી રાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે પતિનો હક્ક ઔરત પર એ છે કે પોતાના નફસને તેનાથી

રોકે નહી. અને સિવાય ફરજના કોઇ દિવસ તેની ઇજાઝત વગર રોઝો ન રાખે. જો એવું કર્યુ અર્થાત તેના ઇજાઝત વગર રોઝો રાખી લીધો તો ગુનેહગાર થઇ. અને તેની ઇજાઝત વગર તેનો કોઇ અમલ મકબુલ (સ્વીકાર્ય) નથી, જો ઔરતે કરી લીધો તો પતિને સવાબ છે અને ઔરત પર ગુનોહ, ઇજાઝત વગર તેના ઘેરથી જાય નહી. જો એવુ કર્યુ તો જ્યાં સુધી તૌબા ન કરે અલ્લાહ અને ફરિશ્તા તેના પર લાનત કરે છે. અરજ કરવામાં આવી. જો પતિ ઝાલિમ હોય તો. આપે ફરમાવ્યું : જો કે ઝાલિમ હોય તો પણ.

**હદીસ (૧૩) :** તિબ્રાની તમીમદારી રદીયલ્લાહો અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું ઔરત પર પતિનો હક્ક છે કે તેની પથારીનો ત્યાંગ ન કરે અને તેના સોગંદને સાચો ઠેરવે અને તેની પરવાનગી વગર બહાર જાય નહી અને એવા શખ્સને મકાનમાં આવવા ન દે. જેનું આવવું પતિને પસંદ ન હોય.

**હદીસ (૧૪) :** અબુનઇમ અલી રદીયલ્લાહો અન્હોથી રાવી કે, ફરમાવ્યું-અય ઔરતો ! ખુદાથી ડરો અને પતિની રજા મંદી ની શોધમાં રહો. એટલા માટે કે જો ખબર હોત કે પતિનો શું હક્ક છે તો જ્યાં સુધી તેની પાસે (સમક્ષ) ભોજન હાજર રહેતું તે ઉભી રહેતી.

**હદીસ (૧૫) :** અબૂનઇમ "હુલીયહ" માં અનસ રદીયલ્લાહો અન્હોથી રાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું ઔરત જ્યારે પાંચે નમાઝો પઢે અને રમઝાનના મહીનાના રોઝા રાખે અને પોતાની અસ્મત (સતીત્વ) નું રક્ષણ કરે અને પતિની ઇતાઅત (આજ્ઞાપાલન) કરે તો જન્નતના જે દરવાજાથી ઇચ્છે દાખલ થાય.

**હદીસ (૧૬) :** તિરમીઝી ઉમ્મુલ મોમેનીન ઉમ્મેસલમાં રદીયલ્લાહો અન્હાથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે જે ઔરત એ હાલમાં મરી કે પતિ રાજી હતો તે જન્નતમાં દાખલ થશે.

**હદીસ (૧૭) :** બયહકી "શોઅબૂલ ઇમાન" માં જાબિર રદીયલ્લાહો અન્હોથી રાવી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, ત્રણ શખ્સ છે જેમની નમાઝ કબૂલ થતી નથી અને તેમની કોઇ નેકી બુલંદ થતી નથી. (૧) નાઠેલો ગુલામ જ્યાં સુધી પોતાના માલિકો પાસે પાછો ન ફરે અને પોતાને તેમના કાબૂમાં ન આપી દે. (૨) તે ઔરત જેનો પતિ તેના પર નારાજ છે. અને (૩) નશાવાળો જ્યાં સુધી હોશમાં ન આવે.

આ કેટલીક હદીસો પતિના હક્કો વિષેની રજુ કરવામાં આવી. ઔરતો પર લાઝિમ છે કે પતિના હક્કોનું રક્ષણ કરે અને પતિને નારાજ કરીને અલ્લાહ તઆલાની નારાજગીનો વબાલ પોતાના માથે લે નહી. કે તેમાં દુનિયા તથા આખેરત બંનેની બરબાદી છે, ન દુનિયામાં ચેન ન આખેરતમાં રાહત, હવે એવી કેટલીક હદીસોનો ઉલ્લેખ કરવામાં આવે છે કે પુરૂષોએ ઔરતો સાથે કેવી રીતે વર્તવું જોઇએ, પુરૂષો પર જરૂરી છે કે તેમનો લેહાઝ કરે અને આ **ઇરશાદાતે આલીયા** ની પાબંદી કરે.

**હદીસ (૧૮) :** બુખારી તથા મુસ્લિમ અબૂહુરયરહ રદીયલ્લાહો અન્હોથી રાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : ઔરતો વિષે ભલાઇ કરવાની હું વસીયત કરૂં છું તમે મારી આ વસીયતને કબુલકરો, તેઓ **પાંસળી થી** પૈદા કરવામાં આવી છે અને પાંસળીઓમાં સૌથી અધિક વાંકી ઉપરવાળી પાંસળી છે. જો તું તેને સીધી કરવા જશે તો તોડી નાખીશ અને જો યથાવત રહેવા દઇશ તો વાંકી બાકી રહેશે. અને મુસ્લિમ શરીફની બીજી રિવાયત છે કે ઔરત પાંસળી થી પૈદા કરવામાં આવી તે તારા માટે ક્યારેક સીધી થઇ શકતી નથી, જો તું તેને વર્તવા ઇચ્છેતો એજ હાલતમાં વર્તી શકે છે અને સીધી કરવા ઇચ્છેતો તોડી નાખીશ અને તે તોડવું તલાક આપવું છે.

**હદીસ (૧૯) :** સહીહ મુસ્લિમમાં તેમનાથીજ મરવી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું- મુસલમાન પુરૂષ મોમિના ઔરતને નફરતશીલ ન રાખે. જો તેની એક આદત ખરાબ જણાય છે તો બીજી પસંદ યોગ્ય હશે. અર્થાત સઘળી આદતો ખરાબ ન હશે જ્યારે કે સારી ખોટી દરેક પ્રકારની વાતો હશે તો પુરૂષે તેની ખરાબ આદતોજ ન જોતા રહેવું જોઇએ બલ્કે ખરાબ આદતોની ઉપેક્ષા કરે અને સારી આદત પ્રતિ દ્રષ્ટિપાત કરે.

**હદીસ (૨૦) :** હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું - **તમારામાં સારા તે લોકો છે જે ઔરતોથી સારી રીતે વર્તણુક કરે.**

**હદીસ (૨૧) :** સહીહૈનમાં અબ્દુલ્લાહબિન ઝમોઆ રદીયલ્લાહો અન્હોથી મરવી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો

અલયહે વસલ્લમે ફરમાવ્યું- કોઇ શખ્સ પોતાની પત્નીને મારે નહી જેવી રીતે ગુલામને મારે છે. પછી બીજા સમયે તેનાથી મુજામેઅત (સમાગમ) કરશે બીજી રીવાયત છે. ઔરતને ગુલામની જેમ મારવાનો નિર્ણય કરે છે (અર્થાત એવું ન કરે) કે કદાચ બીજાં સમયે તેને પોતાની સહશૈયા કરે. અર્થાત દામ્પત્યનાં સંબંધો એવા પ્રકારના છે કે દરેકને બીજાની હાજત અને પરસ્પર એવો વહેવાર કે તેમનો ત્યાગ કરવું મુશ્કેલ છે. માટે જે આ વાતનો ખ્યાલ કરશે મારવાનો હરગિઝ નિર્ણય ન કરશે.,

## શાદીના રિવાજો

શાદીઓમાં જાતજાતના રિવાજો વર્તવામાં આવે છે દરેક દેશમાં નવા રિવાજ દરેક કોમ તથા ખાનદાનના રિવાજ અને તરીકા (પ્રથાઓ) વિભિન્ન છે જે રિવાજો આપણાં દેશમાં પ્રચલિત છે તેઓ પૈકીના કેટલાકનો ઉલ્લેખ કરવામાં આવે છે.

રિવાજોનો પાયો પ્રસિધ્ધિ પર છે. અને કોઇ સમજતુ નથી કે શરઅન વાજિબ અથવા સુન્નત અથવા મુસ્તહબ છે. માટે જ્યાં સુધી કોઇ રિવાજની મનાઇ શરીઅતથી સાબિત ન થાય ત્યાં સુધી તેને હરામ તથા ના જાઇઝ કહી શકતા નથી ખેચીં તાણીને મમનુઅ (મનાઇ ફરમાવેલ) ઠેરવવું અત્યાચાર છે, પરંતુ એ અવશ્ય છે કે રિવાજની પાબંદી એ હદ સુધી કરી શકે છે કે, કોઇ હરામ ફેલ (કાર્ય) માં સંડોવાય નહી. કેટલાક લોકો એટલા પ્રમાણમાં પાબંદી કરે છે કે, નાજાઇઝ ફેલ કરવું પડે તો પડે પરંતુ રિવાજ છોડવું પસંદ નથી. દા.ત. છોકરી જવાન છે અને રિવાજ અદા કરવા માટે રૂપીયા નથી તો એમ થશે નહીં કે રિવાજ છોડી દે અને નિકાહ કરી દેકે ભાર મુક્ત થાય અને ફિત્નાનો દરવાજો બંધ થાય હવે રિવાજ પૂરો કરવા ભિખ માંગવા જાત જાતના વિચારો કરે છે. એ ખ્યાલમાં કે ક્યાંથી મળી જાય તો શાદી કરે. આમાં વર્ષો પસાર કરીદે છે અને કેટલીએ ખરાબી પૈદા થઇ જાય છે. કેટલાક લોકો કરજ લઇને રિવાજ પરિપુર્ણ કરે છે. આ ઉધાડા મુફલિસને કોણ કરજ આપે. પછી જ્યારે આવી રીતે કરજ ન મળ્યું તો વાણિયાઓ પાસે ગયા અને વ્યાજી કરજ લેવાનો ટાઇમ આવ્યો, વ્યાજ લેવું જેવી રીતે હરામ એવી રીતે આપવું પણ હરામ છે. હદીસમાં બંને માટે લાનત આવી છે. અલ્લાહ તથા રસૂલની લાનતના હકદાર થાય અને શરીઅતની વિરૂધ્દ્ર તા કરે છે, પરંતુ રિવાજ છોડવું પસંદ કરતા નથી પછી જો બાપદાદાની કમાણીઓની કોઇ મિલ્કત છે તો તેને વ્યાજ કરજમાં ગીરવી મુક્યું નહી તો રહેવાની ઝુંપડીજ ગીરવી મુકી થોડાક દિવસોમાં વ્યાજનું પૂર સૌને વહાવી ગયું મિલ્કત લિલામ થઇ ગઇ ઘરવાણીયા (લેણદાર) ના કબ્જામાં ગયું. દરબદર માર્યા માર્યા ફરે છે. ન ખાવાનું ઠેકાણું ન રહેવાનુ ઠેકાણું.

આવા દ્રષ્ટાંતો દરેક જગ્યાએ અધિકતાથી જોવા મળશેકે એવાજ બિનજરૂરી વ્યર્થોના કારણે મુસલમાનોની અધિકાંશ મિલ્કતો વ્યાજના ભેટ ચઢી ગઇ. પછી લેણીયાતોના તકાઝા અને તેના દમનકારી લહેજાથી વધી ઘટી ઇઝઝત પર પણ પામી ફરી વળે છે આ સઘળી તબાહી-બરબાદી આંખોથી જોઇ રહ્યા છે પરંતુ હજું પણ ઇબ્રત આવી નથી અને મુસલમાન પોતાનો ફુઝુલ (વ્યર્થ) ખર્ચાઓથી અટકતા નથી. એજ નહી કે એટલા પરજ બસ થયું. તેની ખરાબીઓ આ જિંદગીમાંજ દુનિયા સુધી મર્યાદિત નથી. બલ્કે આખેરતનો વબાલ અલગ છે.સહીહ હદીસ અનુસારં લાનતનો અધિકાર (અલ્લાહ બચાવે) અકસર જાહિલોમાં રિવાજ છે કે, મહોલ્લા અથવા સગાંઓની ઔરતો ભેગી થાય છે અને ગાય-બજાવે છે આ હરામ છે કે, પ્રથમતો ઢોલ વગાડવુજ હરામ છે પછી ઔરતોનુ ગાંવુ. વધારામાં ઔરતનો અવાઝ ના મહરમોને પહોચવું અને તે પણ ઇશ્કીયા ફહેશ ગીતો ગાવા, જે ઔરતો પોતાના ઘરોમાં જોરથી વાત કરવું પસંદ કરતી નથી તે ઘરથી બહાર અવાઝ જવાને દુષિત સમજે છે, આવા પ્રસંગે તેઓ પણ શરીક થઇ જાય છે જાણે તેમના નેઝદીક ગાવું કોઇ ઐબજ નથી કેટલાએ દુર સુધી અવાઝ જાય કાંઇ વાંધો નથી, તદ ઉપરાંત એવા ગીતોમાં જવાન જવાન કુવારી છોકરીઓ પણ હોય છે તેમનું આવા ઇશ્કીયા અશઆર (પંક્તિઓ) ગાવું અથવા સાંભળવું કેટલી હદે તેમના લુત્ત જોશને ઉભારશે અને કેવાકેવા વલવલા પૈદા કરશે અને અખ્લાક તથા આદાત પર ત્ની ક્યાં સુધી માંઠી અસર પડશે, આ વાતો એવી નથી જેને સમજાવવાની જરૂરત હોય અને સાબિતિઓ રજુ કરવાની જરૂર હોય.

૯ તદ ઉપરાંત એજ સંબંધમાં રાત જગો પણ છે કે રાત ભર ગાય છે અને ગુલગુલા પાકે છે. સવારે મસ્જિદમાં

તાક (ગોખલો) ભરવા જાય છે. આ કેટલીએ ખરાબીઓ પર આધારિત છે. નિયાઝ ઘરમાં પણ થઇ શકે છે, અને જો મસ્જિદમાંજ થાય તો પુરૂષ લઇ જઇ શકે છે. ઔરતોની શું જરૂરત પછી જો આ રિવાજ અદા કરવા માટે ઔરતોજ હોવું જરૂરી હોય તો આ ટોળાની શું જરૂરત પછી જવાનો અને કુવારીઓનું તેમાં શરીક થવું અને નામહરમોની સામેથી જવાની બહાદુરી કેટલા પ્રમાણમાં મુર્ખતા છે. વળી કેટલાક સ્થળે એ પણ જોવામાં આવ્યું કે આ રિવાજ અદાકરવા માટે જાય છે તો જોર શોરથી ગાવા બજાવવા સાથે જાય છે. એજ શાનથી મસ્જિદ સુધી પહોંચે છે. હાથમાં એક દીવો હોય છે આ સઘળું ના જાઇઝ જ્યારે સવાર થઇ ગયું તો પછી દીવાની શું જરૂરત અને જો દીવાની હાજત છે તો માટીનો પુરતો છે આટાનો દીવો બનાવવો અને તેલની જગ્યાએ ઘી બાળવું ફુઝુલ ખર્ચીછે.

દુલ્હા-દુલ્હનને બટના લગાવવું પીઠીએ ચોકીપર વેસાડવું જાઇઝ છે તેમા કોઇ વાધો નથી. દુલ્હાને મહેદી લગાડવું ના જાઇઝ છે એવીજ રીતે કંગના (તે દોરો જે દુલ્હાના કાંડે બાંધવામા આવે છે.) બાંધવુ અને દાલબરી (બરીમાં કપડા મોકલે છે તે રિવાજ) ના રિવાજના કપડાં વિગેરે મોકલવામાં આવે છે તે જાઇઝ છે. દુલ્હાને રેશમી કપડા પેહરાવવું હરામ છે એવીજ રીતે મુગર્રક બુટ પણ ના જાઇઝ અને શુધ્ધ ફુલોનો શહેરો જાઇઝ છે. વગર કારણે મમનુઅ(મના)કહી શકતો નથી. નાચ ,વાજા, આતશબાઝી હરામ છે, તેની હુરમત (નિષેધ) થી કોણ વાકેફનથી પરંતુ કેચલાક લોકો એવા તલ્લીન હોય છે કે આ ન હોય તો જાણે શાદીજ થઇ નહી. બલ્કે કેટલાક તો એટલા બેબાક (બેશરમ) હોય છે કે જો શાદીમાં આ નિષેધ કરેલી વાતો નહોય તો તેને ગમી અને જનાઝાથી સરખામણી અને તઅબીર કરે છે,

એ ખ્યાલ કરતા નથી કે એકતો ગુનોહ અને શરીઅતની વિરૂધ્ધતા છે. બીજું માલ નષ્ટ કરવું છે. ત્રીજુ સઘળા તમાશાઇઓના ગુનાહ એજ કારણો છે અને સૌના સઘળા ગુનાહોની બરાબર તેના પર ગુનાહોનો ભાર આતશબાજીમાં ક્યારેક કપડાં બળે છે. ક્યારેક કોઇના મકાન અથવા છાપરામાં પણ આગ લાગી જાય છે. કોઇ બળી જાય છે, નાચમાં જે ફહશ બેહયાઇ તથા બદકારી અને ચરિત્ર નાશક વાતોનું સંમેલન છે તેને બયાન કરવાની હાજત નથી બધાજ જાણે છે. એવાજ પ્રકારની મજલિસોથી બહુધા નવ જવાનો આવારા થઇ જાય છે, ધન/દોલત બરબાદી કરી બેસે છે. બજારીઓથી સંબંધ અને ઘરવાળીથી નફરત પૈદા થઇ જાય છે. કેવા કેવા ભુંડા પરિણામ ઘટિત થાય છે. અને જો આ બેહુદા કાર્યોથી કોઇ સુરક્ષિત રહ્યો તો એટલુ તો અવશ્ય થાય છે કે હયા-લજ્જા તથા ગૌરવને અભરાઇએ ચઢાવીદે છે કેટલાક લોકોને ત્યાં સુધી સાંભળવામાં આવ્યું છે કે, પોતે પણ જુએ છે અને સાથે સાથે જવાન પુત્રોને દેખાડે છે. એવા નિર્લજ સમુદાયમાં બાપ-બેટાનું સાથે હાવું ક્યાં સુધી લજ્જા તથા ગૈરતનું પ્રદર્શન કરે છે.

શાદીમાં નાચ-વાજાનું હોવું કેટલાક લોકોના નઝદીક એટલું જરૂરી કાર્ય છે કે સગાઇ વખતે નક્કી કરી લે છે કે નાચ કરાવવો પડશે. નહી તો અમે શાદી કરીશું નહીં છોકરીવાળો એ વિચારતો નથી કે ખોટો અને વ્યર્થ ખરચ ન થાય તો તેની ઔલાદને કામ આવશે. એક ક્ષણીક ખુશીમાં આ સઘળું કરી લીધું પરંતુએ ન સમજ્યા કે, છોકરી જ્યાં પરણાવીનો મોકલવી ત્યાં હવે તેની પોતાની પુત્રીનું બેસવાનું પણ ઠેકાણું ન રહ્યું. એક ઘર હતું તે પણ વ્યાજમાં ગયું હવે તકલીફ થઇ તો પતિ-પત્નીમાં ઝઘડો થયો અને તેનો સિલસિલો લાંબો ચાલ્યો તો ખાસ્સું યુધ્ધ કાયમ થઇ ગયું, આ શાદી થઇ કે એલાનેજંગ, એમ માન્યું કે ખુશીનો પ્રસંગ છે અને લાંબા સમયની આરઝુ પછી આ દિવસ જોવાનો નસીબ થયો. બેશક ખૂશી કરો પરંતુ હદથી વધવું અને શરઇ હદોથી બહાર નિકળવું કોઇ બુધ્ધિશાળીનું કામ નથી.

**વલીમો સુન્નત છે. ઇત્તેબા એરસૂલની નિયતથી વલીમો કરે. સગાં-વહાલા અને બીજા મુસલમાનોને ખાણું ખવડાવો. સઘળા મુલમાનો પર લાઝિમ છે કે, પોતાના દરેક કામને શરીઅત અનુસાર કરે, અલ્લાહ તથા રસુલની વિરૂધ્ધતાથી બચે. તેમાંજ દીન તથા દુનિયાની ભલાઇ છે. વહુવા હસ્બી વ નેઅમલ્વકીલ વલ્લાહુ લ્મુસ્તઆનો વ અલૈહિતકલાન**

oooooooooooooooo